અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો વદ ૨
વર્ષ : ૧૬
અંક : ૮૦
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ લાંબા અંતરાલ પછી યોજાયેલી ચૂંટણીમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ

## સાંજે પાંચ વાગ્યા સુધી ૫૮.૧૯% મતદાન, કિશ્તવાડમાં સૌથી વધુ ૭૭.૨૩% મતદાન



। (એજન્સી) જમ્મુ, તા.૧૮ ।

જમ્મુ-કાશ્મીરની વિધાનસભા ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં બમ્પર ૫૮.૧૯ ટકા મતદાન નોંધાયું છે. કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ લાંબા અંતરાલ પછી યોજાયેલી ચૂંટણીમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ થતાં તંત્રએ પણ હાશકારો અનુભવ્યો છે. અહીં કિસ્તવાડમાં સૌથી વધુ ૭૭.૨૩ ટકા મતદાન યોજાયું છે.

**જાણો કંઈ બેઠકો પર કેટલું નોંધાયુ મતદાન**

અનંતનાગ - ૪૧.૫૮ ટકા, અનંતનાગ (પશ્ચિમ) - ૪૫.૯૩ ટકા, બનિહાલ - ૬૮ ટકા, ભદ્રવાહ - ૬૫.૨૭ ટકા, ડીએચ પોરા - ૬૫.૨૧ ટકા, દેવસર - ૫૪.૭૩ ટકા, ડોડા - ૭૦.૨૧ ટકા, ડોડા (પશ્ચિમ) - ૭૪.૧૪ ટકા

**નીચે - ૫૭.૯૦ ટકા**

ઈન્દરવાલ - ૮૦.૦૬ ટકા, કિશ્તવાડ - ૭૭.૨૩ ટકા, કોકરનાગ (ST) - ૫૮ ટકા

**કુલગામ - ૫૯.૫૮ ટકા**

પૈડર-નાગસેની - ૭૬.૮૦ ટકા, પહેલગામ - ૬૭.૮૬ ટકા, પંપોર - ૪૨.૬૭ ટકા, પુલવામા - ૪૬.૨૨ ટકા, રાજપોરા - ૪૫.૭૮ ટકા, રામબન - ૬૭.૩૪ ટકા

શંગસ - અનંતનાગ (પૂર્વ) - ૫૨.૯૪ ટકા

શોપિયાં - ૫૪.૭૨ ટકા, શ્રીગુફવારા-બિજબેહારા - ૫૬.૦૨ ટકા, ત્રાલ - ૪૦.૫૮ ટકા, ઝૈનાપોરા - ૫૨.૬૪ ટકા

પ્રથમ તબક્કાના મતદાન માટે સુરક્ષા દળો અને એજન્સીઓ દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત ચૂંટણી પંચે વિસ્થાપિત કાશ્મીરી પંડિતો માટે પણ ખાસ વ્યવસ્થા કરી હતી. દિલ્હી, જમ્મુ અને ઉધમપુરમાં વિસ્થાપિત કાશ્મીરી પંડિતો માટે વિશેષ મતદાન કેન્દ્રો બનાવવામાં આવ્યા હતા. વિસ્થાપિત કાશ્મીરી પંડિતો માટે દિલ્હીમાં ચાર, જમ્મુમાં ૧૯ અને ઉધમપુરમાં એક વિશેષ મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીરમાં કુલ ત્રણ તબક્કામાં મતદાન થવાનું છે. પ્રથમ તબક્કામાં આજે (૧૮મી સપ્ટેમ્બર) બમ્પર મતદાન થયું છે. જ્યારે બીજા તબક્કામાં ૨૫ સપ્ટેમ્બરે અને ત્રીજા તબક્કામાં પહેલી ઓક્ટોબરે મતદાન થવાનું છે. આ તમામ તબક્કાના પરિણામો ૮ ઓક્ટોબરે આવશે. ૯૦ બેઠકો ધરાવતી વિધાનસભામાં ૧૩ મુખ્ય પક્ષોએ ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું છે. પ્રાદેશિક પક્ષોમાં મહેબૂબા મુફતીની આગેવાની હેઠળની પીડીપી અને ઓમર અબ્દુલ્લાની આગેવાની હેઠળની નેશનલ કોન્ફરન્સ આ ચૂંટણીમાં મુખ્યરૂપે મેદાનમાં છે. નેશનલ કોન્ફરન્સ મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને ચૂંટણી મેદાનમાં ઉતરી છે.

---

## ન્યૂઝ બ્રિફ

### NPK ખાતરો પર ૨૪,૪૭૫ કરોડની સબસિડીને મંજૂરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે થયેલી કેબિનેટની બેઠકમાં એક મહત્ત્વનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે, પીએમ મોદીના નેતૃત્વવાળી એનડીએ સરકારની કેબિનેટમાં ખેડુતોને લાભ આપવાની યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. તેમણે કહ્યું, "આજે NPK ખાતરો (નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટેશિયમ) માટે રૂ. ૨૪,૪૭૫ કરોડની સબસિડી ફાળવવાની મંજૂરી આપવામાં આવી છે. સમગ્ર વિશ્વમાં પુરવઠા શૃંખલા અને વૈશ્વિક કિંમતોમાં જે અસ્થિરતા ચાલી રહી રહી છે.

### સરફરાઝ ખાન અને ધ્રુવ જુરેલ જેવા યુવા ખેલાડીઓને વધુ રાહ જોવી પડી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ૧૯ સપ્ટેમ્બરથી શરૂ થવાની છે. પ્રથમ ટેસ્ટ મેચ ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાવાની છે. પ્રથમ ટેસ્ટ પહેલા ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે આજે ચેન્નઈમાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી. ગંભીરે પ્રેસ કોન્ફરન્સમાં પ્રથમ ટેસ્ટ માટે ભારતના પ્લેઈંગ-૧૧ને લઈને મોટું નિવેદન આપ્યું હતું. વાસ્તવમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે યુવા બેટ્સમેન સરફરાઝ ખાન અને ધ્રુવ જુરેલને પ્લેઈંગ-૧૧માં સામેલ કરવા અંગે મોટો સંકેત આપ્યો હતો.

---

### રામનાથ કોવિંદ રિપોર્ટને મોદી કેબિનેટની મંજૂરી

## વન નેશન, વન ઇલેક્શનને લીલી ઝંડી : કેન્દ્રિય કેબિનેટે મંજૂરી આપી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

દેશમાં તમામ વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણી એક સાથે થાય તે માટેનો માર્ગ ખુલી ગયો છે. વન નેશન, વન ઈલેક્શનની દરખાસ્તને કેન્દ્રિય કેબિનેટે મંજૂરી આપી દીધી છે. ભૂતપૂર્વ પ્રેસિડન્ટ રામ નાથ કોવિંદના અધ્યક્ષપદ હેઠળ પેનલે આપેલો અહેવાલ સ્વીકારી લેવામાં આવ્યો છે. તેના કારણે હવે બધી ચૂંટણીઓ એક સાથે યોજવામાં આવશે અને પંચાયતો તથા નગરપાલિકાઓની ચૂંટણી પણ ૧૦૦ દિવસની અંદર કરાવવામાં આવશે. પેનલમાં ગૃહમંત્રી અમીત શાહ અને કાયદા મંત્રી અર્જુનરામ મેઘવાલ તથા સુપ્રીમ કોર્ટના એડવોકેટ હરીશ સાલ્વે પણ સામેલ હતા.

પેનલે કહ્યું હતું કે ૨૦૨૯થી ચૂંટણીઓ એક સાથે યોજવામાં આવશે તે મામલે સર્વાનુમત સાધવામાં આવ્યો છે. હાલની ઈલેક્ટોરલ સાઈકલને કાયદેસર રીતે ટકાઉ હોય તેમ સુરેખિત કરવા માટે પેનલે હાકલ કરી હતી. ચૂંટણી પછી કોઈને બહુમતી ન મળવાથી હંગ એસેમ્બલી સર્જાય તો શું કરવું, અવિશ્વાસની દરખાસ્ત આવે ત્યારે શું કરવું અને પક્ષપલ્ટો થાય ત્યારે શું કરવું તેના માટેના ઉકેલ પણ હવે સોંપવામાં આવશે. વન નેશન, વન ઈલેક્શન એ ભાજપના ચૂંટણી ઢંઢેરામાં સામેલ મુદ્દો છે. ૨૦૧૯ અને ૨૦૨૪ની ચૂંટણીમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ વિરોધપક્ષોએ તેની આકરી ટીકા કરી હતી. વિરોધપક્ષોનું કહેવું છે કે તમામ વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણી એક સાથે કરવામાં ઘણા બધા પ્રેક્ટિકલ પ્રશ્નો છે જેનો ઉકેલ જરૂરી છે. તેમણે બંધારણમાં ફેરફાર કરવાના જોખમોનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. બધી જગ્યાએ એક સાથે ચૂંટણી યોજાય તે માટે કેટલીક વિધાનસભાઓની ટર્મ અધવચ્ચેથી ખતમ કરવી પડે તેવી શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીજી ટર્મ સંભાળી તેના ૧૦૦ દિવસ પછી વન નેશન, વન ઈલેક્શનની દરખાસ્તને મંજૂર કરવામાં આવી છે જે એક મોટો ફેરફાર છે. તેનાથી ચૂંટણી માટે જે જંગી ખર્ચ કરવો પડે છે તેમાં બચત થશે. તાજેતરમાં ૧૫ ઓગસ્ટે ધ્વજવંદન વખતે મોદીએ કહ્યું હતું કે તેઓ વન નેશન, વન ઈલેક્શનનું વચન પાળવા માટે પ્રતિબદ્ધ છે. વન નેશન, વન ઈલેક્શન પેનેલે જણાવ્યું હતું કે દેશમાં એક સાથે ચૂંટણીઓ યોજવાથી ખર્ચ ઘટશે, સુરક્ષા બંદોબસ્તમાં સરળતા રહેશે, વારંવાર આચાર સંહિતા લાગુ કરવી નહીં પડે. ૩૨ પક્ષો, ન્યાયતંત્રના અનુભવી લોકો, સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ સહિતના લોકોએ આ પદ્ધતિને ટેકો આપ્યો છે તેમ તેમણે કહ્યું હતું. કેન્દ્રીય કેબિનેટની મંજૂરી મળ્યા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ નિર્ણયનો વિરોધ વ્યક્ત કર્યો છે.

### વન નેશન-વન ઈલેક્શન કેમ જરૂરી છે તેમજ તેની સામે પડકારો કેટલા છે જાણો

શું ભારતમાં તમામ પ્રકારની ચૂંટણીઓ એકસાથે યોજાઈ શકે છે, એટલે કે લોકસભા, વિધાનસભાની ચૂંટણીઓ વગેરે. આ ચર્ચા છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહી છે. ત્યારે હવે આના પર મોદી કેબિનેટની બેઠકમાં વન નેશન-વન ઈલેક્શન પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. તો આજે આપણે વન નેશન વન ઈલેક્શનની સામે કેટલા પડકારો છે તેના વિશે વિગતવાર જાણીએ. દર વર્ષે દેશમાં અંદાજે ૫ થી ૬ ચૂંટણી હોય છે. ચૂંટણીમાં સરકારને ખુબ ખર્ચ થાય છે.સાથે રાજનીતિક પાર્ટીઓને પણ વધારે ખર્ચો થાય છે.વિવિધ ચૂંટણીઓ અસ્થિરતા અને અનિશ્ચિતતા તરફ દોરી જાય છે. સપ્લાય ચેઈન, રોકાણ અને આર્થિક વિકાસ અવરોધાય છે. સરકારી તંત્રની કામગીરીમાં અવારનવાર વિક્ષેપો સર્જાય છે. સરકારી તંત્રમાં અવરોધને કારણે લોકોની તકલીફ વધે છે. સરકારી અધિકારીઓ અને સુરક્ષા દળો વારંવાર ચૂંટણી ફરજમાં લગાવવામાં આવે છે. વન નેશન-વન ઈલેક્શન સિસ્ટમ લાગુ કરવામાં સૌથી મોટો પડકાર સંવિધાન અને કાયદામાં ફેરફારનો છે.

---

### હજારો ભક્તો બાપ્પાના અંતિમ દર્શન કરવા ઉમટ્યા

## મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીએ મુંબઈના લાલબાગચા રાજાનું વિસર્જન કર્યું



। (એજન્સી) મુંબઇ, તા.૧૮ ।

મુંબઈમાં લાલબાગચા રાજાનું બુધવારે સવારે દક્ષિણ મુંબઈમાં ગિરગાંવ બીચ પર અરબી સમુદ્રમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. ગણેશ ચતુર્થીની ઉજવણીના અંતિમ તબક્કા દરમિયાન હજારો ભક્તો બાપ્પાના અંતિમ દર્શન કરવા ઉમટી પડ્યા હતા. અબજોપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણી પણ એવા લોકોમાં સામેલ હતા જેમણે લાલબાગચા રાજાના અંતિમ દર્શન કર્યા અને તેમને પોતાના હાથે વિદાય આપી. અનંત પોતે સમુદ્રમાં મૂર્તિનું વિસર્જન કરતો જોવા મળ્યો હતો. આના ઘણા વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં અનંત અંબાણી ભક્તિમાં ડૂબેલો જોવા મળે છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૧ દિવસ સુધી ચાલનારા આ મહોત્સવમાં લાખો ભક્તો ઉમટ્યા હતા. આ વખતે પણ મંગળવાર રાતથી જ ગિરગામ ચોપાટી બીચ પર 'લાલબાગચા રાજા' ગણેશની શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. અનંત અંબાણી મંગળવારે રાત્રે પ્રખ્યાત પંડાલમાં પણ ગયો હતો. અંબાણી પરિવાર, જે ગણેશ ચતુર્થીને ભવ્ય રીતે ઉજવે છે, તે લાલબાગચા રાજાના નિયમિત મુલાકાતી છે. શનિવારે રાત્રે મુકેશ અંબાણી, અનંત અંબાણી, તેમની પત્ની રાધિકા મર્ચન્ટ અને શ્લોકા મહેતા પાંડાલમાં પ્રાર્થના કરવા પહોંચ્યા હતા. બુધવારે સવારે વિસર્જન પહેલાં, અનંત અંબાણીએ દાનમાં આપેલી લાલબાગચા રાજાની પ્રતિમાના વિશાળ સોનાના મુગટને તોડી પાડવામાં આવ્યો હતો. હવે સમિતિ તેનો ઉપયોગ સામાજિક કાર્યો માટે કરશે.

લાલબાગચા રાજાના મસ્તક પર સુશોભિત ભવ્ય ૨૦ કિલો સોનાના મુગટે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તેની કિંમત લગભગ ૧૬ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ તાજ બીજા કોઈએ નહીં પણ અંબાણી પરિવારના પ્રિય લાડકા અનંત અંબાણીએ પહેરાવ્યો હતો. આ તાજને બનાવવામાં બે મહિના લાગ્યા હતા અને ખૂબ કાળજીથી તૈયાર કરવામાં આવ્યા હતા. અનંત અંબાણી દ્વારા આપવામાં આવેલ આ તાજ લાલબાગચા રાજા સમિતિ સાથેના તેમના લાંબા સમયથી ચાલતા સંબંધોના પ્રતીક તરીકે જોવામાં આવતો હતો. ઉલ્લેખનીય છે કે આ વર્ષે મહિલાઓ અને બાળકોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. મેડિકલ સેન્ટર અને સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા. બાપ્પાના દર્શન કરવા લોકો મોટી સંખ્યામાં આવે છે અને ઘણા બધું દાન પણ આપે છે, જેનો ઉપયોગ સામાજિક કાર્યોમાં થાય છે.

---

### મુલાકાતીઓના સંચાલનમાં સુધારો કરવા ETA લાગુ કરાશે

## રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવા થાઇલેન્ડમાં ETA લાગુ કરાશે

### ૧ ડિસેમ્બરથી ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન થશે લાગુ : ETA એ ૯૩ દેશોના નાગરિકો માટે જરૂરી રહેશે

। (એજન્સી) બેંગકોક, તા.૧૮ ।

થાઈલેન્ડ ૧ ડિસેમ્બર ૨૦૨૪થી ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન એટલે ETA ની નવી સિસ્ટમ લાગુ કરશે, જેમાં પ્રવાસીઓ માટે વિઝા-મુક્તિ હશે. જેમાં ભારતથી આવતા મુસાફરોનો પણ સમાવેશ થશે. થાઈલેન્ડના વિદેશ મંત્રાલયનું કહેવું છે કે તેનો હેતુ ઈમિગ્રેશન પ્રક્રિયાઓને સરળ બનાવવા અને વિદેશી નાગરિકોની દેખરેખમાં સુધારો કરવાનો છે. "આ પગલું રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવા અને મુલાકાતીઓના સંચાલનમાં સુધારો કરવા માટે લેવામાં આવી રહ્યું છે. જેથી થાઈલેન્ડ વૈશ્વિક પર્યટનમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે," સરકારે જણાવ્યું હતું. થાઈલેન્ડ દ્વારા જુલાઈ ૨૦૨૪માં વધુ દેશોને વિઝા-મુક્ત સુવિધા આપ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને વધુ સુવિધાઓ મળી શકે. ETA એ ૯૩ દેશોના નાગરિકો માટે જરૂરી રહેશે. જે હાલમાં થાઈલેન્ડમાં વિઝા-મુક્ત પ્રવેશ કરી શકે છે. જો કે લાઓસ, કંબોડિયા અને મલેશિયાના પ્રવાસીઓને આ વ્યવસ્થામાંથી મુક્તિ આપવામાં આવી છે. દરેક ETA હેઠળ એકવાર પ્રવેશની પરવાનગી આપવામાં આવશે અને તે ૬૦ દિવસ માટે માન્ય રહેશે. મુસાફરો પાસે તેમની મુસાફરી ૩૦ દિવસ લંબાવવાનો વિકલ્પ પણ હશે. ETA માટેની અરજી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન હશે. મુસાફરોએ નવા પ્લેટફોર્મ દ્વારા તેમની વિગતો ઈલેક્ટ્રોનિક રીતે ભરવાની રહેશે. ખાસ વાત એ છે કે આ એપ્લિકેશન માટે કોઈ ફી નહીં હોય જેનાથી પ્રક્રિયા સરળ બનશે.

---

### પાકિસ્તાની ખેલાડીઓ પર સાધ્યું નિશાન

## રોહિત શર્માએ સંન્યાસને લઈને આપ્યું મોટું નિવેદન

### લોકો સંન્યાસની જાહેરાત કરે છે પરંતુ ફરી રમવા માટે ઉતરે છે : ભારતમાં એવું થયું નથી : રોહિત શર્મા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।



ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ હાલમાં જ ટી૨૦ ઈન્ટરનેશનલમાંથી સંન્યાસની જાહેરાત કરી હતી. ટી૨૦ વર્લ્ડ કપનો ખિતાબ જીત્યા બાદ તરત રોહિત શર્માએ ટી૨૦ ઈન્ટરનેશનલને અલવિદા કહી દીધું. રોહિત શર્મા હવે માત્ર વનડે અને ટેસ્ટ ફોર્મેટમાં ભારત માટે રમી રહ્યો છે. તે ભારતીય વનડે અને ટેસ્ટ ટીમનો કેપ્ટન પણ છે. રોહિત શર્માની કેપ્ટનશીપમાં ટીમ ઈન્ડિયા બાંગ્લાદેશ સામે ટેસ્ટ સિરીઝ દરમિયાન એક્શનમાં જોવા મળશે. આ મેચ ૧૯ સપ્ટેમ્બરથી રમાનાર છે. તે દરમિયાન ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ રિટાયરમેન્ટને લઈને મોટું નિવેદન આપ્યું છે. રોહિત શર્માના ટી૨૦ ઈન્ટરનેશનલ રિટાયરમેન્ટ પછી, એ વાતને લઈને વારંવાર ચર્ચા થઈ રહી છે કે, શું તે ટી૨૦ ઈન્ટરનેશનલમાં ફરી વાપસી કરશે. આ વાત પર રોહિત શર્માએ હવે જવાબ આપ્યો છે. તેણે જિયો સિનેમા સાથે વાત કરતા કહ્યું કે, "વર્લ્ડ ક્રિકેટમાં હાલ સંન્યાસની મજાક બનાવી દેવામાં આવી છે. લોકો સંન્યાસની જાહેરાત કરે છે પરંતુ ફરી રમવા માટે ઉતરે છે. ભારતમાં એવું થયું નથી. જો કે હું અન્ય દેશના ખેલાડીઓને જોઈ રહ્યો છું. તે સંન્યાસની જાહેરાત કરે છે પણ ફરી યૂ-ટર્ન લે છે. જેથી હકીકતમાં તમને ખબર રહેતી નથી કે કોણે રિટાયરમેન્ટ લઈ લીધું છે." ત્યાર બાદ રોહિત શર્માએ પોતાના વિશે કહ્યું કે, તેનો નિર્ણય અંતિમ છે અને તે ખૂબ જ સ્પષ્ટ છે.

---

### આક્ષેપ પર ગડકરીએ આપ્યો જવાબ

## ૧૯૦૦ કરોડમાં બનેલા રોડ માટે ૮૦૦૦ કરોડનો ટોલ ટેક્સ કેમ વસૂલ્યો?

### ટોલ ટેક્સ વસૂલતા પહેલાં અને પછી સરકારને અનેક પ્રકારના ખર્ચાઓનો સામનો કરવો પડે છે : ગડકરી

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૮ ।

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ રાજસ્થાનના મનોહરપુર પ્લાઝા પર ખર્ચ કરતાં વધુ ટોલ ટેક્સ વસૂલવા મુદ્દે કેન્દ્ર સરકાર પર મુકવામાં આવેલા આરોપોનો જવાબ આપ્યો છે. મીડિયા સાથે વાતચીત કરતાં કેન્દ્રીય મંત્રીએ કેવી રીતે ૧૯૦૦ કરોડમાં બનેલા રસ્તા પર રૂ. ૮૦૦૦ કરોડનો ટોલ ટેક્સ વસૂલવામાં આવ્યો? દિલ્હી-જયપુર હાઈવે પર ખર્ચ કરતાં વધુ ટોલ ટેક્સ મુદ્દે ઉદાહરણ આપી સમજાવ્યું. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ બાંધકામ ખર્ચ કરતાં વધુ ટોલ ટેક્સ વસૂલવાના પ્રશ્નનું સંપૂર્ણ ગણિત સમજાવ્યું કે, લોકો પાસેથી એક દિવસમાં ટોલ ટેક્સ વસૂલવામાં આવ્યો નથી. ટોલ ટેક્સ વસૂલતા પહેલાં અને પછી સરકારને અનેક પ્રકારના ખર્ચાઓનો સામનો કરવો પડે છે. રસ્તાની જાળવણી પાછળ પણ ખર્ચ થાય છે. નીતિન ગડકરીએ ઉદાહરણ આપતાં કહ્યું કે ધારો કે કોઈ વ્યક્તિ ૨.૫ લાખ રૂપિયામાં ઘર કે કાર ખરીદે છે. જો તેના માટે તેણે બેંકમાંથી ૧૦ વર્ષ માટે લોન લીધી હોય તો કારની કિંમત વધી જાય છે. ગ્રાહકે દર મહિને વ્યાજ ચૂકવવું પડે છે. ઘણી વખત લોકો લોન લઈને જ તમામ કામ કરતાં હોય છે. પરંતુ સાથે જવાબદારી પણ વધે છે અને હપ્તાની ચુકવણી પણ કરવી પડે છે. બાંધકામ ખર્ચ કરતાં વધુ ટોલ વસૂલવાનો આ મામલો દિલ્હી-જયપુર રોડ (નેશનલ હાઈવે-૮)નો છે. આ હાઈવે પર વધુ ટોલ ટેક્સ લેવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આ હાઈવે વર્ષ ૨૦૦૯માં યુપીએ સરકાર દ્વારા ફાળવવામાં આવ્યો હતો.

ન્યૂઝ બ્રિફ

## અઠવાડિયામાં બે દિવસ સામાન્ય લોકોની સમસ્યા સાંભળશે પોલીસ અધિકારી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મહત્વનો નિર્ણય લીધો છે. ગૃહ રાજ્યમંત્રીના આદેશ મુજબ હવે દર સોમવાર અને મંગળવારે પોલીસ સ્ટેશનના વડા પોલીસ અધિકારીઓએ સામાન્ય નાગરિકોની વાત સાંભળવી પડશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી સ્થાનિક લોકોની મોટાભાગની સમસ્યાઓ હવે સ્થાનિક સ્તરે જ હલ થશે. આ માટે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીને તમામ પોલીસ અધિકારીઓને કડક સૂચના આપવા માટે કહેવામાં આવ્યું છે. એ પણ નિર્દેશ આપવામાં આવ્યો છે કે પોલીસ અધિકારીઓ કે જેઓ કચેરીના વડા છે તેઓ અનિવાર્ય/ અનિવાર્ય સંજોગો સિવાય આ બે દિવસે કોઈ મીટિંગ અથવા અન્ય કાર્યક્રમનું આયોજન કરશે નહીં.

## અંબાજી દર્શન કરવા જતાં બે લોકોનો થયો મોત સાથે ભેટો, ૫૦૦ને ઇમરજન્સી સારવાર

। (એજન્સી) અંબાજી, તા.૧૮ ।

ભાદરવી પૂનમના મેળામાં અંબાજીની આદ્યશક્તિ જનરલ હોસ્પિટલ ઈમરજન્સી સેવાઓ માટે વરદાન બની છે. જો કે સમગ્ર મેળા દરમિયાન બે લોકોના મોત થયા છે. જેમાં હૃદયરોગના લક્ષણો જોવા મળ્યા હતા. જો કે આ જનરલ હોસ્પિટલમાં ૫૦૦ ઈમરજન્સી સારવાર આપવામાં આવી છે. ૧૫ જેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે. જો કે આ હોસ્પિટલમાં ૫ જેટલા દર્દીઓમાં હૃદયરોગના લક્ષણો જોવા મળ્યા હતા. તેમાંથી એકનું ૧૬ સપ્ટેમ્બરના રોજ મૃત્યુ થયું હતું. જ્યારે બીજા એક દર્દી જે દાંતાથી નીકળી અંબાજી પગપાળા પહોંચી રહ્યા હતા.

## ગણેશજીને વિસર્જન માટે લઈ જતાં ટ્રેક્ટરનું ટાયર ફાટ્યું

। (એજન્સી) સુરત,તા.૧૮ ।

નવ દિવસ ભગવાન ગજાનંદની પૂજા-અર્ચના બાદ આજે લોકો બાપ્પાનું વિસર્જન કરી રહ્યા છે. ત્યારે સુરતમાં વિઘ્નહર્તાની વિસર્જન યાત્રામાં જ વિઘ્ન નડ્યું હતું. સુરતના ભેસ્તાન વિસ્તારમાં આજે ગણેશ વિસર્જન વખતે એક ટ્રેક્ટરનું ટાયર અચાનક ફાટતાં ટ્રેક્ટર પલટી ખાઈ ગયું. જેના કારણે ટ્રેક્ટરમાં લઈ જવાતી વિશાળકાય ગણેશજીની પ્રતિમા રસ્તા પર પડતાં ખંડિત થઈ ગઈ હતી. જેના કારણે અનેક ગણેશ ભક્તો દુઃખી થયા હતા. સુરત શહેરમાં આજે વહેલી સવારથી જ ગણેશજીની વિસર્જન યાત્રા શરુ કરવામાં આવી છે.

### સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ

# વકીલને લાત મારવાના કેસમાં PI ને 3 લાખનો દંડ

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

થોડા સમય અગાઉ સુરત પોલીસનો એક વીડિયો ખુબ વાયરલ થયો હતો. જેમાં એક પોલીસ ઈન્સપેક્ટર એક વકીલને લાત મારતા હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા. જેને કારણે ખુબ મોટો વિવાદ થયો હતો. પોલીસને આપણે રક્ષક કહીએ છીએ. પોલીસ આપણી રક્ષા માટે હોય છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણીનું કામ પોલીસનું હોય છે. પણ પોલીસ જ જ્યારે કાયદાની ઐસીતૈસી કરે ત્યારે શું કહેવું...કંઈક આવી જ ઘટના થોડા સમય પહેલાં સુરતમાં જોવા મળી હતી.જાણો શું હતો મામલો. આ ઘટના છે સુરત શહેરની. સુરતના ડિંડોલી પોલીસ સ્ટેશનના પી.આઈ. એચ. જે સોલંકીએ આ વિસ્તારમાં જ રાત્રીના સમયે પોતાના મિત્રો સાથે બેસેલા એડવોકેટ હિરેન નાઈને લાત મારી હતી. જેના સીસી ટીવી ફુટેજ વાયરલ થયા હતા. આ સાથે જ એટ્રોસિટી થાય તેવા અપશબ્દો બોલ્યા હતા. આ ઘટનાનો વીડિયો પણ બાદમાં વાયરલ થયો હતો.

વકીલ એમના મિત્રો સાથે બેઠાં હતા ત્યારે પીઆઈએ ત્યાં આવીને એમને લાત મારી હતી...બાદમાં આ સમગ્ર મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. જેમાં કોર્ટે પોલીસને સબક શિખવાડ્યો છે. આ મામલે કોર્ટ દ્વારા પી.આઈ.ના આ કરતુત સામે કડક પગલા લઈને તેમને ૩ લાખ રૂપિયાનો દંડ કર્યો છે. આ સાથે જ હાઈકોર્ટના જજે એવી ટિપ્પણી કરી કે એક લાત કેટલી મોંઘી છે તે પીઆઈને યાદ રહેવું જોઈએ. પોલીસ કાલે મને પણ કારણ વિના લાત મારી શકે છે. એડવોકેટ હિરેન નાઈ પીઆઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવા ગયા ત્યારે પોલીસ અધિકારીઓ ફરિયાદ લેવાનો ઈનકાર કર્યો હતો. આથી એડવોકેટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. દલીલ બાદ હાઈકોર્ટે આ કેસમાં પીઆઈ એચ.જે. સોલંકીને ૩ લાખનો દંડ ફટકાર્યો છે. કોર્ટે આંકરી ટીપ્પણી કરતા શું કહ્યું પીઆઈને આજીવન યાદ રહેવું જોઈએ કે કોઈ પણ કારણ વિના નિર્દોષ લોકો પર હાથ ઉપાડવો કે લાત મારવી કેટલી મોંઘી પડી શકે છે. ભવિષ્યમાં પણ તેને કોઈ માણસ પર હાથ કે પગ ઉપાડતા લાતના દંડ યાદ આવશે. પોલીસ ભલે દબાણમાં કામ કરે છે પરંતુ તેનો મતલબ સત્તાનો દુરુપોયગ કરવાની છૂટ નથી.

ફૂટેજમાં જોઈ શકાય છે કે પોતાને હીરો સમજતા પીઆઈ જીપમાંથી કૂદી સીધા જ નિર્દોષ વ્યક્તિને લાત મારે છે. દેખતો પુરાવો છે. પોતાને હીરો સમજતા પીઆઈને ક્યારેય માફ કરી શકાય નહીં. પીઆઈએ સત્તાનો દુરુપયોગ કર્યો છે. પીઆઈએ વકીલને નાર્કોટિક્સના ખોટા કેસમાં ફસાવી દેવાની પણ ધમકી આપી હતી. તેને માફ કરી શકાય નહીં.

પીઆઈએ ન્યાયતંત્ર વિશે પણ જાહેરમાં અશોભનીય શબ્દો કહ્યા હોવાની કોર્ટમાં રજૂઆત થઈ હતી. આ મામલે કોર્ટે ટકોર કરી હતી કે આવા પોલીસ અધિકારીઓ સામે સરકાર પગલાં કેમ લેતી નથી? હાઈકોર્ટના જજ નિર્ઝર દેસાઈએ ચાલુ સુનાવણી દરમિયાન જ ઉચ્ચ પોલીસ અધિકારી પાસે પીઆઈ સામે શું પગલાં લેશો તે અંગે માહિતી મંગાવી હતી. ફરિયાદી એડવોકેટે કોર્ટને ઘટના સમયના સીસીટીવી ફૂટેજ બતાવ્યા હતા, જે જોઈ કોર્ટ ગુસ્સે ભરાઈ હતી. ભરી કોર્ટમાં જજે પીઆઈને ખખડાવતા કહ્યું હતું કે, શું વર્દી પહેરીને ફરો છો એટલે કોઈને પણ ગુના વિના મારવાના?, પૂછપરછ વિના કોઈને મારી કેવી રીતે શકાય?, કોઈ સાચો આરોપી હોય તો પણ પૂછપરછ વિના લાત મારી શકાય નહીં. પોલીસ દમનને અટકાવાશે નહીં તો કાલે પોલીસ મને પણ લાત મારી શકે છે. કોર્ટે કહ્યું પોતાને હીરો સમજતા પીઆઈને માફ કરી શકાય નહીં.

### પોલીસ અધિકારીની ઓળખ આપી મહિલાએ આપઘાત કરી લીધાનું કહ્યું

## મહિલાએ ન્યૂડ કોલ કરી લાઠીના વૃદ્ધને બ્લેકમેઇલ કરીને ૫.૭૭ લાખ પડાવ્યા

। (એજન્સી) રાજકોટ, તા.૧૮ ।

લાઠી તાલુકાના અડતાળા ગામે રહેતા એક ૬૫ વર્ષીય વૃદ્ધ ખેડૂત સાથે ચોંકાવનારી ઘટના બની હતી. વૃદ્ધને વોટસએપ નંબર પરથી ન્યૂડ કોલ કરીને રેકોડગ કરી સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરી ૫.૭૭ લાખ પડાવી લેવાયા હતા. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાઈ છે. લાઠી તાલુકાના અડતાળા ગામે રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધ સોશિયલ મીડિયામાં સાયબર ક્રાઈમનો ભોગ બન્યા હતા જેમાં ખેડૂતને કોઈ અજાણ્યા મોબાઈલ નંબર પરથી ન્યૂડ કોલ કરી પોલીસ અધિકારી અને યુટયુબ અધિકારીની ખોટી ઓળખ આપી આ ન્યૂડ વિડિયો કોલનું સ્ક્રીનીંગ કરી યુટયુબ તેમજ બીજા સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપો અને એફઆઈઆર થયેલ છે,ન્યૂડ કોલમાં જે મહિલા છે તે મહિલાએ આત્મહત્યા કરેલ છે તેવી ખોટી હકીકત જણાવી બ્લેક મેઈલ કરી અવાર – નવાર રૂપિયાની માંગણી કરી વિડિયો ડિલીટ કરાવવાના બહાને ૫,૭૭ લાખ પડાવી લઈને છેતરપીંડી આચરી હતી. આ બનાવને લઈને વૃદ્ધ દ્વારા અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવતા બનાવને લઈને કાર્યવાહી હાથ ધરી હતી.

### સુરતમાં વિઘ્નહર્તાની વિસર્જન યાત્રામાં જ વિઘ્ન નડ્યું

## સુરતમાં વિસર્જનયાત્રામાં ટ્રેક્ટરનું ટાયર ફાટતા વિશાળ પ્રતિમા ખંડિત થઈ

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

સુરતમાં વિઘ્નહર્તાની વિસર્જન યાત્રામાં જ વિઘ્ન નડ્યું હતું. ભેસ્તાન વિસ્તારમાં ગણેશ વિસર્જન યાત્રામાં એક ટ્રેક્ટરનું ટાયર ફાટતાં ટ્રેક્ટર પલટી ખાઈ ગયું. ટ્રેક્ટરમાં લઈ જવાતી વિશાળકાય ગણેશજીની પ્રતિમા રસ્તા પર પડતાં ખંડિત થઈ ગઈ હતી. અનેક ગણેશ ભક્તો દુઃખી થયા હતા. ભેસ્તાનના ભૈરવ નગરમાં પૂર્વ કૉર્પોરેટરની સોસાયટીમાંથી આજે ગણેશ વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી. આ યાત્રા ભેસ્તાન ભૈરવ નગર રોડ પર પહોંચી હતી ત્યારે અચાનક ટ્રેક્ટરના ટાયરમાં બ્લાસ્ટ થયો હતો. ચાલુ ટ્રેક્ટરમાં ટાયર ફાટતાં ટ્રેક્ટર પલટી થઈ ગયું હતું અને ટ્રેક્ટરમાં મૂકેલી ગણેશજીની પ્રતિમા પણ રસ્તા પર પડીને તૂટી ગઈ હતી. આ પ્રતિમાને કૃત્રિમ તળાવ ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં પ્રતિકાત્મક વિસર્જન કરાયા બાદ વિસર્જન માટે દરિયામાં લઈ જવામાં આવી હતી. શહેરના ભાગળ ચાર રસ્તા પર ભક્તો વિસર્જન યાત્રા વખતે ફટાકડા ફોડી રહ્યાં હતાં. દરમિયાન એક ફટાકડાનો તણખો ગણપતિની મૂર્તિની પાછળના કપડાં પર લાગતા આગ લાગી હતી. લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. યાત્રામાં જોડાયેલા ભક્તોએ ચપળતા દાખવીને પાણી નાંખી આગ સમયસર ઓલવી નાંખતા મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહતી.

### ઋષિકેશ પટેલ તથા વનમંત્રી મૂળુભાઈ બેરાએ પણ વૃક્ષારોપણ કર્યું

## નવા સચિવાલય સંકુલના પ્રાંગણમાં સ્પેશિયલ પ્લાન્ટેશન ડ્રાઈવ, ૨૩૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર થયું

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પીપળાનું વૃક્ષ વાવીને ડ્રાઈવમાં સહભાગી થયા.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ધરતીમાતાને હરીયાળી બનાવવા કરેલા 'એક પેડ મા કે નામ' ના આહવાનને ગુજરાતે અપ્રતિમ પ્રતિસાદ આપ્યો.અત્યાર સુધીમાં ૧૩ કરોડ ૯૫ લાખ વૃક્ષો વાવીને ગુજરાત દેશભરમાં બીજા ક્રમે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત વિશ્વ પર્યાવરણ દિવસ, ૫ મી જૂન ૨૦૨૪થી દેશવાસીઓને પોતાની માતા પ્રત્યે પ્રેમ, આદર અને સન્માનના પ્રતિકરૂપે તથા ધરતીમાતાને હરીયાળી બનાવવા 'એક પેડ મા કે નામ' અભિયાન દ્વારા વૃક્ષ વાવેતર અને જતનનું આહવાન કર્યું હતું.ગુજરાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ આહવાનને વ્યાપક પ્રતિસાદ આપતાં રાજ્યવ્યાપી 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં૧૩ કરોડ ૯૫ લાખ વૃક્ષો વાવીને આ અભિયાનમાં સમગ્ર દેશમાં બીજું સ્થાન મેળવ્યું છે. આ અભિયાનને વધુ વેગવંતુ બનાવવાના પર્યાવરણ પ્રિય ભાવથી ગાંધીનગરમાં નવા સચિવાલયનાં પ્રાંગણમાં તા.૧૭મી સપ્ટેમ્બરે મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં સ્પેશિયલ પ્લાન્ટેશન ડ્રાઈવ આ 'એક પેડ મા કે નામ' તહેત યોજવામાં આવી હતી. આ ડ્રાઈવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પીપળાનું વૃક્ષ વાવીને સહભાગી થયા હતા. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ તથા વનમંત્રી મૂળુભાઈ બેરાએ પણ વૃક્ષારોપણ કર્યું હતું. રાજ્ય સરકારના અધિક મુખ્ય સચિવઓથી લઈને નાયબ સચિવ, ઉપસચિવ કક્ષા સહિતના અંદાજે ૨૩૦૦ જેટલા કર્મયોગીઓએ આ અભિયાનમાં જોડાઈને 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતન-સંરક્ષણનો રાહ ચિંધ્યો છે. વનમંત્રી મૂળુભાઈ બેરાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ સ્પેશિયલ ડ્રાઈવ રાજ્યના ૩૩ જિલ્લાઓમાં પણ યોજવામાં આવી છે અને જિલ્લાઓની કચેરીઓમાં વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે. વન પર્યાવરણ અગ્ર સચિવ સંજીવકુમાર, હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ યુ.ડી.સિંઘ તેમજ વરિષ્ઠ સચિવો અને વન અધિકારીઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

### કપડા ધોતી યુવતી પગ લપસતા તળાવમાં પડી, બચાવવા જતાં દુર્ઘટના

## કાનમેર ગામે તળાવમાં ડૂબતાં યુવતી અને કિશોરના મોત

### કેબપોરે મહિલાઓ કપડાં ધોવા ગઈ હતી ત્યારે એક યુવતી અકસ્માતે ડૂબી

। (એજન્સી) ગાંધીધામ, તા.૧૮ ।

રાપરનાં કાનમેરમાં કપડા ધોતી વખતે કરુણ ઘટના બની છે. જેમાં કપડાં ધોતી વખતે પથ્થર પર પગ લપસી જતા યુવતી તળાવમાં પડી ગઈ હતી. જેને બચાવવાં જતા ૬ જેટલા બાળકો તળાવમાં પડી જતા ડૂબવા લાગ્યા હતા. જેમાં તળાવ નજીક ખાણમાં કામ કરતા મજૂરોએ પાંચ બાળકોને બચાવી લીધા હતા. જ્યારે યુવતી અને કિશોરને ન બચાવી શકતા યુવતી અને કિશોરનું ડૂબી જતા મોત નીપજ્યું હતું. રાપરનાં કાનમેરમાં કપડા ધોવા જતા ગત મંગળવારે બપોરનાં ૩ વાગ્યાનાં અરશામાં બનાવ બન્યો હતો. જેમાં કાનમેરની સીમમાં આવેલી તળાવનાં ગામમાં જ રહેતી મહિલાઓ પોતાના બાળકો સાથે ગામના તળાવમાં કપડા ધોવા ગઈ હતી. દરમિયાનમાં કપડાં ધોતી વખતે પથ્થર પર પગ લપસી જતા ૨૦ વર્ષીય સેનાજ સુલેમાન ધુના તળાવનાં પાણીમાં પડી ગઈ હતી. જેમાં તેને બચાવવાં માટે તેમની સાથે કપડાં ધોતી કેટલીક મહિલાઓ અને બાળકો સાથે ૧૬ વર્ષીય ફારૂકભાઈ હબીબભાઈ ધુના તળાવમાં ઉતરી ગયા હતા. જેમાં સેનાઝને બચાવવા જતા પોતે પણ ડૂબવા લાગ્યા હતા. જે બનાવનાં પગલે રાડા રાડ થતા તળાવની નજીકમાં આવેલી પાયણાની ખાણમાં કામ કરતા મજૂરો ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા અને તળાવમાં ઝંપલાવી ૫ જેટલાં બાળકોને ડૂબતા બચાવી લીધા હતા. પરંતુ ૨૦ વર્ષીય સેનાઝ અને ૧૬ વર્ષીય ફારુકને બચાવી સક્યા ન હતા.સમગ્ર ઘટનાની જાણ થતા ગાગોદર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.જેમાં બે મૃતદેહને પી એમ અર્થે પલાસવાની હોસ્પિટલ લઈ જઈ આ અંગે ગાગોદર પોલીસે અકસ્માત મોત દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### સુરતમાં ૨૪ કલાકમાં બે હત્યા

## વિસર્જનના દિવસે પણ જાહેરમાં હત્યા કરાયેલી લાશ મળી

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

સુરતમાં છેલ્લા ૨૪ કલાકમાં હત્યાની બે ઘટના બની છે. કતારગામ વિસ્તારમાં મંગળવારે ગણેશ વિસર્જનના દિવસે જ જાહેરમાં હત્યાનો બનાવ બન્યો હતો. અલબત્ત, આ ઘટનાને ગણેશ વિસર્જન સાથે કોઈ નિસ્બત નહતો. એક યુવકની જાહેરમાં તીક્ષ્ણ હથિયારના ઘા મારીને હત્યા કરી દેવામાં આવી હતી. ગત મોડી રાતે પણ વરાછા વિસ્તારમાં યુવાનની હત્યા થઈ હતી. મળતી માહિતી પ્રમાણે કતારગામ વિસ્તારમાં પ્રભુ નગર પાસે આવેલા સાંઈબાબા મંદિર સામે જાહેરમાં યુવકની હત્યા કરી દેવામાં આવી હતી.

યુવકને તીક્ષ્ણ હથિયારના મારી પતાવી દેવામાં આવ્યો હતો. આ મામલે સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી. ચોકબજાર પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ગણેશ વિસર્જનના દિવસે હત્યાના કારણે પોલીસ દોડતી થઈ ગઈ હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે જે યુવકની હત્યા થઈ હતી, તેની હાલ ઓળખ થઈ નથી. ચોકબજાર પોલીસે યુવકની લાશને પોસ્ટમોટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડી છે. પોલીસે યુવકની ઓળખ કરવા મથામણ આદરી છે. હત્યા કરનારને પકડી પાડવા લાશ મળી તેની આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરવાની કવાયત શરૂ કરવામાં આવી છે. બીજા બનાવમાં સુરતના વરાછા વિસ્તારમાં બરોડા પ્રેસ્ટિજ ઓવરબ્રિજ નીચે સોમવારે મોડી રાત્રે યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી.

યુવકના ખિસ્સામાંથી એક કિ-ચેઈન મળી આવી હતી, જેના પર મોબાઈલ નંબર લખેલો હતો. આ નંબરના આધારે યુવકની ઓળખ થઈ હતી. મૃતકનું નામ અરવિંદ રાઠોડ (૩૬) હતું. પથ્થરથી યુવકને માથાના પાછળના ભાગે અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. આ મામલે કાપોદ્રા પોલીસે યુવકના મોટા ભાઈ દશરથ રાઠોડની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે હત્યાનો ગુનો નોંધ્યો છે. મૃતક ૫-૬ દિવસ પહેલા તેના ગામ પાલીતાણાથી સુરત મજૂરી કામ કરવા આવ્યો હતો. અરવિંદ અપરિણીત હતો. પોલીસના કહેવા પ્રમાણે લાશ મળી ત્યાં નજીકના સીસીટીવી કેમેરામાં મૃતક અને હત્યારો બંને ચાલતા જોવા મળે છે. જોકે હત્યારો કોણ છે તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

**વિશેષ** ગ્લોબલ વોર્મિંગ એ ગ્લોબલ વોર્નિંગ છે ત્યારે રિ-ઈન્વેસ્ટનું વૈશ્વિક ચિંતન યોગ્ય સમયે, યોગ્ય દિશાનું ચિંતન છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વન સન, વન અર્થ, વન ગ્રીડ'ના વિઝનને આ સમિટ નવી દિશા આપશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### પર્યાવરણનું જતન કરીને સમગ્ર વિશ્વને બચાવવાના આ મહાયજ્ઞનું આહ્વાન ભારતે કર્યું છે, જેમાં પુનઃપ્રાપ્ય ઊર્જાને અપનાવીને દરેક વ્યક્તિ આહુતિ આપે

। (માહિતી) ગાંધીનગર ।

ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા આયોજિત "RE INVEST-2024" સમિટનો સમાપન સમારોહ આજે ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડની અધ્યક્ષતામાં યોજાયો હતો. મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલા સમાપન સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, પંજાબના રાજ્યપાલ શ્રી ગુલાબચંદ કટારીયા, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી શ્રી પ્રલ્હાદ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડે RE INVEST-2024ના સમાપન સમારોહમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના મહત્વ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના આ સમયગાળામાં પુનઃપ્રાપ્ય ઊર્જા એ માત્ર વિકલ્પ નથી, પરંતુ આજના સમયની જરૂરિયાત છે. કારણ કે, તેની સાથે સમગ્ર જીવસૃષ્ટિનું અસ્તિત્વ સંકળાયેલું છે. પર્યાવરણનું જતન કરીને સમગ્ર વિશ્વને બચાવવા માટે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ભારતે વૈશ્વિક મહાયજ્ઞનું આહ્વાન કર્યું છે, જેમાં પુનઃપ્રાપ્ય ઊર્જાને અપનાવીને દરેક નાગરિક આહુતિ આપે, તેવો તેમણે અનુરોધ કર્યો હતો.

ગુજરાતના ગૌરવશાળી ઈતિહાસને સમગ્ર વિશ્વ માટે પ્રેરણાદાયી ગણાવતા ઉપરાષ્ટ્રપતિ જણાવ્યું હતું કે, એક સમય હતો જ્યારે, આઝાદી મેળવવાના મોટા પડકાર સામે ગુજરાતની ભૂમિના પનોતા પુત્રો મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલે દેશનું નેતૃત્વ કર્યું હતું. આજે સમગ્ર વિશ્વને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવી એકતાના પ્રતિક સમાન ભેટ આપનારા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વને સમગ્ર વિશ્વએ આવકાર્યું છે અને તેમન સૂચનોને સ્વીકાર્યા છે. ગુજરાતની ભૂમિ પર આ ત્રણ દિવસ દરમિયાન વિશ્વભરના રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના અગ્રણીઓ દ્વારા વિચાર-મંથન કરવામાં આવ્યું છે.

આ સીમાચિહ્ન રૂપ આયોજનમાં લગભગ ૨૫૦થી વધુ વિષય નિષ્ણાત વક્તાઓ અને એટલી જ સંખ્યામાં ડેલીગેટ્સ પણ સહભાગી થયા છે. ગુજરાતમાં આયોજિત



આ કાર્યક્રમમાં ત્રણ દિવસ દરમિયાન હજારોની સંખ્યામાં નાગરિકોએ સહભાગિતા નોંધાવી છે, છે ખરેખર સરાહનીય બાબત છે. આવા વૈશ્વિક આયોજન માટે ઉપરાષ્ટ્રપતિશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવ્યા હતા. RE INVEST એકઝીબીશનમાં આ વિશ્વને વધુ જીવવાયોગ્ય અને રહેવાલાયક સ્થળ બનાવવા માટે વૈશ્વિક સ્તરના ઉપાયો દર્શાવતા પ્રદર્શનો રજૂ કરવામાં આવ્યા છે. જેમાં ૨૦૦થી વધુ કંપનીઓએ ભાગ લીધો છે. આ ઉપરાંત સમિટના ત્રણ દિવસ દરમિયાન ૫૦૦થી વધુ ૠ૨ૠ અને ૠ૨૨ બેઠકો પણ યોજાઈ છે. જેમાં નવીકરણીય ઊર્જા એ માત્ર વિકલ્પ નથી, પરંતુ માનવજીવનના અસ્તિત્વ માટે મહત્વની જરૂરિયાત છે, તેવો નિષ્કર્ષ વિશ્વભરના રાજદ્વારીઓ દ્વારા તારવવામાં આવ્યો છે. પરિણામે ઈઈ INVEST સમિટ રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના વિકાસ માટેનું સૌથી શક્તિશાળી માધ્યમ બનશે, તેવો ઉપરાષ્ટ્રપતિશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પૃથ્વી પરના પ્રાકૃતિક સંસાધનો બધા માટે છે, પણ તેનો ઉપયોગ કરવામાં અતિલોભ કરીશું, તો વિનાશ નોતરીશું, તેમ જણાવતા ઉપરાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યું હતું કે, ક્લાઈમેટ ચેન્જ અત્યારે જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે સૌથી મોટો પડકાર છે. પૃથ્વી સિવાય જીવસૃષ્ટિ માટે અન્ય કોઈ ગ્રહ ન હોવાથી, આ સમસ્યાઓને પહોંચી વળવા ઉપરાંત આપણી પાસે કોઈ વિકલ્પ નથી. જેમાં ભારતની ભૂમિકા અત્યંત મહત્વની છે અને જળવાયું પરિવર્તનની સમસ્યાના નિવારણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વનું દિશાદર્શન કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, ભારતના પ્રાચીન વેદ અને ઉપનિષદોમાં પણ પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગ અંગે દર્શાવેલા ઉપાયોને આજે સમગ્ર વિશ્વએ સ્વીકાર્યા છે. આ જ ઉદ્દેશ્ય સાથે "વસુધૈવ કુટુમ્બકમ"ના મંત્ર સાથે ભારતે ગત વર્ષે G-20ની સફળ યજમાની કરી હતી, જેમાં યુરોપિયન યુનિયન અને આફ્રિકન યુનિયન સહિત ૧૦૦ થી વધુ દેશોએ ભારતના સૂચનોને સ્વીકારીને, અપનાવ્યા છે. ભાવી પેઢીને સુંદર વિશ્વ આપવું એ આપણી સૌની જવાબદારી છે. આજદિન સુધી માનવજાતે વૈશ્વિક સંપદાને જે નુકશાન પહોંચાડ્યું છે, તેના પ્રત્યે હવે નાગરિકોમાં જાગૃતિ કેળવાઈ છે. પરિણામે ધરતીને બચાવવાના આ મહાયજ્ઞમાં દરેક નાગરિકે આહુતિ આપવાની છે અને આ માટે સૌએ એક સૈનિકની જેમ કામ કરવાનું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

**રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી**

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રિ-ઈન્વેસ્ટના સમાપન સમારોહમાં કહ્યું હતું કે, વર્તમાનમાં ગ્લોબલ વૉર્મિંગ એક ગ્લોબલ વૉર્નિંગ છે ત્યારે રિન્યુએબલ ઊર્જાના ક્ષેત્રમાં મહાત્મા મંદિરમાં ત્રણ દિવસ દરમિયાન થયેલું વૈશ્વિક ચિંતન યોગ્ય સમયે, યોગ્ય દિશાનું ચિંતન છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વ કલ્યાણની વિભાવના સાથે પ્રગતિના પંથે અગ્રેસર છે, ત્યારે ગુજરાત રિન્યુએબલ ઉર્જાના ક્ષેત્રમાં 'લીડર'ની ભૂમિકા ભજવી રહ્યું છે. આ માટે તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સમગ્ર ગુજરાત સરકારને અભિનંદન આપ્યા હતા. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ભૌતિક ઉન્નતિના માર્ગે આપણે પ્રકૃતિનું ભયંકર શોષણ કર્યું છે.

ન્યૂઝ બ્રિફ

## સોનાનો ભાવ ૭૫ હજારની નજીક પહોંચ્યો



। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૮ ।

સોનાના ભાવમાં પાછી ઉથલપાથલ જોવા મળી રહી છે. બજેટ પછી જે ભાવ પછડાયા ત્યારબાદ ફરી ચડ્યા અને હવે વળી પાછો ભાવમાં ઉતાર ચડાવ જોવા મળી રહ્યો છે. તહેવારોની સીઝન દરમિયાન સોનુ અથવા સોનાના આભૂષણ ખરીદવું, ખિસ્સા પર ભારે પડી શકે છે. સોનાની કિંમતોમાં આવનારા દિવસોમાં ભારે ઉછાળો આવવાની સંભાવના છે. એક્સપર્ટનું માનીએ તો સોનાના ભાવ દિવાળી સુધીમાં આસમાને પહોંચી જશે. આજે સોનાનો ભાવ ૭૫ હજારની નજીક પહોંચી ગયો છે. ગઈકાલે સપ્તાહના બીજા દિવસે સોનાના ભાવમાં વધારો આવ્યો હતો. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના દેશમાં ૨૪ કેરેટ સોનાના રેટ ૭૫,૦૦૦ રૂપિયાની નજીક કારોબાર કરી રહ્યા હતો. સોનાનો ભાવ ઘણા સમય બાદ ૭૫,૦૦૦ રૂપિયાના લેવલની નજીક પંહોચ્યાં છે. ચાંદીના ભાવમાં આજે તા.૧૮ સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળી રહ્યો છે. જ્યારે સોનાના ભાવમાં તેજી રહી છે. આજે સોનાનો ભાવ ૭૩,૨૫૦ રૂપિયાની નજીક છે જ્યારે ચાંદીનો ભાવ ૮૮,૭૦૦ રૂપિયાની નજીર કારોબાર કરતો જોવા મળી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના વાયદા ભાવમાં તેજી. જ્યારે ચાંદીના વાયદા ભાવમાં નરમાશ જોવા મળી રહી છે.

## યાગી વાવાઝોડાને કારણે દક્ષિણ-પશ્ચિમ એશિયાના દેશોમાં ૫૦૦ થી વધુના મોત



। (એજન્સી) મ્યાનમાર, તા.૧૮ ।

ગત અઠવાડિયે મ્યાનમારમાં આવેલા યાગી નામના વાવાઝોડા એ તબાહી મચાવી છે. વાવાઝોડાના કારણે ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલન થયું હતું, જેમાં ઓછામાં ઓછા ૨૨૬ લોકોના મોત થયા છે. જયારે ૭૭ લોકો ગુમ થયાના અહેવાલ છે. પ્રાપ્ત માહિતી અનુસાર સરકારી એજન્સી દ્વારા નોંધાયેલા મૃત્યુની સંખ્યા શુક્રવારે નોંધાયેલા પ્રારંભિક આંકડા કરતાં લગભગ સાત ગણી છે. આથી એવી આશંકા છે કે મૃત્યુઆંક વધુ વધી શકે છે. મ્યાનમારના લેટેસ્ટ મૃત્યુઆંક સાથે જ યાગી વાવાઝોડાને કારણે દક્ષિણ-પશ્ચિમ એશિયાના દેશોમાં કુલ મૃત્યુઆંક ૫૦૦ ને વટાવી ગયો છે. તેમજ પૂરના કારણે ૭ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. જેના કારણે મ્યાનમારમાં સંદેશાવ્યવહાર ખોરવાયું છે. આથી જાનહાનિની સંખ્યા નક્કી કરવાનું કામ ધીમું થઈ રહ્યું છે. ASEAN માનવતાવાદી સહાયતા સંકલન કેન્દ્ર અનુસાર, યાગી વાવાઝોડાની અસર વિયેતનામ, ઉત્તરી થાઈલેન્ડ અને લાઓસને થઈ હતી.

### બિગ બોસ સિઝન ૧૮નો પ્રોમો જાહેર

# રિયાલિટી ટીવી શો બિગ બોસ ૧૮માં હવે ૧૮ સ્પર્ધકો જોવા મળશે

### પ્રોમોમાં સ્ટાર સલમાન ખાન બોલતા સાંભળવા મળ્યા

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

ટીવી શોમાં સૌથી ચર્ચિત ગણાતો રિયાલિટી શો બિગ બોસ ૧૮ની ચાહકો લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે. હાલમાં મેકર્સે બિગ બોસ ૧૮નો પ્રોમો પણ જાહેર કર્યો છે. ટીવીના રિયાલિટી શો બિગ બોસને બોલિવુડ સુપરસ્ટાર હોસ્ટ કરશે. જેમ જેમ શો નજીક આવી રહ્યો છે. તેની ચર્ચા પણ થઈ રહી છે. સાથે સ્પર્ધકોને લઈ અનેક અટકળો પણ થઈ રહી છે. હજુ સુધી કોઈ સેલિબ્રિટીના નામ સામે આવ્યા નથી. આ શોમાં સમય સાથે જોડાયેલી થીમ જોવા મળી રહી છે. જે હાલમાં બિગ બોસ ૧૮નો પ્રોમો સામે આવ્યો છે.




આ પ્રોમોમાં સલમાન ખાન બોલતા સાંભળવા મળે છે કે, હવે બિગ બોસ જોશે ઘરનું ફ્યુચર, ઘરમાં થશે સમયનો તાંડવ. એટલે સ્પષ્ટ હશે કે, દર વખતની જેમ આ વખતે પણ કાંઈ યુનિક જોવા મળશે. હાલમાં એવી માહીતી મળી છે કે ધીરજ કપૂર અને નિયા શર્માને બિગ બોસ ૧૮માં સામેલ કરવા માટે સાઈન કરવામાં આવ્યા છે. બિગ બોસ માટે શોએબ ઈબ્રાહિમનું નામ પણ સામેલ છે, રિપોર્ટ અનુસાર જ્યારે તે બિગ બોસ સાઈન કરે છે તો એક એનડીએ સાથે આવે છે. જેના માટે તે કાંઈ બોલતા નથી. આ વખતો શોમાં ૧૩ નહિ પરંતુ ૧૮ સ્પર્ધકો ભાગ લેતા જોવા મળશે. સાથે બોલિવુડ અભિનેત્રી ઈશા કોપિકર પણ બિગ બોસ ૧૮માં સામેલ થઈ શકે તેવી વાતચીત ચાલી રહી છે. હવે તે શોમાં સામેલ થશે કે નહિ તે આવનાર સમય જ જાણ થશે. આ સિવાય સમાચાર એવા પણ છે કે, નિયા શર્મા શોનો ભાગ નથી અને ધીરજનું નામ કન્ફર્મ છે. જેવો પ્રોમો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ચાહકો કોમેન્ટ કરી રહ્યા છે.

### હુમલામાં ૩ લોકો ઘાયલ થયા

# કર્ણાટકમાં ગણેશ વિસર્જન દરમિયાન મોટો ઝઘડો થયો

### બે ડાન્સ કરતા યુવકોએ એકબીજાને અથડાયા હતા : આ પછી બંને વચ્ચે ઝઘડો થયો અને મારામારી થઈ હતી

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૮ ।

કર્ણાટકના બેલગાવીમાં ગણેશ વિસર્જન દરમિયાન છરી વડે હુમલાની ઘટના સામે આવી છે. આ હુમલામાં ત્રણ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા યુવાનોએ ગણેશ વિસર્જન શોભાયાત્રામાં ભાગ લીધો હતો. આ ઘટનામાં ઘાયલ થયેલા લોકોની ઓળખ દર્શન પાટીલ, સતીશ પૂજારી અને પ્રવીણ ગુંદિયાગોલા તરીકે થઈ છે. આ અંગે બેલાગવી પોલીસ કમિશનર ઈ માર્ટિને જણાવ્યું કે છરાબાજીની ઘટના સિવિલ હોસ્પિટલ પાસે બની હતી. વિસર્જન



સરઘસ દરમિયાન બે ડાન્સ કરતા યુવકોએ એકબીજાને અથડાયા હતા. આ પછી બંને વચ્ચે ઝઘડો થયો અને મારામારી થઈ. ત્યાં હાજર પોલીસે બંનેને સમજાવીને ત્યાંથી અલગ કર્યા હતા. સરઘસ પુરુ થયા બાદ એક યુવક તેના મિત્રો સાથે ત્યાં આવ્યો હતો અને ત્રણેયને માર માર્યો હતો અને છરી વડે હુમલો કર્યો હતો. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ ઘટના અંગે પોલીસ કમિશનર ઈ માર્ટિને કહ્યું કે આ ઘટના શોભાયાત્રા દરમિયાન બની નથી. સિવિલ હોસ્પિટલ પાસે આ ઘટના બની હતી. પ્રાથમિક તપાસમાં સરઘસ દરમિયાન થોડી ઝપાઝપી થઈ હોવાનું જાણવા મળે છે. ત્યાં હાજર પોલીસ ટીમે દરમિયાનગીરી કરીને બંને જૂથોને અલગ કર્યા હતા. સરઘસ સમાપ્ત થયા બાદ આ ઘટના બની હતી. અમને જાણવા મળ્યું કે પીડિત અને આરોપી વચ્ચે અગાઉથી કેટલીક દુશ્મની હતી.



નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે NPS વાત્સલ્ય યોજનાના લોકપર્ણ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા દીપ પ્રગટાવવામાં આવ્યો.

### ગ્રહના અભ્યાસ માટે ૧૨૩૬ કરોડની ફાળવણી ૮૨૪ કરોડ રૂપિયા અંતરિક્ષ યાન પર ખર્ચ કરાશે

## ચંદ્ર અને મંગળ પછી શુક્ર મિશનને કેબિનેટની મંજૂરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કેન્દ્રીય કેબિનેટે ૧૮ સપ્ટેમ્બરે યોજાયેલી એક બેઠકમાં અવકાશ વિજ્ઞાન ક્ષેત્રના પણ અનેક પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. રસપ્રદ વાત એ છે કે, તેમાં વિનસ ઓર્બિટર મિશન પણ સામેલ છે. આ મિશન હેઠળ ભારતીય વિજ્ઞાનીઓ શુક્ર ગ્રહને સમજવા માટે ત્યાં ઓર્બિટર મોકલીને વિવિધ ડેટા ભેગો કરશે. આ મિશન હેઠળ એક ખાસ સ્પેસક્રાફ્ટ તૈયાર કરાશે, જે શુક્રની ચોતરફ ચક્કર મારીને તેની સપાટી, વાયુ મંડળ અને સૂરજની અસરો વગેરેનો ડેટા ભેગો કરશે. આ સાથે કેબિનેટે ચંદ્રયાન-૪, ગગનયાન, ઈન્ડિયન સ્પેસ સ્ટેશન અને નેક્સ્ટ જનરેશન લૉન્ચ વ્હિકલ વિકસાવવાની યોજનાઓને પણ મંજૂરી આપી છે. આજે બુધવારે કેન્દ્રીય કેબિનેટ દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને ચંદ્ર પર ઉતારવા અને તેમને સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત ફરવા માટે જરૂરી ટેક્નોલોજી વિકસાવવા અને દર્શાવવા માટેના નવા ચંદ્ર મિશન ચંદ્રયાન-૪ને મંજૂરી આપી છે. જેમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશનના વિસ્તરણની સાથે અન્ય ઘણાં નિર્ણયોને મંજૂરી આપવામાં આવી છે. જે ગગનયાનના વિસ્તરણ અને શુક્ર ગ્રહ પર મિશન મોકલવાની યોજના છે.' અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશનનું વિસ્તરણ કરવામાં આવ્યું છે, તેનું આગામી પગલું ચંદ્ર પર માનવ મિશન મોકલવાનું છે. જેના પ્રારંભિક તબક્કાને લઈને મંજૂરી આપી દેવામાં આવી છે. વિનસ ઓર્બિટર મિશન, ગગનયાન ફોલો-ઓન અને ઈન્ડિયન સ્પેસ સ્ટેશન અને નેક્સ્ટ જનરેશન માટે લૉન્ચ વ્હીકલ ડેવલપમેન્ટને પણ મંજૂરી આપવામાં આવી છે. ચંદ્રયાન-૪ મિશન હેઠળ ચંદ્રના ખડકો અને માટીને પૃથ્વી પર લાવવામાં આવશે.' આ વિશે વધુ વાત કરતા તેમણે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશન ભારતીય અવકાશયાત્રીઓને વર્ષ ૨૦૪૦ સુધીના આયોજન સાથે ચંદ્ર પર ઉતારવા અને સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત કરવા માટે જરૂરી ટેક્નોલોજી મેળશે. જેમાં ડોકિંગ/અનડોકિંગ, લેન્ડિંગ, પૃથ્વી પર સુરક્ષિત પરત ફરવા અને ચંદ્રના નમૂનાના સંગ્રહ અને વિશ્લેષણને પૂર્ણ કરવા માટે જરૂરી ટેક્નોલોજીઓનું પ્રદર્શન કરવામાં આવશે.' મળતી માહિતી પ્રમાણે, ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેશન મિશન ચંદ્રયાન-૪ માટે કુલ ફંડની જરૂરિયાત રૂ.૨,૧૦૪.૦૬ કરોડ છે. જેમાં અવકાશયાનના વિકાસ અને પ્રક્ષેપણની જવાબદારી ISROની રહેશે. ઉદ્યોગ અને શિક્ષણવિદોની ભાગીદારી સાથે આ મિશન મંજૂરીના ૩૬ મહિના સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

### રાહુલ ગાંધીના વિરોધમાં નિવેદન આપવા ભારે પડ્યાં

# એનડીએના 3 નેતા અને શિવસેના ૧ નેતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૮ ।

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી વિરુદ્ધ ખોટા નિવેદનો આપવા NDAના નેતાઓને ભારે પડ્યું. રાહુલ ગાંધી વિરુદ્ધ 'વિવાદાસ્પદ અને ધમકીભર્યા નિવેદનો' આપવા બદલ કોંગ્રેસ નેતાએ NDA ૩ નેતાઓ અને શિવસેના ૧ નેતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી છે. AICCના કોષાધ્યક્ષ અને મહાસચિવ અજય માકને તુગલક રોડ પોલીસ સ્ટેશનના એસએચઓને ફરિયાદ આપી છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, નિવેદનોનો હેતુ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની સુરક્ષાને જોખમમાં નાખવી અને સમગ્ર દેશમાં શાંતિ ભંગ કરવાનો છે. AICCના કોષાધ્યક્ષ અને મહાસચિવ અજય માકને તુગલક રોડ પોલીસ સ્ટેશનના SHO ને આપેલી ફરિયાદમાં કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટુ, ભાજપના નેતાઓ તરવિંદર સિંહ મારવાહ અને રઘુરાજ સિંહની સાથે-સાથે શિવસેનાના ધારાસભ્ય સંજય ગાયકવાડની તાજેતરની ટિપ્પણીઓનો હવાલો આપ્યો છે. માકને નેતાઓ સામે FIR નોંધવાની માંગ કરી છે. પોલીસ ફરિયાદ કર્યા બાદ માકને કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ કે, સ્વ. ઈન્દિરા ગાંધી અને સ્વ. રાજીવ ગાંધીએ દેશ માટે પોતાનું બલિદાન આપ્યું છે. તેમ છતાં આ લોકો આ પ્રકારની ધમકીઓ આપી રહ્યા



છે. ભારતમાં રાજકારણ આટલા નીચા સ્તરે ન જઈ શકે. માત્ર ભાજપના એક નેતા જ નહીં પરંતુ ઘણા નેતાઓએ એવી વાતો કહી છે પરંતુ ભાજપે કોઈ કાર્યવાહી ન કરી. રાહુલ ગાંધી એસસી, એસટી, ઓબીસી, આદિવાસી અને લઘુમતી વિશે વાત કરે છે. આ જ કારણ છે કે, ભાજપના લોકોને તેમની વાત પસંદ નથી આવતી. આ જ કારણોસર તેઓ તેમને ધમકાવી રહ્યા છે. માકને આગળ કહ્યું કે, કોંગ્રેસ ડરી જનારી કે ઝૂકવા વાળી પાર્ટી નથી. પોલીસ ફરિયાદમાં માકને કહ્યું કે, ૧૧ સપ્ટેમ્બરના રોજ મારવાહે ભાજપના એક કાર્યક્રમમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ખુલ્લેઆમ હત્યાની ધમકી આપી હતી. તેમણે કહ્યું હતું કે, રાહુલ ગાંધી સુધરી જાઓ નહીંતર આવનારા સમયમાં તમારા હાલ પણ તમારી દાદી જેવા જ થશે. ફરિયાદમાં શિવસેનાના ધારાસભ્ય ગાયકવાડે રાહુલ ગાંધીની જીભ કાપી લાવનારને ૧૧ લાખના ઈનામની જાહેરાત કરી હતી તેનો પણ હવાલો આપ્યો છે.

### લેન્ડ ફોર જોબ કેસ લાલુ પરિવારના વધુ એક સભ્યને સમન્સ

# લાલુ પ્રસાદ યાદવના પુત્ર તેજ પ્રતાપની મુશ્કેલીઓમાં વધારો

। (એજન્સી) પટણા,તા.૧૮ ।

લાલુ પ્રસાદ યાદવના પુત્ર તેજ પ્રતાપની મુશ્કેલીઓ વધવાની છે. લેન્ડ ફોર જોબ કેસમાં તેજ પ્રતાપને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં પણ સમન્સ મોકલવામાં આવ્યા છે. તેમના સિવાય લાલુ પ્રસાદ યાદવ, તેજસ્વી, અખિલેશ્વર સિંહ, હજારી પ્રસાદ રાય, સંજય રાય, ધર્મેન્દ્ર સિંહ, કિરણ દેવીને પણ કોર્ટ દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યા છે. આ મામલામાં સુનાવણી ૭ ઓક્ટોબરે થવાની છે. મળતી માહિતી મુજબ, જે કેસમાં લાલુ પરિવારને સમન્સ પાઠવવામાં આવ્યા છે તે ઘણા વર્ષો જૂનો છે. વાસ્તવમાં લેન્ડ ફોર જોબ કેસ ૨૦૦૪ થી ૨૦૦૯ સુધીનો છે જ્યારે લાલુ પ્રસાદ કેન્દ્રીય રેલ્વે મંત્રી હતા. આરોપ છે કે જ્યારે ઓફિસમાં હતા ત્યારે લાલુ પ્રસાદે પરિવારને જમીન ટ્રાન્સફર કરવાના બદલામાં રેલવેમાં નોકરી આપી હતી. સીબીઆઈએ એવો પણ આરોપ લગાવ્યો છે કે રેલ્વેમાં કરવામાં આવેલી ભરતીઓ ભારતીય રેલ્વેના માપદંડો અને માર્ગદર્શિકા અનુસાર નથી. પટના, મુંબઈ અને અન્ય શહેરોમાં લાલુ પરિવારના સભ્યોના નામે કિંમતી જમીન નોંધાયેલી હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. સીબીઆઈએ ગયા વર્ષે ૧૮ મેના રોજ આ મામલે કેસ નોંધ્યો હતો. જો કે, આ મામલે EDએ તેના વતી કેસ



પણ નોંધ્યો છે. હાલમાં કોર્ટ દ્વારા જે સમન્સ જારી કરવામાં આવ્યા છે તે માત્ર ED કેસમાં જ જારી કરવામાં આવ્યા છે. આ મામલામાં આગામી સુનાવણી ૭ ઓક્ટોબરે થશે. એવું કહેવામાં આવ્યું છે કે આ કેસમાં વધુ સુનાવણી EDની પૂરક ચાર્જશીટના આધારે હાથ ધરવામાં આવશે. આ કેસમાં નવું અપડેટ એ છે કે હવે તેજ પ્રતાપની પણ ધરપકડ કરવામાં આવી છે. અત્યાર સુધી માત્ર લાલુ પ્રસાદ યાદવ, તેજસ્વી યાદવ, રાબડી દેવી, મીસા ભરતને જ હાજરી માટે બોલાવવામાં આવ્યા હતા. પરંતુ હવે દાવો આવ્યો છે કે તેજ પ્રતાપને પણ કોર્ટમાં હાજર થવા માટે કહેવામાં આવ્યું છે, તેમને આ કેસમાં સમન્સ પાઠવવામાં આવ્યા છે. હજુ સુધી તેજ પ્રતાપ દ્વારા આ મામલે કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. લાલુ યાદવે કે તેજસ્વીએ કોઈ નિવેદન આપ્યું નથી. એ અલગ વાત છે કે આરજેડી સમયાંતરે તેને રાજનીતિથી પ્રેરિત ગણાવતી રહે છે.

### લાઉડસ્પીકર અંગે હાઈકોર્ટની મહત્વની ટિપ્પણી

# એક હદથી વધારે તેજ અવાજમાં લાઉડસ્પીકર વગાડવું હાનિકારક છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

બોમ્બે હાઈકોર્ટે બુધવારે કહ્યું હતું કે, જો ગણેશોત્સવ દરમિયાન એક હદથી વધારે તેજ અવાજમાં લાઉડસ્પીકર વગાડવું હાનિકારક છે, તો ઈદમાં પણ તેની અસર થાય છે. કોર્ટે કહ્યું કે, ગણેશોત્સવની જેમ ઈદ-મિલાદ-ઉન-નબીના જુલુસમાં પણ તીવ્ર અવાજથી લાઉડસ્પીકર વગાડવું ખોટું છે. મુખ્ય ન્યાયાધીશ ડી.કે ઉપાધ્યાય અને ન્યાયમૂર્તિ અમિત બોરકરની ખંડપીઠે ઈદ-મિલાદ-ઉન-નબીના જુલુસ દરમિયાન 'ડીજે', 'લેઝર લાઈટ' વગેરેના ઉપયોગ પર પ્રતિબંધ લગાવવાનો અનુરોધ કરતી જનહિતની અરજી (પીઆઈએલ) પર સુનાવણી કરતાં આ ટિપ્પણી કરી હતી. જનહિતની અરજીમાં દાવો કરવામાં આવ્યો કે, ન તો કુરાન અને ન હદીસ (ધાર્મિક



પુસ્તકો)માં ડીજે સિસ્ટમ અને લેઝર લાઈટનો ઉલ્લેખ નથી. ત્યારે પીઠે ગણેશોત્સવની ઠીક પહેલાં, ગત મહિને પાસ કરેલા ઓર્ડરનો હવાલો આપતા કહ્યું કે, તહેવાર દરમિયાન ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) અધિનિયમ, ૨૦૦૦ હેઠળ નક્કી કરેલી સીમાથી વધારે અવાજ કરનાર ધ્વનિ પ્રણાલીઓ અને લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ લગાવવા પર જોર આપવામાં આવ્યું છે. અરજીકર્તાના વકીલ ઓવૈસ પેચકરે કોર્ટને પોતાના પહેલાંના આદેશમાં ઈદને પણ જોડવાની અપીલ કરી, જેના પર ખંડપીઠે કહ્યું કે, તેની જરૂરત નથી. કારણ કે, આદેશમાં 'સાર્વજનિક તહેવાર' નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કોર્ટે અરજીની પતાવટ કરતા કહ્યું કે, 'જો આ ગણેશ ચતુર્થીના દિવસે હાનિકારક છે તો ઈદના દિવસે પણ હાનિકારક છે.' આ સિવાય લેઝર લાઈટના ઉપયોગ પર સવાલ કરતી અરજી પર કોર્ટે અરજીકર્તાને કહ્યું કે, 'માણસ પર આવી લાઈટોથી થતાં હાનિકારક પ્રભાવના વૈજ્ઞાનિક પુરાવાઓ બતાવો. અરજી કરતાં પહેલાં યોગ્ય શોધ કરવી જોઈએ. તમે રિસર્ચ નથી કરી? જ્યાં સુધી વૈજ્ઞાનિકરૂપે સાબિત નહીં થાય કે તેનાથી માણસોને નુકસાન થાય છે, ત્યાં સુધી અમે આવા મુદ્દા પર નિર્ણય કેવી રીતે લઈ શકીએ? આ જ મુશ્કેલી છે, જનહિતની અરજી કરતાં પહેલા યોગ્ય રિસર્ચ કરવી જોઈએ.

### ભારત સરકારે આ મામલે પાકિસ્તાનને નોટિસ મોકલી

# ભારત સરકારે સિંધુ જળ સંધિમાં ફેરફારની માંગણી કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારત સરકારે સિંધુ જળ સંધિમાં ફેરફારની માંગણી કરી છે. ભારત સરકારે આ મામલે પાકિસ્તાનને નોટિસ પણ મોકલી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે વર્તમાન સંજોગોને જોતા સિંધુ જળ સંધિને જાળવી રાખવી શક્ય નથી. ભારતે આ સિંધુ જળ સંધિમાં ફેરફાર કરવાની વાત પણ કરી છે. ભારત સરકાર સાથે જોડાયેલા ટોચના સૂત્રોએ પાકિસ્તાનને મોકલેલી નોટિસ અંગે માહિતી આપી છે. કહેવામાં આવ્યું કે ભારતે સ્પષ્ટપણે કહ્યું કે આ સંધિ ૧૯૬૦થી કાર્યરત છે અને હવે તેના વિવિધ લેખોનું વાસ્તવિક મૂલ્યાંકન કરવું જોઈએ. ભારતે ૩૦ ઓગસ્ટે પાકિસ્તાનને સંધિ સંબંધિત નોટિસ મોકલી હતી. નોટિસમાં ભારતમાં લખવામાં આવ્યું



હતું કે સિંધુ નદીના પાણીનો ઉપયોગ અને વસ્તી વિષયકતા બદલાઈ રહી છે, ભારત સ્વચ્છ ઉર્જા તરફ આગળ વધી રહ્યું છે અને સંધિમાં ફેરફાર પર વિચાર કરવામાં આવે તે જરૂરી છે. ભારતે આતંકવાદનો ઉલ્લેખ કરીને પાકિસ્તાનને ઠપકો પણ આપ્યો હતો. ભારતે કહ્યું કે પાકિસ્તાન સતત અમારી ઉદારતાનો ગેરવાજબી ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. સિંધુ જળ સંધિની વિશેષતાઓ, ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૦ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધિ પર હસ્તાક્ષર થયા હતા. વિશ્વ બેંકે આ સંધિમાં મધ્યસ્થી કરી હતી. તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નેહરુ અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અયુબ ખાને કરાચીમાં આ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા. સંધિ હેઠળ સિંધુ નદીના પાણીની વહેંચણી કરવામાં આવી હતી. ભારતને સિંધુ નદી તંત્રની ત્રણ પૂર્વીય નદીઓ (રાવી, સતલજ અને બિયાસ) અને પાકિસ્તાનને ત્રણ પશ્ચિમી નદીઓ (સિંધુ, ઝેલમ અને ચેનાબ)નું પાણી મળ્યું. -ભારતને પશ્ચિમી નદીઓ પર રન-ઓફ-ધ-રિવર (ROR) પ્રોજેક્ટ દ્વારા વીજળી ઉત્પન્ન કરવાનો પણ અધિકાર છે. સંધિના સંચાર અને અમલીકરણ માટે એક ચેનલ જાળવવા માટે કાયમી સિંધુ કમિશનની રચના કરવામાં આવી હતી.

## તંત્રી લેખ...

# ૨૧મી સદીનો સૌથી મોટો ચમત્કાર

ઈલોન મસ્કની ન્યુરાલિંક બ્લાઈન્ડસાઈટ ચિપ એ ૨૧મી સદીનો સૌથી મોટો ચમત્કાર કરી દેખાડ્યો છે. આ ચિપ દ્વારા હવે એવા લોકો પણ વિશ્વને જોઈ શકશે જેઓ જન્મથી જ નેત્રહીન છે અથવા જેમણે પોતાની ઓપ્ટિક નર્વ એટલે કે ઓપ્ટિક તંત્રિકા ગુમાવી દીધી છે. આ ચિપને નેત્રહીનોમાં ઈમ્પ્લાન્ટ કરવામાં આવશે. યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટે ઈલોન મસ્કની ન્યુરાલિંકને 'બ્લાઈન્ડસાઈટ' ચિપ ઈમ્પ્લાન્ટ કરવાની મંજૂરી આપી દીધી છે. આ માટે હ્લઢછ દ્વારા બ્લાઈન્ડસાઈટ ચિપને બ્રેકથ્રુ ડિવાઈસ ટેગ આપવામાં આવ્યો છે. અમેરિકાના દિગ્ગજ ઉદ્યોગપતિ ઈલોન મસ્કની બ્રેન-ચિપ સ્ટાર્ટઅપ ન્યૂરાલિંકે મંગળવારે કહ્યું કે, દ્રષ્ટિ પુનઃસ્થાપિત કરવાના હેતુથી કરવામાં આવેલા અમારા પ્રાયોગિક પ્રત્યારોપણને અમેરિકન એફડીએનો 'બ્રેકથ્રુ ડિવાઈસ' ટેગ મળ્યો છે. તમને જણાવી દઈએ કે, એફડીએનો બ્રેકથ્રુ ટેગ કેટલાક એવા તબીબી ઉપકરણોને આપવામાં આવે છે જે જીવન માટે જોખમી પરિસ્થિતિઓની સારવાર અથવા નિદાન કરવામાં સક્ષમ હોય છે. તેનો હેતુ વિકાસમાં તેજી લાવવાનો અને વર્તમાનમાં વિકાસ હેઠળના ઉપકરણોની સમીક્ષા કરવાનો છે. ઈલોન મસ્કે બ્લાઈન્ડસાઈટ ચિપને હ્લઢછનું અપ્રૂવલ મળી ગયા બાદ ઠ પોસ્ટ કરીને લખ્યું કે, બ્લાઈન્ડસાઈટના નામથી ઓળખાતા આ પ્રાયોગિક ઉપકરણ એ લોકોને પણ દોવામાં સક્ષમ બનાવી દેશે જેમણે પોતાની બંને આંખો અને ઓપ્ટિક તંત્રિકા ગુમાવી દીધી છે. જોકે, ન્યુરાલિંકે બ્લાઈન્ડસાઈટ ડિવાઈસના માનવ પરીક્ષણમાં જવાની અપેક્ષા વિશે વિવરણ માગવા માટેની વિનંતીનો તેણે તાત્કાલિક જવાબ ન આપ્યો. તમને જણાવી દઈએ કે, મસ્ક અને એન્જિનિયરોના એક ગ્રુપ દ્વારા ૨૦૧૬માં સ્થપાયેલ ન્યુરાલિંક એક બ્રેઈન ચિપ ઈન્ટરફેસનું નિર્માણ કરી રહી છે જેને ખોપડીની અંદર ઈમ્પ્લાન્ટ કરી શકાય છે. આ અંગે મસ્કે કહ્યું કે, આ વિકલાંગ દર્દીઓની દ્રષ્ટિ પુનઃસ્થાપિત કરી શકે છે અને સાથે સાથે તેઓને ફરીથી ચાલવા અને વાતચીત કરવા સક્ષમ બનાવી શકે છે. ન્યુરાલિંકના ઉપકરણમાં એક ચિપ હોય છે જે તંત્રિકા સંકેતોની પ્રક્રિયા અને પ્રસારણ કરે છે, જેને કમ્પ્યુટર અથવા ફોન જેવા ઉપકરણોમાં ટ્રાન્સમિટ કરી શકાય છે. આ સ્ટાર્ટઅપ અલગથી એક ઈમ્પ્લાન્ટનું પરીક્ષણ કરી રહ્યું છે જે લકવાગ્રસ્ત દર્દીઓને એકલા વિચારવાથી ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કરવાની ક્ષમતા આપે છે. તેનાથી એક સંભાવના છે જે કરોડરજ્જુની ઈજાઓ ધરાવતા દર્દીઓને મદદ કરી શકે છે.

## રાજ્યોએ રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના લાગુ કરવાનો નિર્ણય

હિમાચલ પ્રદેશ એક આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહેલું રાજ્ય છે. આ સંકટે અહીં કોંગ્રેસ શાસિત રાજ્ય સરકાર અને મુખ્ય વિપક્ષ ભારતીય જનતા પાર્ટી વચ્ચે રાજકીય સંઘર્ષને પણ જન્મ આપ્યો છે. રાજ્યની આર્થિક સમસ્યાઓ મોટાભાગે મોટી ઉધાર ખરીદીઓ, આત્યંતિક પેન્શન અને ઊંચા પગાર બજેટ, મફત સેવાઓ અને અપૂરતી આવકને આભારી હોઈ શકે છે, અરૂણાચલ પછી હિમાચલ પ્રદેશ તેના દરેક નાગરિક પર સૌથી વધુ માથાદીઠ દેવું ધરાવતું રાજ્ય બની ગયું છે, દરેક નાગરિક માથે અહીં રાજ્ય તરફથી રૂ. ૧.૧૭ લાખનું દેવું છે જે સરકારે ક્યાંક ને ક્યાંક ચૂકવવાનું બાકી છે. રાજ્યનું કુલ બાકી દેવું ઈ. સ. ૨૦૨૧-૨૨માં રાજ્યના કુલ સ્થાનિક ઉત્પાદનના ૩૭ ટકાથી વધીને હવે ઈ. સ. ૨૦૨૪-૨૫માં ૪૨.૫ ટકા થયું છે. રાજકોષીય ખાધ ઈ. સ. ૨૦૨૧-૨૨માં જીડીપીના ૪.૦૫ ટકાથી વધીને ઈ. સ. ૨૦૨૨-૨૩માં ૬.૪ ટકા થઈ ગઈ છે. ઈ. સ. ૨૦૨૩-૨૪માં પણ, રાજકોષીય ખાધ સંશોધિત અંદાજ મુજબ ૫.૯ ટકા રહી હતી, જે બજેટ અંદાજ કરતાં ૧.૩ ટકા વધુ હતી. સુધારેલા અંદાજમાં મહેસૂલ ખાધ પણ ૨.૬ ટકાના વધારાના સ્તરે હતી. બજેટ અંદાજમાં તે ૨.૨ ટકા હોવાનું કહેવાયું હતું. હિમાચલ પ્રદેશ, રાજ્યના કુલ ખર્ચમાં તેના મહેસૂલ ખર્ચના હિસ્સાના સંદર્ભમાં પણ ઘણું આગળ છે જ્યાં તે ૯૦ ટકાની નજીક છે. અહેવાલ છે કે રાજ્ય સરકાર નાણાંકીય સ્થિતિ સુધારવા માટે હોટલ માટે સબસિડીવાળી વીજળી, ગ્રામીણ વિસ્તારોમાં મફત પાણી અને મહિલાઓ માટે રાહત બસ ટિકિટ જેવી કેટલીક સબસિડી યોજનાઓ ટૂંક સમયમાં જ સમાપ્ત કરી રહી છે. રાજ્યોની નાણાંકીય સ્થિતિ પર ભારતીય રિઝર્વ બેંકના અહેવાલ મુજબ, વિવિધ રાજ્યો તેમના કુલ ખર્ચના માત્ર ૫૮ ટકા જ તેમના પોતાના સ્ત્રોતોમાંથી પૂરા કરવામાં સક્ષમ છે. આ દર્શાવે છે કે નાણાંકીય ક્ષમતામાં સુધારો કરવાની જરૂર છે. તાજેતરના અભ્યાસો એ પણ દર્શાવે છે કે રોગચાળાની રાજ્યોના રાજકોષીય સ્વાસ્થ્ય પર બહુ ઓછી અસર પડી હતી અને તાજેતરના વર્ષોમાં માલ અને સેવા કર વસૂલાતમાં નોંધપાત્ર સુધારો થયો હોવા છતાં, કેટલાક રાજ્યોને રાજકોષીય પુનર્ગઠનની જરૂર હતી. ઉદાહરણ તરીકે, ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી અને બજેટ મેનેજમેન્ટ રિવ્યુ કમિટીએ ઈ. સ. ૨૦૧૮માં ભલામણ કરી હતી કે રાજ્યોનું દેવું ૨૦ ટકા જેટલું હોવું જોઈએ. ડેટા દર્શાવે છે કે ઈ. સ. ૨૦૨૩ - ૨૪માં ૧૨ રાજ્યોનો ૩૫ ટકાથી વધુ હતા જ્યારે ૨૪ રાજ્યોના ૨૦ ટકાથી વધુ હતા. ચૂંટણીલક્ષી લાભ માટે સબસિડીનો ઉપયોગ પણ રાજ્યોના વધતા દેવાનું એક કારણ છે. નેતાઓને લોકલુભાવન મતચુંબકીય જાહેરાતો કરવી બહુ મીઠી લાગે છે પરંતુ સત્તા પર આવ્યા પછી એની કડવાશ જંપ લેવા દેતી નથી. ટૂંકા ગાળામાં આ તેમની ઉધાર ક્ષમતાને અસર કરી શકશે નહીં કારણ કે બજાર રાજકોષીય ક્ષમતાને કારણે રાજ્યો વચ્ચે ભેદ પાડતું નથી કારણ કે કેન્દ્ર તરફથી હસ્તક્ષેપ અને મદદનો અવકાશ હોય છે. જો કે, કેટલાક રાજ્યોમાં સતત ઊંચા દેવાથી જોખમ ઊભું થશે. સતત ઊંચું દેવું વ્યાજના બોજમાં વધારો કરવાનું ચાલુ રાખશે અને રાજ્યો માટે ઊંચા ખર્ચની પ્રતિબદ્ધતાઓ સાથે નવા વિકાસ કાર્ય હાથ ધરવાનું મુશ્કેલ બનાવશે. આવી સ્થિતિમાં, ખર્ચને તર્કસંગત બનાવીને રાજ્યોના બજેટને સંતુલિત કરવું મહત્વપૂર્ણ છે. હિમાચલ પ્રદેશ સહિત કેટલાક રાજ્યોએ રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના લાગુ કરવાનો નિર્ણય લીધો છે. તેનાથી તેમની આર્થિક સ્થિતિ પર દબાણ વધશે. ઉચ્ચ સામાન્ય સરકારી દેવું અને ખાધને જોતાં, ભારતમાં રાજકોષીય પરિસ્થિતિ પર વ્યાપક ચર્ચાની જરૂર છે. લોકપ્રિય સરકાર બનવાની રેસ, રાજ્ય સહિત દેશની લાંબા ગાળાની સંભાવનાઓને અસર કરી શકે છે.

**માનવી જે કંઈ કરે એ શ્રદ્ધાપૂર્વક ન કરે તો એનું કોઈ મહત્વ રહેતું નથી, પછી તે દેવ જન્ય પૂજા પાઠ હોય, કે પિતૃ જન્ય!**

# પિતૃ ઋણ અદા થઈ જાય છે, કે પછી જીવતા જ ઈશ્વર જેમ શ્રદ્ધાથી જતન કરવું જરૂરી છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણે ત્યાં શ્રાદ્ધ દરમિયાન કાગવાસ નાખવાની પણ એક પ્રથા છે, કાગડાનું આયુષ્ય ૨૦૦ વર્ષનું આંકવામાં આવ્યું છે, એટલે કે કાગડાએ આપણા પિતૃઓને જોયા જ હોય, એ રીતે તેને શ્રદ્ધાથી કાગવાસ નાખવામાં આવે છે, ભાદરવા મહિનામાં કાગડી બચ્ચાને જન્મ આપતી હોવાથી, પક્ષીનો વંશવેલો વધે અને એ પ્રજાતિ જીવીત રહે એવું પણ આની પાછળ એક કારણ છે.**

શ્રાવણ જતાં ભાદરવો શરૂ થયો, ગણેશ વિસર્જન પણ પૂર્ણ થયું. માનવીનું જીવન ધર્મ પરાયણ રહે એ માટે દર મહિને કોઈને કોઈ તિથિ વાર પ્રમાણે તેનું મહત્વ દર્શાવી સમાજને અનુશાસનમાં રાખવાનું ખુબ સુંદર કામ કર્યું છે. આજથી શ્રાદ્ધ શરું થાય છે, એટલે આપણા પિતૃઓના ચરણોમાં શ્રાદ્ધ રુપે શ્રદ્ધા સુમન સમર્પિત કરવા વિશે જોઈએ. ભાદરવા મહિનામાં ૧૬ દિવસ પિતૃના ગણવામાં આવે છે. શાસ્ત્રોમાં કહ્યા મુજબ માનવી પર ત્રણ પ્રકારના ઋણ હોય છે, દેવ ઋણ, આચાર્ય ઋણ, અને પિતૃ ઋણ, જે તેને પોતાના જીવન દરમિયાન પોતપોતાના ભાવથી ઉતારવાનું હોય છે. દેવદેવીને લઈને તો આપણે ત્યાં કેટલા એ ઉત્સવો ઉજવાય છે, અને એ સમય દરમિયાન આપણે પૂજા પાઠ, યજ્ઞ, દાન, ઈત્યાદી કરી દેવ ઋણ ઉતારવાની કોશિશ કરતા હોઈએ છીએ. આચાર્ય ઋણ પણ ગુરુપૂર્ણિમા જેવા દિવસે ગુરુદક્ષિણા આપીને કે પછી અન્ય રીતે ઉતારવાની કોશિશ કરતા હોઈએ છીએ. પિતૃઓના તર્પણ માટે ભાદરવા મહિનાની પૂનમ અને કૃષ્ણ પક્ષના એમ ૧૬ દિવસ મુકરર કરવામાં આવ્યા છે, અને તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે. તો પ્રશ્ન થાય કે શ્રાદ્ધ પક્ષમાં શું માત્ર શ્રાદ્ધ કરવાથી પિતૃ ઋણ અદા થઈ જાય છે?? કે પછી જીવતા જ ઈશ્વર જેમ શ્રદ્ધાથી જતન કરવું જરૂરી છે?? આમ તો જીવતા હોય ત્યારે તેમને સંતોષ રહે, એ રીતનું જીવન જીવવું જોઈએ, જેથી કરીને પિતૃઓની સદગતિ થાય. પરંતુ ભાદરવા મહિનાના આ દિવસો દરમિયાન તેમની મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે, તો જ એમની સદગતિ થાય છે. માનવી જે કંઈ કરે એ શ્રદ્ધાપૂર્વક ન કરે તો એનું કોઈ મહત્વ રહેતું નથી, પછી તે દેવ જન્ય પૂજા પાઠ હોય, કે પિતૃ જન્ય! એટલે સંપૂર્ણપણે શ્રદ્ધા વધારતું પર્વ એટલે શ્રાદ્ધ. આપણે ત્યાં પૂર્વ જન્મ અને પુનર્જન્મની બહુ મોટી વાત છે, બીજા ધર્મમાં એ વાતની પુષ્ટિ થતી નથી. એટલે કે પિતૃનું અસ્તિત્વ ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જોવા મળે છે, અને સૌ પ્રથમ બ્રહ્માજીએ શ્રાદ્ધની વાત કરી હતી. તેમણે પુરાણોમાં કહ્યું છે કે પિંડદાન કરીને, પિતૃનું તર્પણ કરવાથી તેમની સદગતિ થાય છે. મહાભારતના શાંતિ પર્વ નામના અધ્યાયમાં યુધિષ્ઠિર પણ પિતામહ ભિષ્મને આ સવાલ કરે છે, કે શ્રાદ્ધની ઉત્પત્તિ કોણે કરી, અને શ્રાદ્ધ શું કામ કરવું જોઈએ? ત્યારે પિતામહ ભીષ્મ જવાબ આપે છે, કે દેવલોકમાં પણ શ્રાદ્ધ કરવામાં આવે છે. સૌ પ્રથમ શ્રાદ્ધ બ્રહ્માએ પિંડદાન મૂકીને કર્યું હતું,



જ્યારે મૃત્યુલોકમાં સૌ પ્રથમ શ્રાદ્ધ, નેમી રાજાએ પીંડ દાન મુકીને કર્યું હતું. એટલે શ્રાદ્ધનો ઈતિહાસ માનવીના પૃથ્વી પરના અસ્તિત્વથી જ શરૂ થયેલો છે, અને દેવલોક, તેમજ મૃત્યુલોકમાં તેને અનુસરવામાં આવે છે. આજે પણ લોકો ખૂબ જ શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓનું શ્રાદ્ધ કરતાં જોવા મળે છે, જે આમ તો જીવનનાં અંત સુધી પોતાને આ પૃથ્વી પર લાવનાર ને યાદ કરી આભાર માની અને ઋણ ઉતારવાની વાત છે. પૂનમથી શરૂ કરીને અમાસ સુધીના આ ૧૬ દિવસનાં સોળ શ્રાદ્ધમાં આપણે ત્યાં મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે છે, અને જે તે વ્યક્તિના મૃત્યુ પછી ત્રીજા વર્ષમાં શ્રાદ્ધ બેસાડવામાં આવે છે. એટલે કે એમને પિતૃમાં ભેળવવામાં આવે છે, અને એની ખાસ કર્મકાંડીય વિધિ કરવામાં આવે છે. પૂનમથી અમાસ સુધીના ૧૬ દિવસમાં આપણાં વડવાઓમાં ઘણા બધા મૃત્યુ પામેલા હોય, છતાં આપણે ત્યાં શ્રાદ્ધમાં ભેળવવાની વિધિને કારણે આપણે એક જ શ્રાદ્ધ કરવું પડે છે. પતિ પત્ની પણ અંતે તો એક જ હોવાથી એમનું પણ એક જ શ્રાદ્ધ કરવામાં આવે છે, સિવાય કે પત્ની પતિ કરતા પહેલાં અવસાન પામે તો એનું અલગ શ્રાદ્ધ કરવું પડે. એકમનું શ્રાદ્ધ કરવાથી વંશવૃદ્ધિ પ્રાપ્ત થાય છે, એટલે સંતાન મેળવવાની ચાહ રાખનાર લોકો એકમનું શ્રાદ્ધ કરે છે. જ્યારે અમાસનું શ્રાદ્ધ કરવાથી તમામ મનોકામના પૂર્ણ થાય છે, એવી પણ એક વાત શાસ્ત્રોમાં કરવામાં આવી છે, એટલે જ એને સર્વ પિતૃ અમાસ કહેવામાં આવે છે. એટલે કોઈને વાર તિથી યાદ ન હોય તો પણ એ અમાસનું શ્રાદ્ધ કરી શકે છે. આપણે ત્યાં શ્રાદ્ધ દરમિયાન કાગવાસ નાખવાની પણ એક પ્રથા છે. કાગડાનું આયુષ્ય ૨૦૦ વર્ષનું આંકવામાં આવ્યું છે, એટલે કે કાગડાએ આપણા પિતૃઓને જોયા જ હોય, એ રીતે તેને શ્રદ્ધાથી કાગવાસ નાખવામાં આવે છે. ભાદરવા મહિનામાં કાગડી બચ્ચાને જન્મ આપતી હોવાથી, પક્ષીનો વંશવેલો વધે અને એ પ્રજાતિ જીવીત રહે એવું પણ આની પાછળ એક કારણ છે. કાગડાની ચરકમાંથી પીપળો અને વડ જેવા વૃક્ષો ઉત્પન્ન થતા હોય છે, અને પીપળો વાતાવરણમાં પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મુક્ત કરતું વૃક્ષ હોવાથી લાભદાયી છે. પીપળામાં પિતૃઓનો વાસ છે, એવી માન્યતાથી, પીપળે પાણી રેડવાની પ્રથા છે, અને એટલે પીપળાના વૃક્ષનો વધુને વધુ ઉછેર થાય, અને વાતાવરણમાં શુદ્ધ ઓક્સિજન ભળતો રહે, એ તેનું મુખ્ય કારણ છે. શ્રાદ્ધમાં ગૌગ્રાસની પરંપરા છે. ગાયમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓનો વાસ હોવાથી, આ રીતે આપણા પિતૃ તર્પણ નિમિત્તે દેવતાઓને પ્રસન્ન કરવાની એક ચેષ્ટા પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ગાયના દૂધ અને દૂધની બનાવટો વગેરેથી આપણે નિરોગી રહી શકીએ છીએ. ભાદરવા મહિનામાં આંકરા તડકા પડતા હોવાથી ગાયુંને ઘાસ વગેરે મળી રહેતું નથી, અને તેથી ગૌ વંશની રક્ષાનું આ વ્રત શ્રાદ્ધને દિવસે ગાયને થાળી જમાડવીની વાત આ રીતે હિન્દુ સંસ્કૃતિ સાથે જોડવામાં આવે છે. શ્રાદ્ધમાં આપણે ત્યાં દૂધપાક અને ખીર વગેરે વ્યંજનો બનાવવામાં આવે છે. સંધિ કાળના આ સમયગાળા દરમિયાન, માનવીય શરીરમાં પિત્તજન્ય રોગોનો વિકાર થવાની પૂર્ણપણે શક્યતા રહેલી છે, અને દૂધ એ પિત્ત માટે સૌથી ઉત્તમ ઔષધી હોવાથી, ભાદરવા પૂનમથી શરૂ કરી શરદપૂર્ણિમા સુધી દૂધનું સેવન કરવાથી, એ આરોગ્ય માટે લાભદાયક બને છે. દૂધપાક કે ખીરમાં સાકર કે ખાંડ ઉમેરવામાં આવે છે અને ગળ્યા પદાર્થો આમ પણ માનવીની માનસિક નબળાઈ હોય છે. મીઠાઈ વગેરે ખાવાથી મન પણ પ્રફુલિત રહે છે, એટલે આ રીતે માનવી પોતાનું શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખે છે. શ્રાદ્ધને દિવસે આપણે ત્યાં બ્રહ્મ ભોજનનું મહત્વ છે, પહેલાં બ્રાહ્મણો કર્મકાંડ સિવાય આર્થિક ઉપાર્જન માટે કોઈ વ્યવસાય કરતાં નહીં, એટલે આ રીતે તેમનો જીવન નિર્વાહ ચાલતો રહે, એ માટે થઈને બ્રહ્મ ભોજન કરાવી દાન દક્ષિણા આપવાનો એક મહિમા છે. તો આપણે સૌ પણ આપણી સંસ્કૃતિ પ્રત્યે વધુને વધુ શ્રદ્ધા રાખી પિતૃના ચરણોમાં શ્રદ્ધા સુમન રાખી શ્રાદ્ધ પર્વની ઉજવણી કરીશું. પિતૃ ઋણ ઉતારવાની મળતી તકને અનુસરીને આપણી સંસ્કૃતિને સદા જીવંત રાખીએ. એમનાં જીવતાં જ આપણાં હૃદયમાં માતાપિતા તેમજ વડીલો માટે માન સન્માન અને આદરની લાગણી સદા અકબંધ રહેતો એમને પિતૃ યોનીમાં જવું જ ન પડે, અને એકદમ સંતોષથી જીવે અને મૃત્યુ માર્ગે જાય! સનાતન ધર્મની જય.

**કર્દમ દેવહુતિને ત્યાં નવ કન્યાઓ થઈ, નવ કન્યાઓનો પિતા થાય તેને ત્યાં કપિલ આવે છે, આ નવ કન્યાઓ એટલે નવધા ભક્તિ**

# સોશીયલ મીડીયાથી આજકાલ જ્ઞાનનો પ્રચાર બહુ થઈ રહ્યો છે, પણ પૂર્ણ સંયમ વિના જ્ઞાન આવે નહીં



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કપિલ ભગવાનનો જન્મ થયો છે, દેવહુતિ કહે છે, હવે તમે ગૃહસ્થા શ્રમનો ત્યાગ કરી શકો છો, ત્યારે કર્દમ કહે છે કે, આ નવ કન્યાની મને ચિંતા થાય છે, મહાભારતમાં કથા છે, ભીષ્મ પ્રતિજ્ઞા કરી કે આવતી કાલે અર્જુનને મારીશ, આતો ભીષ્માચાર્યની પ્રતિજ્ઞા! શ્રીકૃષ્ણને ચિંતા થઈ, આવતી કાલે મારા અર્જુનનું શું થશે એ અર્જુનને જોવા આવ્યા ત્યારે અર્જુન તો ઘસઘસાટ ઊંઘતો હતો.**

આજે પણ એ ટીકા ભામતી ટીકા ને નામે ઓળખાય છે.આવો હતો ભારત વર્ષ. એક ઘરમાં છત્રીસ વર્ષો સંયમથી રહ્યાં. આવા પુરુષો ને જ્ઞાન મળે છે. બાકી કાંઈ જ્ઞાન બજારમાં મળતું નથી. સોશીયલ મીડીયાથી આજકાલ જ્ઞાનનો પ્રચાર બહુ થઈ રહ્યો છે, પણ પૂર્ણ સંયમ વિના જ્ઞાન આવે નહીં. પૂર્ણ સંયમ વિના પરમાત્મા પ્રગટ થાય નહીં. આ ટિક્કા એટલે એક દિવસ વાચસ્પતિ મિશ્રા બ્રહ્મસૂત્રના શાંકરભાષ્ય ઉપર ટીકા લખતા હતા. એક લીટી બરાબર બેસતી ન હતી. એવામાં દીવો થોડો મંદ થયો એટલે તેમની પત્ની દીવામાં ની વાટ સંકોરે છે. અચાનક વાચસ્પતિની નજર તેના ઉપર દોડે છે. તેઓ પૂછે છે, દેવી, તમે કોણ છો? તેમની પત્ની કહે છે, હું ભામતી તમારી પત્ની. છત્રીસ વર્ષ પહેલા આપણા લગ્ન થયેલાં. હવે વાચસ્પતિને સઘળું જ્ઞાન થાય છે, એ કહે છે, છત્રીસ વર્ષ તેં મારી સેવા કરી, મારા પર તારો અનંત ઉપકાર છે! ભામતી કહે છે, આપ જગતના કલ્યાણ માટે ગ્રંથો રચો છો. આપની સેવા કરી હું કૃતાર્થ થઈ છું. તમારી સેવા કરતાં કરતાં મારો દેહ પડે! વાચસ્પતિએ કાંઈક માંગવા કહ્યું, છતાં પત્નીએ કાંઈ માગ્યું નહીં. ત્યારે વાચસ્પતિ કહે છે કે, શાંકર ભાષ્ય ઉપર હું જે ટીકા લખીરહ્યો છું તેનું નામ 'ભામતી ટીકા' રહેશે. એ મારી નહીં, તારી તપસ્યાનું ફળ છે. એક ઘરમાં રહેવા છતાં કર્દમ-દેવ હુતિ બાર વર્ષ સુધી સંયમ પાળેછે કર્દમ એ જીવાત્મા છે, દેવહુતિએ બુદ્ધિ છે. એક દિવસ કર્દમ ઋષિએ દેવહુતિને કહ્યું, કાંઈ વરદાન માગો. દેવી તમે માગશો તે આપવા તૈયાર છું. દેવહુતિ કહે છે, તમારા જેવા જ્ઞાની પતિ મળ્યા તે જ વરદાન. હું પૂજા કરી એટલું જ માગું છું કે મારું સૌભાગ્ય અખંડ રહે. દેવહુતિ સરસ્વતીના કિનારે સ્નાન કરવા ગયાં. દેવહુતિએ સ્નાન કર્યું સંકલ્પથી કર્દમઋષિએ વિમાન બનાવ્યું. દેવહુતિ-કર્દમ વિમાનમાં બેઠાં. કથામાં શાંત અને કરુણરસ પ્રધાન છે. શૃંગાર અને હાસ્યરસ ગૌણ છે. કથામાં શૃંગારરસનું વર્ણન કરવાની મહાત્માએ આજ્ઞા આપી નથી. કથા સાંભળ્યા પછી વિષયો પ્રત્યે અરુચિ ન થાય અને ઈશ્વર પ્રત્યે રુચિ ન થાય તો કથા સાંભળી નથી તેમ માનજો. કથા સાંભળ્યા પછી વૈરાગ્ય આવે છે. કર્દમ દેવહુતિને ત્યાં નવ કન્યાઓ થઈ. નવ કન્યાઓનો પિતા થાય તેને ત્યાં કપિલ આવે છે. આ નવ કન્યાઓ એટલે નવધા ભક્તિ. એટલે કે નવધા ભક્તિ વગર જ્ઞાન ન મળે. નવધા ભક્તિ ન આવે ત્યાં સુધી કપિલ એટલે કે જ્ઞાન ન આવે. નવધા ભક્તિ એટલે શ્રવણ, કીર્તન સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન નવધા ભક્તિ સિદ્ધ થયા પછી કપિલ ભગવાન આવે છે. ભક્તિ જ જ્ઞાનરૂપે પરિણમે છે. ભક્તિની ઉત્તરાવસ્થા એજ જ્ઞાન છે. અપ રોક્ષ જ્ઞાનની પૂર્વાવસ્થા



એ જ ભક્તિ છે. ભક્તિ પછી જ્ઞાન આવે છે. ભક્તિ એ જ્ઞાનની માતા છે. નવધા ભક્તિ જેની સિદ્ધ ન થાય તેને જ્ઞાન મળતું નથી. ભક્તિ દ્વારા જ્ઞાન મળે છે. તત્ત્વ દૃષ્ટિએ છેવટે જ્ઞાન અને ભક્તિમાં અંતર નથી. ભક્તિ પહેલાં દાસોહમ્ અને પછી સોહમ્ થાય છે. દાસોહમ્ એટલે હું દાસ છું એવો ભાવ અનેસોહમ્ એટલે હું બ્રહ્મ છું એ જ્ઞાન કર્દમ- દેવહુતિનું દસમું સંતાન તે કપિલ ભગવાન.યોગીઓના અને સાધુ ઓના આચાર્ય બ્રહ્માદિ દેવો કર્દમઋષિના આશ્રમમાં આવ્યા. બ્રહ્માજીએ કર્દમને કહ્યું,તમારો ગૃહસ્થાશ્રમ સફળ થયો છે. જગતપતિના પણ પિતા બન્યા છો. તમારો પુત્ર જગતમાં દિવ્ય જ્ઞાનનો ઉપદેશ કરશે.જીવ ભગવાન માટે આતુર છે ત્યારે ભગવાનનો અવતાર થાય છે. કર્દમ અને દેવહુતિની તપશ્ચર્યા અને આતુરતાથી ભગવાન તેમને ત્યાં પુત્રરૂપે અવતર્યા. યોગીઓ યોગથી બ્રહ્મદર્શન કરી શકે છે. પણ સંસારી લોકો શુદ્ધ ભક્તિથી ભગવાનને પુત્રરૂપે પ્રાપ્ત કરી શકે છે અને ભગવાનને રમાડી શકે છે. કપિલ ભગવાનનો જન્મ થયો છે. દેવહુતિ કહે છે, હવે તમે ગૃહસ્થા શ્રમનો ત્યાગ કરી શકો છો. ત્યારે કર્દમ કહે છે કે,આ નવ કન્યાની મને ચિંતા થાય છે. મહાભારતમાં કથા છે. ભીષ્મ પ્રતિજ્ઞા કરી કે આવતી કાલે અર્જુનને મારીશ. આતો ભીષ્માચાર્યની પ્રતિજ્ઞા! શ્રીકૃષ્ણને ચિંતા થઈ. આવતી કાલે મારા અર્જુનનું શું થશે એ અર્જુનને જોવા આવ્યા ત્યારે અર્જુન તો ઘસઘસાટ ઊંઘતો હતો શ્રીકૃષ્ણ કહે, અરે, તું ઊંઘે છે? અર્જુન કહે કેમ ન ઊંઘું? મારા માટે તમે જાગો છો પછી મારે શું ચિંતા? મેં મારું કર્તવ્ય કર્યું છે. હવે તમારે તમારું કાર્યે કરવાનું.મારું કર્તવ્ય છે અનન્ય શરણાગતિ. મને કોઈ મારશે તો જગતમાં તમારી અપ કીર્તિ થશે. જ્યારે કર્દમે કહ્યું કે, નવ કન્યાઓની મને ચિંતા છે ત્યારે બ્રહ્મા કહે,તમે ચિંતા શા માટે કરો છો? તમારા ઘરે પ્રભુ પધાર્યા છે. તમે ચિંતા ન કરો પણ પ્રભુનું ચિંતન કરો. વલ્લભાચાર્યજીએ કહ્યું છે, ચિંતા ન કરવી. વૈષ્ણવો સેવા-સ્મરણ કરતાં તન્મય બને છે. તેની ચિંતા ઠાકોરજીને હોય છે. બ્રહ્મા નવ ઋષિઓને સાથે લાવેલા. એક-એક ઋષિને એક-એક કન્યા આપી. અત્રિને અનસૂયા આપી. વસિષ્ઠને અરુંધતી આપી વગેરે. કર્દમઋષિએ વિચાર કર્યો કે, માથે બોજો હતો તે ઊતરી ગયો.પછી કર્દમ કપિલ પાસે આવ્યા કહે કે, મારે હવે સંન્યાસ લેવો છે. પરમાત્માનાં દર્શન માટે સર્વ સુખ નો ત્યાગ, કામ્ય કર્મન્યાસ, એનું નામ સંન્યાસ. કેવળ ઈશ્વર માટે જીવે તે સંન્યાસી. કપિલે કહ્યું,આપની ઈચ્છા સુંદર છે સંન્યાસ લીધા પછી કોઈ પ્રકાર ની ચિંતા કરશો નહીં. બે પ્રકારની મુક્તિ છે કૈવલ્ય મુક્તિમાં જીવ ઈશ્વરમાં લીન થાય છે, જીવ ઈશ્વર એક બને છે. ભાગવતી મુક્તિમાં જીવ ઈશ્વર સાથે પ્રેમથી એક થાય છે પણ તેમાં થોડું દ્વૈત રાખી નિત્ય લીલા, નિત્ય સેવામાં તે દાખલ થાય છે. કર્દમ ઋષિએ સંન્યાસ લીધો પરમાત્મા માટે સંસારનાં સર્વ સુખનો ત્યાગ એ જ સંન્યાસ સંન્યાસ ત્યાગ વગર સંન્યાસ દીપે નહીં. સંન્યાસની વિધિ જોતાં પણ વૈરાગ્ય આવે છે. સંન્યાસની ક્રિયા માં વિરજા હોમ કરવો પડે છે. દેવ, બ્રાહ્મણ, સૂર્ય, અગ્નિ આ બધા ની સમક્ષ વિરજા હોમ કરવો પડે છે. પછી નદીમાં સ્નાન કરી લંગોટી પણ ફેંકી દઈ નગ્ન અવસ્થામાં બહાર આવવું પડે છે. આદિ નારાયણનું ચિંતન કરતાં કરતાં કર્દમઋષિને ભાગવતીમુક્તિ મળી. હવે કપિલગીતાનો આરંભ થાય છે.આ અતિ દિવ્ય પ્રસંગ છે. દીકરો ઉપદેશ આપે છે. ભાગવતનું આ અગત્યનું પ્રકરણ છે. તેના નવ અધ્યાય છે. કપિલ ગીતાનો પ્રારંભ પચીસમા અધ્યાય થી છે. તેમાં સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ છે. ત્રણ અધ્યાયોમાં પહેલાં વેદાંત નું જ્ઞાન કહ્યું છે. ત્યારબાદભક્તિનું વર્ણન કરેલું છે. તે પછી સંસાર ચક્રનું વર્ણન આવે છે. દેવહુતિના મનમાં કેટલાક પ્રશ્નો છે તેનો જવાબ જડતો નથી તેવે વખતે તેને યાદ આવે છે કે, ઋષિઓ એ કહેલું કે, આ બાળક માતાનો ઉદ્ધાર કરવા આવ્યો છે એટલે દેવહુતિ કપિલ ભગવાન પાસે આવ્યાં કહે, આપ આજ્ઞા કરોતો પ્રશ્ન પૂછવાની ઈચ્છા છે. માતા દેવહુતિ કપિલ દેવમાં પુત્ર બુદ્ધિમાં નહીં, પણ ગુરુબુદ્ધિ સ્થાપીને પોતાના ઉદ્ધારના ઉપાયના પ્રશ્નો પૂછે છે. કપિલ કહે છે, મા, સંકોચ ન રાખો તમારે જે પૂછવું હોય તે પૂછો. મા દેવહુતિએ આરંભમાં શરણાગતિ લીધી છે. ઈશ્વરની શરણાગતિ લીધા સિવાય જીવનો ઉદ્ધાર થતો નથી. ગીતામાં અર્જુને પણ પ્રથમ શરણાગતિ લીધી કે, હું તમારો શિષ્ય છું.તમે કહેશો તે કરીશ. દેવ હુતિએ પ્રશ્ર્ન કર્યો, જગતમાં સાચુ સુખ કયાં છે? સાચો આનંદ કયાં છે? જે આનંદનો વિનાશ ન થાય તેવો નિત્ય આનંદ મને બતાવો! વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ભાદરવા વદ એકમ ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આજે જે જોયું તે વિશે માહિતગાર થશો. સદા ખુશ રહો તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

### મુંબઈમાં રહેવા માટે બહુ જ પીઆરની જરૂર પડે છે

# બોલિવૂડના સ્ટાઈલિસ્ટ એક ઈવેન્ટ માટે ૧૫ હજારથી લાખ રૂપિયા વસૂલે છેઃ રકૂલપ્રીત


રકુલપ્રીત સિંઘ તેલુગુ અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણી ફિલ્મોમાં કામ કરી ચુકી છે. તે માને છે કે આ દુનિયામાં ટકી રહેવા માટે તમારે અત્યંત શિસ્તનું પાલન કરવું પડે છે કારણ કે કલાકારોના ઓન્ટ્રાજ સહિત તમને સતત સલાહ આપવા ઘણા લોકો મળી રહેશે. તાજેતરમાં રકુલે એક પોડકાસ્ટ શોમાં હાજરી આપી હતી. જેમાં શોના હોસ્ટ દ્વારા તાજેતરમાં રોહિત શેટ્ટીએ કરેલાં નિવેદન વિશે રકુલને પ્રશ્ન પૂછાયો હતો કે, આજકાલ મલ્ટી સ્ટારર ફિલ્મ બનાવવી બહુ અઘરી છે કારણ કે યુવા કલાકારો તેમના ઓન્ટ્રાજથી બહુ જ પ્રભાવિત હોય છે. શું કોઈ કલાકારનું ઓન્ટ્રાજ તમને ઈનસિક્યોર બનાવી શકે, આ પ્રશ્નના જવાબમાં રકુલે કહ્યું હતું,“હા, સાચી વાત છે. તમારે જે સાંભળો એ બધું જ માની લો એટલા મુર્ખ રહેવું પડે છે. ઘણા લોકો તમને ઘણી સલાહ આપશે, પણ તમારે તમારા મગજનો ઉપયોગ કરવો પડશે. રોહીત સરે જે કહ્યું તે કદાચ સાચું હશે. સાઉથમાં, હજુ પણ જૂની એક જ મેનેજરની સિસ્ટમ ચાલે છે. ત્યાં મોટા ઓન્ટ્રાજ હોતા નથી, તમારી પોઝીશન બનાવી રાખવા માટે શું સારું છે અને શું ખરાબ એ કહેવા વાળા દસ લોકો તમારી આસપાસ નથી હોતા.” રકુલે આગળ જણાવ્યું, “તેમને સાંભળવા અને તેમનું માન રાખવું પણ જરૂરી છે. તેઓ શું કહી રહ્યા છે તે એ જાણતા હોય છે, પરંતુ તમને જે યોગ્ય લાગે એ જ કરો. એક એક્ટર તરીકે તમે જે કંઈ કરશો એ જાહેર વર્તન જ ગણાશે, તો તમારા દરેક પગલાં માટે તમે જ જવાબદાર ગણાશો.” આગળ રકુલે તેના કલીગ્ઝ સાથે ગોસિપના બદલે ભોજન અને કસરતથી કેવી રીતે સારા સંબંધ બનાવી શકાય તે અંગે કહ્યું, “તમે તમારી આસપાસ જેવા લોકોને રાખો છો, તમે એવા જ બનતા જાઓ છો. તમે દિવસમાં મોટા ભાગનો સમય તમારી ટીમના હેર, મેકઅપ કરતાં કે સ્પોટબોય સાથે વિતાવો છો, તો તમારે એ જાણવું જરૂરી છે કે તેઓ કેવા પ્રકારના લોકો છે. મને સવારે ૭ વાગ્યામાં કોઈની ગોસિપ સાંભળવી ગમતી નથી. મને કોઈની લાઈફ વિશે સાંભળવામાં કોઈ રસ નથી.” બોલિવૂડમાં ટકી રહેવું કેટલું અઘરું છે, તે અંગે રકુલે કહ્યું, “પીઆર, સતત લોકોની નજરમાં રહેવું અને બ્રાન્ડ્ઝ સાથે કામ કરવું આ ઈન્ડસ્ટ્રીમાં ટકી રહેવા માટે બહુ જરૂરી છે. એ હું ધીરે ધીરે શીખી છું. મને નહોતી ખબર કે પ્રમોશન્સ માટે મારે સ્ટાઈલિસ્ટ રાખવા પડે. મારી ફિલ્મનું પ્રમોશન શરૂ થયું એની પહેલાં જ મને એ ખબર પડી અને મને થયું, ‘હે ભગવાન, આ તો કેટલું મોંઘું પડે.’ આ ૧૨ વર્ષ પહેલાની વાત છે. સ્ટાઈલિસ્ટ બહુ મોંઘા હોય છે. એ લોકો એક ઈવેન્ટ અને એક કપડાંના ૧૫ હજારથી એક લાખ સુધી વસુલે છે. તમે આ બધાથી જ શીખો છો.”



# કાર્તિક આર્યને વિશાલ ભારદ્વાજની ફિલ્મ ઠુકરાવી દેતા ફેન્સ કેમ આટલા ખુશ થયા?

### ડાયરેક્ટર વિશાલ ભારદ્વાજે હાલમાં જ શાહિદની સાથે પોતાની નવી ફિલ્મનું એલાન કર્યું

ડાયરેક્ટર વિશાલ ભારદ્વાજે હાલમાં જ શાહિદ કપૂરની સાથે પોતાની નવી ફિલ્મનું એલાન કર્યું છે. આમ તો ટાઈટલને લઈને હજુ સુધી કોઈ ખુલાસો થયો નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે, ફિલ્મમાં તૃપ્તિ ડિમરી પણ નજર આવશે. સાજિદ નડિયાદવાલા આ ફિલ્મને પ્રોડ્યુસ કરશે. અગાઉ એવી માહિતી સામે આવી હતી કે, કાર્તિક આર્યનને આ ફિલ્મ માટે અપ્રોચ કરવામાં આવ્યો હતો, પરંતુ પોતાના બિઝી શેડ્યૂલને કારણે ના પાડી દીધી હતી. ડાયરેક્ટર વિશાલ ભારદ્વાજે હાલમાં જ શાહિદ કપૂરની સાથે પોતાની નવી ફિલ્મનું એલાન કર્યું છે. જોકે, કાર્તિક આર્યનના ફેન્સ એ વાતથી ખૂબ ખુશ છે કે તે હવે વિશાલ ભારદ્વાજની ફિલ્મમાં નથી.કાર્તિક આર્યનના ફેન્સે વિશાલ ભારદ્વાજની ફિલ્મને રિજેક્ટ કરવા પર ખુશી વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે, એક્ટરે સાચો નિર્ણય લીધો છે. તેણે આ ફિલ્મ ન કરવી જોઈએ. એક યુઝરે લખ્યું, ‘બહુ ખુશ છું કે કાર્તિક આર્યન ફિલ્મ નથી કરી રહ્યો. બેસ્ટ ડિસીઝન.’ બીજા એકે લખ્યું કે, ‘ભગવાનનો આભાર કે કાર્તિક આર્યન ફિલ્મ છોડી દીધી.’ બીજા એક યુઝરે લખ્યું, ‘રણબીર અને કાર્તિક માત્ર બે જ સ્ટાર્સ એવા છે જેઓ સારી સ્ક્રિપ્ટ પસંદ કરે છે. જ્યારે બીજા સ્ટાર્સ આમ કરતા નથી.સોશિયલ મીડિયા પર કોમેન્ટ કરતા એક યુઝરે લખ્યું કે, ‘કાર્તિક આર્યને ફિલ્મ છોડવાનો સારો નિર્ણય લીધો છે. ભાઈએ પોતાને બચાવી લીધો, પણ શાહિદ કપૂર હવે ફસાઈ ગયો છે. તેણે પોતાના જ પગ પર કુહાડી મારી છે.’ મહત્ત્વનું છે કે, શાહિદ કપૂરે છેલ્લે વિશાલ ભારદ્વાજ સાથે ફિલ્મ ‘રંગૂન’માં કામ કર્યું હતું, જે બોક્સ ઓફિસ પર ડિઝાસ્ટર સાબિત થઈ હતી. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો આ દિવસોમાં કાર્તિક આર્યન તેની આગામી ફિલ્મ ‘ભૂલ ભુલૈયા ૩’ની રિલીઝની રાહ જોઈ રહ્યો છે. આ ફિલ્મ આ વર્ષે દિવાળી પર ફ્લોર પર જશે. આ એક હોરર-કોમેડી ફિલ્મ છે, જેનું ડાયરેક્શન અનીસ બઝમીએ કર્યું છે. આ સિવાય કાર્તિક આર્યન પાસે ‘પતિ પત્ની ઔર વો ૨’ અને અનુરાગ બાસુની મ્યુઝિકલ લવ સ્ટોરી ફિલ્મ પણ છે.





### તાજેતરમાં તેણે તેને મ્યુકોસાઈટીસની અસર થઈ છે.

# હિના ખાને કિમો થેરાપી વચ્ચે જિમમાં સ્ટ્રેન્થ ટ્રેનિંગનો વીડિયો શેર કર્યો હતો

### હિના ખાનને કેન્સરનું નિદાન થયું ત્યારથી તે પોતાની તબિયત વિશે અને તકલીફો વિશે વિવિધ પ્રકારની અપડેટ આપતી રહે છે

ટેલિવીઝનની જાણીતી અભિનેત્રી હિના ખાનને કેન્સરનું નિદાન થયું ત્યારથી તે પોતાની તબિયત વિશે અને તકલીફો વિશે વિવિધ પ્રકારની અપડેટ આપતી રહે છે. તાજેતરમાં જ તેણે પોતાનો જિમમાં સ્ટ્રેન્થ ટ્રેનિંગનો એક વીડિયો શેર કર્યો હતો. હીના ખાને સ્ટેજ ૩નું બ્રેસ્ટ કેન્સર છે. તેણે સોશિયલ મીડિયા પર આ વાત શેર કરી હતી. તાજેતરમાં તેણે તેને મ્યુકોસાઈટીસની અસર થઈ છે. તેથી તે કિકબોક્સિંગ જેવી કસરત પણ કરી રહી છે. આ જીમ વીડિયોમાં તેણે પોતાની કસરતની ટ્રેનિંગ દર્શાવતા એક કેન્સર પેશન્ટ માટે કસરત કેટલી યોગ્ય છે, તે અંગે ચર્ચાઓ થઈ ગઈ હતી. ત્યારે કેટલાંક નિશણાતોએ પણ આ અંગે પોતાનો મત રજૂ કર્યો હતો. “કિમોથેરાપી દરમિયાન દર્દીની રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે. તેથી દર્દીએ તંદુરસ્ત રહેવા માટે અને સારવારને સહન કરવા માટે કોઈ પ્રવૃત્તિ કે કસરત કરવી જરૂરી છે, તેથી દર્દીએ ઓન્કોલોજિસ્ટની સલાહ મુજબ કસરત કે કોઈ શારિરીક કામ કરવું જોઈએ.” મુંબઈનાં એક ઓન્કોસર્જન મેઘલ સંઘવીએ કહ્યું હતું. જ્યારે ડૉ.શૈલેષ પુંતાબેકરે કહ્યું કે કે મોથેરાપિથી શરીરમાં થાક અને સ્નાયુઓમાં અશક્તિ થઈ જાય છે. તેથી જો તાકાત વધે તેવી કસરત કરવાથી દર્દીનો મુડ સારો રહે છે અને ડિપ્રેશન અને એન્ક્ઝાઈટીમાં ઘટાડો થાય છે. વજન ઉંચકવાની પ્રેક્ટિસથી બોન ડેન્સિટી લોસથી બચી શકાય છે. પરંતુ નિષ્ણાતોના મતે દરેક દર્દી દીઠ કસરતના પ્રકાર અલગ હોઈ શકે છે. તે દર્દીને શરીરના કયા ભાગમાં કેન્સર છે અને તેના શરીર પર કિમોથેરાપીની કેટલી આડ અસર છે તેના આધારે કસરતનો પ્રકાર નક્કી થવો જોઈએ. પ્રાણાયામ, યોગા અને પોઝિટીવ માઈન્ડ સેટ, સારો પોષકતત્વોયુક્ત ખોરાક તેમજ સતત પ્રવાહી લેતાં રહેવું એ સારવાર દરમિયાન બહુ જરૂરી છે. આ સાથે બીજો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં હિના ખાને કેન્સરની સારવાર દરમિયાન બ્રાઈડલ લૂકમા રૅમ્પ વૉક કર્યું હતું. આ વીડિયો અને તસવીરો હિનાએ પોતાના સોશિયલ મીડિયામાં શેર કર્યા હતાં. તેણે કૅપ્શનમાં લખ્યું હતું, “મારા પિતા હંમેશા કહેતાં, પપ્પાની મજબૂત દિકરી, રડીને નહીં બેસી જવાનું, તમારી તકલીફો વિશે ક્યારેય ફરિયાદો નહીં કરવાની અને તમારી લાઈફ તમારા કંટ્રોલમાં જ હોવું જોઈએ, ટટ્ટાર ઊભા રહેવાનું અને તકલીફોનો સામનો કરવાનો. તેથી મેં પરિણામો વિશે વિચારવાનું બંધ કરી દીધું, મારા હાથમાં જે છે, તેના પર જ ધ્યાન આપું છું. બાકીનું અલ્લાહ પર છોડી દઉં છું. એ તમારી કોશિશ જુએ છે અને તમારી પ્રાર્થના સાંભળે છે અને તમારા મનમાં શું છે તે જાણે છે. આ સહેલું નહોતું પણ મેં મારી જાતને કહ્યું, ક્યારેય અટકીશ નહીં. કાલે રાત્રે..વર્ષો પછી બ્રાઈડ તરીકે તૈયાર થઈ.” હિનાની આ પોસ્ટ પર ઘણા સેલેબ્ઝ અને તેના ફૅન્સે કમેન્ટ્સ અને રિએક્શન આપીને તેને ખુબ બહાદુર અને હિંમતવાળી ગણાવી હતી.






### રણબીર, આલિયા અને વિકી કૌશલે પણ આ ફિલ્મમાં પ્રોફિટ શેરિંગ પસંદ કર્યું

# સંજય લીલા ભણસાલીએ ‘લવ એન્ડ વૉર’ માટે નેટફ્લિક્સ અને સારેગામા સાથે મોટી ડીલ કરી

સંજય લીલી ભણસાલીની ફિલ્મ ‘લવ એન્ડ વૉર’ની અત્યારથી જ ચર્ચા છે, કારણ કે તેમણે આમાં સુપરસ્ટાર્સ રણબીર, આલિયા અને વિકી કૌશલને સાઈન કર્યા છે. ઓક્ટોબર મહિનાથી આ ફિલ્મ ફ્લોર પર જઈ રહી છે. જ્યારે ભણસાલી પ્રોડક્શન હાઉસે ૨૦ માર્ચ, ૨૦૨૫ને આ ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર કરી દીધી છે. ફિલ્મના ત્રણ મુખ્ય કલાકારો રણબીર, આલિયા અને વિકી કૌશલે આ ફિલ્મમાં પ્રોફિટ શેરિંગ ડીલ કરી છે ત્યારે ગુડી પડવા અને ઈદના તહેવારોને કારણે ફિલ્મને રજા અને તહેવારોનો પણ ફાયદો થશે. વિકી અને આલિયા ૨૦૨૫ સુધીની તારીખો ભણસાલીને આપી ચુક્યા છે. જ્યારે રણવીર આની સાથે ‘રામાયણ’નું શૂટ પણ કરશે. હવે એવા અહેવાલો આવી રહ્યાં છે કે સંજય લીલા ભણસાલીએ આ ફિલ્મ માટે એક મોટી નોન થિએટ્રિકલ ડીલ સાઈન કરી છે. ફિલ્મ સાથે જોડાયેલા કેટલાક સૂત્રોના જણાવ્યા મુજબ આ ફિલ્મ ભણસાલી જ પ્રોડ્યુસ કરશે, બીજા કોઈ પ્રોડક્શન હાઉસ સાથે તેમની પાર્ટનરશિપ હશે નહીં. સૂત્રએ જણાવ્યું,“ભણસાલી પોતે ‘લવ એન્ડ વૉર’ને ફાયનાન્સ કરશે. આ જ રીતે વાયઆરએફ અને રેડ ચિલિઝ પણ કામ કરે છે. ફિલ્મ થિએટરમાં રિલીઝ થાય તે પહેલાં જ તેમણે નેટફિલક્સ સાથે પોસ્ટ થિએટ્રીકલ ડીલ સાઈન કરી લીધી છે અને સારેગામા સાથે એક ફિલ્મના મ્યુઝિક માટે એક ઐતિહાસિક ડીલ કરવામાં આવી છે.” સૂત્રએ આગળ જણાવ્યું કે હાલ પ્રાથમિક રીતે નેટફ્લિક્સ સાથે ૧૩૦ કરોડની ડીલ કરવામાં આવી છે, જો બોક્સ ઓફિસ પર આ ફિલ્મ સારી ચાલશે તો આ ડીલ હજુ આથી પણ મોટી થઈ શકે છે. સૂત્રએ જણાવ્યું, “સંજય લીલા ભણસાલીએ ફિલ્મના સંગીત માટે સારેગામા સાથે ૩૫ કરોડની ડીલ કરી છે, જ્યારે ટીવીના સૅટેલાઈટ રાઈટ્સ માટે એક જાણીતી ચેનલ સાથે ૫૦ કરોડની ડીલ કરી છે.” આમ ફિલ્મને થિએટર રિલીઝમાંથી થનારી કમાણી સિવાય ભણસાલીએ લગભગ ૨૧૫ કરોડની રેવન્યુ બનાવી લીધી છે અને જો આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ચાલી ગઈ તો આ આંકડામાં હજુ વધારો થઈ શકે છે. નેટફિલક્સે હીરામંડીની સફળતાને કારણે આ ફિલ્મ પણ પ્રિમીયમ પ્રાઈઝમાં ખરીદી છે. સૂત્રએ વધુમાં જણાવ્યું, “ફિલ્મના ત્રણ મુખ્ય કલાકારો રણબીર, આલિયા અને વિકી કૌશલે આ ફિલ્મમાં પ્રોફિટ શેરિંગ ડીલ કરી છે, જેમાં રણબીરે ખુબ મોટો હિસ્સો માગ્યો છે. આ સાથે ભણસાલી આ ફિલ્મના ગ્લોબલ ડિસ્ટ્રીબ્યુશન રાઈટ્સ પણ ભારે ભરખમ રકમ સાથે વેંચવાના હોવાનું ધ્યાનમાં આવ્યું છે. જેથી ફિલ્મની રિલીઝ પછી પણ આવકનો મોટો હિસ્સો પોતાના ભાગે રાખી શકે. આ ફિલ્મ લગભગ ૨૦૦ કરોડના ખર્ચે બનવાની છે. જેમાં યુદ્ધના દૃશ્યો એવા હશે જે આ પહેલા ક્યારેય જોવા મળ્યાં નથી.”





### ૨૫ વર્ષથી બોલિવુડ પર રાજ કરી રહી છે કરિના કપૂર

# કરિના પ્રથમ અભિનેત્રી બની જેના નામ પર ફિલ્મ ફેસ્ટિવલની ઉજવણી કરાશે

બોલિવુડની કરિના કપૂર પોતાની એક્ટિંગથી લાખો ચાહકોના દિલ જીતી લીધા છે. કરીના કપૂરને ફિલ્મી દુનિયામાં ૨૫ વર્ષ પૂર્ણ થયા છે, કરીના કપૂર બોલિવુડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સૌથી હિટ ફિલ્મ આપનાર અભિનેત્રીઓમાંથી એક છે. જે ૨ દશકથી લાંબા કરિયર સાથે આજે મોટી ફેન ફોલોઈંગ સાથે ઈન્ડસ્ટ્રીમાં જોડાયેલી છે. ભારતમાં કોઈ પણ અભિનેત્રી માટે આ પહેલી વખત છે, કે તેના નામે ફિલ્મ ફેસ્ટિવલ હોય, હાલમાં તેની ફિલ્મ ધ બર્કિંધમ મર્ડર્સ થિયેટરમાં રિલીઝ થઈ છે. આ સાથે તેમણે પોતાના કરિયરમાં એક મોટી સફળતા પણ મેળવી છે. તેમણે બોલિવુડમાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. આ ઉપલબ્ધિનો જશ્ન મનાવવા માટે પીવીઆર સિનેમાએ તેના નામ પર એક ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કર્યું છે. આ મલ્ટી સિટી ફિલ્મ ફેસ્ટિવલના શાનદાર કરિયરને રજુ કરવામાં આવશે. ફરી એક વખત મોટા પડદા પર તેના કેટલાક પાત્રને પ્રદર્શિત કરવામાં આવશે. ભારતમાં કોઈ પણ અભિનેત્રી માટે આ પહેલી વખત છે. કે તેના નામે ફિલ્મ ફેસ્ટિવલ હોય. દિલીપ કુમાર અને અમિતાભ બચ્ચન એવા ૨ સ્ટાર છે જેને પહેલા જ ફિલ્મ ફેસ્ટિવલ સમર્પિત કરવામાં આવ્યો છે. ફિલ્મ ફેસ્ટિવલનું ટ્રેલર પણ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં કરીના કપૂરની સૌથી પસંદગીની ફિલ્મો અને પાત્રની ક્લિપ સામલે હશે. કભી ખુશી કભી ગમ, પૂ, જબ વી મેટ ગીતો પણ સામેલ હશે.તમને જણાવી દઈએ કે, કરીના કપૂરે વર્ષ ૨૦૦૦માં જેપી દત્તાની ફિલ્મ રેફ્યુઝીથી પોતાના અભિયાનની શરુઆત કરી છે. ત્યારથી ૫૦થી વધારે ફિલ્મ આપી ચૂકી છે. કરીના કપૂરના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે આવનાર સમયમાં મશહુર નિર્દેશક મેઘના ગુલઝારની નવી ફિલ્મ દાયરામાં જોવા મળશે. તેની પાસે રોહિત શેટ્ટીની ફિલ્મ સિંઘમ અગેન પણ છે. સિંઘમ અગેનમાં અજય દેવગણ, અર્જુન કપૂર, દીપિકા પાદુકોણ, અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ અને રણવીર સિંહ પણ મુખ્ય ભૂમિકાઓમાં છે. તમને જણાવી દઈએ કરીના કપૂર ૨ બાળકોની માતા છે. આજે પણ બોલિવુડને હિટ ફિલ્મો આપી રહી છે.



# અનન્યાએ ઇન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું, દરેક ઇન્ડસ્ટ્રીને હેમા કમિટીની રચના કરવાની જરૂર

### અનન્યા પાંડેની ડેબ્યુ વેબ સિરીઝ ‘કોલ મી બે’ તાજેતરમાં જ રિલીઝ થઈ છે અને હાલ તે આ સિરીઝના પ્રમોશનમાં વ્યસ્ત છે

અનન્યા પાંડેની ડેબ્યુ વૅબ સિરીઝ ‘કૉલ મી બૅ’ તાજેતરમાં જ રિલીઝ થઈ છે અને હાલ તે આ સિરીઝના પ્રમોશનમાં વ્યસ્ત છે. ત્યારે એક પ્રમોશનની ઈવેન્ટમાં ઈન્ટરવ્યુ દરમિયાન અનન્યાએ હેમા કમિટીની સરાહની કરી હતી અને દરેક ઈન્ડસ્ટ્રીમાં આ રીચની મહિલાઓની કમિટીને મહત્વની ગણાવી હતી. અનન્યાએ આ ઈન્ટરવ્યુમાં જણાવ્યું, “દરેક ઈન્સ્ટ્રી માટે હેમા કમિટી જેવી કી કમિટી હોવી જરૂરી છે, જ્યાં મહિલાઓ એક સાથે આવીને આવું કશુંક કરી શકે. એ સ્પષ્ટ છે કે બીજા કોઈ નહીં, પરંતુ મહિલાઓએ જ આ કામ કરવું પડશે. મને લાગે છે, કે તેનાથી પરિવર્તન ચોક્કસ આવ્યું છે. તમે જોઈ શકો છો કે લોકોએ કમસે કમ આ મુદ્દે ચર્ચા શરૂ કરી છે. જોકે, હજુ ઘણી લાંબી મજલ કાપવાની બાકી છે. હજુ ઘણી મોટી લડતો લડવાની બાકી છે.” તેણે એ વાતનો ઉલ્લેખ કર્યો કે કઈ રીતે હવે મહિલા સુરક્ષા માટેની જોગવાઈ કોન્ટારાક્ટનો ભાગ બની ગઈ છે, જે તેને બહુ જરૂરી લાગે છે. તેણે એમ પણ કહ્યું કે હવે તેમની કટલ શીટ પર જ હેલ્પલાઈન નંબર લખેલાં હોય છે, જેથી વ્યક્તિ મદદ માટે ફરિયાદ કરી શકે અને તેમનું નામ પણ જાહેર થાય નહીં. અનન્યા પાંડેની ડેબ્યુ વૅબ સિરીઝ ‘કૉલ મી બૅ’ તાજેતરમાં જ રિલીઝ થઈ છે અને હાલ તે આ સિરીઝના પ્રમોશનમાં વ્યસ્ત છે જોકે, તેણે એમ પણ સ્વીકાર્યું કે આ સમસ્યા માત્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રી સુધી સિમીત નથી. અનન્યાએ કહ્યું,“આપણે જેટલું બની શકે તેટલું જલ્દી આ મુદ્દાને ધ્યાનમાં લઈએ તે જરૂરી છે.” અનન્યા હાલ તેની આગામી ફિલ્મ ‘શંકરા’ માટે કામ કરી રહી છે, જે એક બાયોપિક છે અને તેમાં અક્ષય કુમાર પણ લીડ રોલમાં છે. એ ઉપરાંત તેની આઠ એપિસોડની વૅબ સિરીઝ ‘કૉલ મી બૅ’ એક હળવો કૉમેડી ડ્રામા છે, જે બેલા ચૌધરી એટલે કે બૅની સ્ટોરી કહે છે. તેમાં વીર દાસ, ગુરફતેહ પિરઝાદા, વરુણ સૂદ, વિહાન સમ્રાટ, મુસ્કાન જાફરી, નિહારિકા લાયરા દત્ત, લિઝા મિશ્રા અને મિની માથુર પણ મહત્વના રોલમાં છે.



# અમદાવાદ જિલ્લામાં ધોળકા તાલુકામાં કૃષિ સખી માટે પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમનો પ્રારંભ

## પોલિસ દ્વારા ચોરોને પકડવામાં કરવામાં આવેલ કામગીરીની નગરમાં ચારેકોર પ્રસંશા



। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

ગુજરાતના ખેડૂતો ઝેરી રસાયણ મુકત એવી પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરીને સમૃદ્ધ બને સાથે રાજ્યની ધરતી વધુ ફળદ્રુપ અને 'સુફલામ' બને તે માટે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અભિયાન ઉપાડયું છે. રાજયમાં વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ કેળવે તેના ફાયદાથી માહિતગાર થઈને તેનો લાભ ઉઠાવે અને ઝીરો બજેટ ખેતી કરતા થાય તે માટે જિલ્લે-જિલ્લે અને તાલુકે-તાલુકે સઘન તાલીમ આપવામાં આવે છે.

અમદાવાદ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અંગે ખેડૂતો અને સ્વ સહાય જૂથની મહિલાઓ વધુમાં વધુ માહિતગાર થાય એ માટે કૃષિ સખી માટે તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.જે અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ધોળકા તાલુકા પંચાયતના હોલ ખાતે સ્વ સહાય જૂથની કૃષિ સખી માટે પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમનો પ્રારંભ થયો છે. આ તાલીમ શિબિરમાં પ્રથમ દિવસે ૩૦ જેટલી મહિલાને પ્રાકૃતિ ખેતીના ફાયદાઓ અને પદ્ધતિઓ અંગે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

ધોળકા તાલુકામાં આયોજિત આ તાલીમમાં કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા પ્રાકૃતિક કૃષિ ખેડૂત સંગઠનના જિલ્લા સંયોજક શ્રી ગજેન્દ્રસિંહ વાઘેલાએ માર્ગદર્શન આપ્યું હતું. તદુપરાંત કૃષિ નિષ્ણાંત દ્વારા પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો વિશે કૃષિ સખીઓને માર્ગદર્શન આપ્યું હતું.

# ભરૂચ નગરપાલિકા ખાતે જિલ્લા કલેક્ટર તુષાર સુમેરા અને ધારાસભ્ય રમેશ મિસ્ત્રીની હાજરીમાં નગરપાલિકાનો સેવા સેતુનો શુભારંભ કરાયો



। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પારદર્શકતા સાથે વ્યક્તિલક્ષી પ્રશ્નોનો ત્વરિત નિકાલ થાય તેવા અભિગમ સાથે સેવા સેતુનો જિલ્લામાં આરંભ પાલેજ ખાતે તાલુકાકક્ષાના સેવાસેતુ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની પ્રેરક ઉપસ્થિતિ રહી તારીખ ૧૭ સપ્ટેમ્બરથી સમગ્ર રાજ્યમાં સેવા સેતુનો શુભારંભ કરવામાં આવ્યો છે. ત્યારે ભરૂચ જિલ્લામાં પણ તાલુકા કક્ષાએ તેમજ નગર પાલિકા કક્ષાએ આયોજિત વિવિધ કાર્યક્રમો અન્વયે ભરૂચમાં નગરપાલિકા ખાતે ધારાસભ્યશ્રી રમેશ મિસ્ત્રી અને જિલ્લા કલેક્ટર શ્રી તુષાર સુમેરાની હાજરીમાં સેવાસેતુ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જ્યારે ભરૂચ તાલુકાકક્ષાનો પાલેજ ખાતે ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મહેન્દ્રસિંહ વાંસદીયાની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પારદર્શકતા સાથે વ્યક્તિલક્ષી પ્રશ્નોનો ત્વરિત નિકાલ થાય તેવા ઉમદા અભિગમ સાથે સેવા સેતુ કાર્યક્રમનો ૧૦ મો તબક્કો શરૂ કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે ભરૂચ જિલ્લામાં પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ આયોજનો કરવામાં આવ્યા છે. ત્યારે આજરોજ ભરૂચ નગરપાલિકાના પટાંગણમાં વોર્ડ નંબર ૧,૨,૩,૪,૯,૧૦ નો દસમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજી તરફ ભરૂચ જિલ્લાના પાલેજ કલસ્ટરમાં તાલુકા કક્ષાનો લોકોને જરૂરી સરકારી ૫૫ જેટલી સેવાઓ ઘર આંગણે પહોંચાડવાના અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ વેળાએ, ભરૂચના ધારાસભ્યશ્રી રમેશ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, લોક પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ થઈ જાય અને લોકોને ક્યાંય ધક્કા ન ખાવા પડે તે માટે સરકારશ્રી





દ્વારા આ સેવા સેતુ કાર્યક્રમ શરૂ કરાવ્યો છે જેનો લોકોએ બહોળા પ્રમાણમાં લાભ લેવો જોઈએ. અત્રે ઉલેખનિય છે કે, ભરૂચ નગરપાલિકાના પટાંગણમાં યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમ બાદ જિલ્લા કલેક્ટરશ્રીઅનેજિલ્લાવિકાસઅધિકારીશ્રીએભરૂચ જિલ્લાના પાલેજ કલસ્ટર ખાતે યોજાયેલા તાલુકા કક્ષાના સેવાસેતુ કાર્યક્રમની પણ મુલાકાત કરી હતી. આ પ્રસંગે, પાલેજ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ વાંસદીયા, ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા, જિલ્લા વિકાસ અધિકારી અને પ્રાયોજના અધિકારીશ્રી યોગેશ કાપસે, ભરૂચ નગર પાલિકાના પ્રમુખ શ્રીમતિ વિભૂતિબા યાદવ, તાલુકા પંચાયતના પદાધિકારીઓ, પ્રાંત અધિકારીશ્રી, ચિફ ઓફીસરશ્રી, ભરૂચ મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરૂચ નગર પાલીકા અને પાલેજ કલસ્ટર હેઠળના વિવિધ ગામના ગ્રામજનો તેમજ લોકોને વિવિધ સેવાઓ આવેલા વહીવટી તંત્રના વિવિધ વિભાગના અધિકારી/કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત રોડ રસ્તાઓની મરામત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ કાર્યરત






। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદ શહેર જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલ રોડ રસ્તાઓની મરામત કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા ત્વરિત જરૂરી દિશાનિર્દેશ કરાયા હતા. જેના ભાગરૂપે શહેર અને જિલ્લાના ૯ જેટલા તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં રોડ રસ્તાઓની મરામત કામગીરી કરવામાં આવી હતી.

અમદાવાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા શહેર અને જિલ્લાના રાજ્ય ધોરી માર્ગો અને મુખ્ય જિલ્લા માર્ગો મળી કુલ ૧૦૨.૫૦ કિ.મી. જેટલી લંબાઈ ધરાવતા માર્ગો પર મેટલપેચથી મરામત કરવામાં આવી હતી અને ૫૫.૨૦ કિ.મી. જેટલી લંબાઈના માર્ગો પર ડામરપેચથી મરામત કરવામાં આવી હતી.

અમદાવાદ જિલ્લામાં વરસાદથી નુકશાન થયેલ રોડ રસ્તાના સમારકામની વિગતવાર વાત કરીએ તો, બાવળા તાલુકાના ૧૬ કિ.મી., દસક્રોઈ તાલુકાના ૫ કિ.મી., દેત્રોજ તાલુકાના ૧૧ કિ.મી., ધંધુકા તાલુકાના ૪ કિ.મી., ધોલેરા તાલુકાના ૧૨ કિ.મી., ધોળકા તાલુકાના ૨૧ કિ.મી., માંડલ તાલુકાના ૬ કિ.મી., સાણંદ તાલુકાના ૧૬ કિ.મી., અને વિરમગામ તાલુકાના ૧૧ કિ.મી. જેટલા માર્ગોની મરામત કરવામાં આવી હતી.

# ઓલપાડ ગ્રામ પંચાયત ખાતેથી સુરત જિલ્લામાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાનનો શુભારંભ કરાવતા મુકેશભાઈ પટેલ



। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

અધ્યક્ષતામાં "સ્વચ્છતા હી સેવા" જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો પ્લાસ્ટિકના ઉપયોગના સ્થાને કાપડની થેલી ઉપયોગ કરવાનો અનુરોધ કરતા વનમંત્રી આગામી દિવસોમાં ઓલપાડ, કીમ અને સાયણ ખાતે વેન્ડિંગ મશીન મૂકાશે, જેમાં ૫ રૂપિયામાં કાપડની થેલી મળશેઃ વનમંત્રી મુકેશભાઈ પટેલ ઓલપાડ ખાતે સફાઇ અભિયાન અંતર્ગત વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ સહિતના પદાધિકારીઓએ સફાઇ કરી. ૨જી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિએ ગાંધીજીને શ્રદ્ધાંજલી આપવાના હેતુ સાથે સમગ્ર ભારત સહિત રાજ્યમાં "સ્વચ્છતા હી સેવા-૨૦૨૪" અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, ત્યારે વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે ઓલપાડ ખાતેથી સુરત જિલ્લામાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો, જેમાં તેમણે સ્વચ્છતા રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ઓલપાડ માર્કેટ ખાતે સફાઇ અભિયાન અંતર્ગત વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ સહિત નહેરુ યુવા કેન્દ્ર અને મેરા યુવા ભારતના સ્વયંસેવકો, પદાધિકારી- અધિકારીઓએ સાફ-સફાઇ કરી હતી.

# દેવગઢ બારીઆ એસ.ટી. ડેપો ખાતે સ્વચ્છતા માટે લોકો જાગૃતતા આવે તે બાબતે શપથ લીધા



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૮ ।

આજ રોજ દેવગઢ બારીઆ એસ ટી ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન શુભારંભ પ્રસંગે દાહોદ જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ માન. શ્રીમતિ અરવિંદા બેન.દેવગઢ બારીયા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી જસવંતસિંહ રાઠવા સાહેબ, દેવગઢ બારીઆ APMC ચેરમેન શ્રી અમરસિંહ રાઠવા સાહેબ, બારીઆ તાલુકા પંચાયતના માજી ઉપ પ્રમુખ શ્રી પંકજ ભાઈ તેમજ દેવગઢ બારીયા નગર પાલિકા ના સેનેટરી ઈન્સ્પેકટર અનુરાગસિંહ પુવાર તથા ડેપો મેનેજર અને ગોધરા એસ.ટી વિભાગના અધિકારી વિજયભાઈ રાઠવા તથા કર્મચારીઓ તેમજ બસ સ્ટેશન માં આવેલ મુસાફરો બસના ડ્રાઈવર કંડકટર ડેપો ના કર્મચારીઓ દ્વારા સ્વચ્છતા લાવવા પ્રજાજનો માં જાગૃતિ લાવવા માટે શપથ લઈ કાર્યક્રમ કરવામાં આવેલ હતો.

# ડાંગ જિલ્લા વહીવટી તંત્ર અને એલીમકો-ઉજ્જૈનના સહયોગથી સુબીર ખાતે દિવ્યાંગજનો માટે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

સુબીરમાં ૭૫ લાભાર્થીઓને કુલ રૂપિયા ૪ લાખ ૪૧ હજાર ૯૬૨ ના સાધનો વિતરણ કરાયા વડાપ્રધાન શ્રી નરેંદ્રભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા, કુલ ૭૫ સામાજિક અધિકારીતા શિબિરોના માધ્યમથી, દિવ્યાંગજનો માટે સાધન સહાય વિતરણનો કેમ્પ યોજવામા આવ્યો હતો. આ કેમ્પના ભાગરૂપે ડાંગ જિલ્લાના સુબીર ખાતે, ડાંગ જિલ્લા વહીવટી તંત્ર અને એલીમકો-ઉજ્જૈનના સહયોગથી સુબીર તાલુકાના કુલ ૭૫ દિવ્યાંગ લાભાર્થીઓને કુલ રૂપિયા ૪ લાખ ૪૧ હજાર ૯૬૨ ના સાધનો વિતરણ કરવામા આવ્યા હતા. જેમા સુબીર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી રવિનાબેન ગાવિત, જિલ્લા



પુરવઠા અધિકારી શ્રીમતી આશાબેન વસાવા, જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના પ્રોબેશન ઓફિસર શ્રી મહેન્દ્રભાઈ ચાવડા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી ચિરાગ જોષી, એલીમકો-ઉજ્જૈનના શ્રી તરૂણ શુક્લા તથા તેમની ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ડિઝની હોટસ્ટારની તાઝા ખબર-૨માં જૂની ઘરેડ તોડવી, હૃદયસ્પર્શી ભૂમિકા અને પોતાના પ્રવાસ વિશે દેવેન ભોજાણી શું કહે છે

। અમદાવાદ, તા.૧૮ ।

વસ્ય અને તેના વરદાન વચ્ચે આવશે તેની કિસ્મત અથવા કોઈ દુશ્મન? ચમત્કારો અને જાદુની વાર્તાઓ, જેણે વસ્યને લાલચ અને મગરૂરીના પ્રવાસે લઈ જાય છે, પરંતુ શું આ ઉપરછલ્લી વાત છે? બહુપ્રતિક્ષિત હોટસ્ટાર સ્પેશિયલ્સની તાઝા ખબર સીઝન-૨ સાથે પુનરાગમન કરી રહી છે, જે ખાસ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪થી ડિઝની હોટસ્ટાર પરથી ખાસ પ્રસારિત થશે.

બીબી કી વાઈન્સ પ્રોડક્શન્સના બેનર હેઠળ રોહિત રાજ અને ભુવન બમ દ્વારા પ્રોડ્યુસ્ડ અને હિમાંક ગૌર દ્વારા ડાયરેક્શન સાથે સિરીઝમાં પીઢ કલાકારો જાવેદ જાફરી સાથે શ્રીયા પિળગાવકર, પ્રથમેશ પરબ, દેવેન ભોજાણી અને શિલ્પા શુલ્કા મુખ્ય ભૂમિકામાં છે. વસ્યનું ભાગ્ય અને તેનું વરદાન શક્તિશાળી યુસુફ અખ્તર દ્વારા પડકારવામાં આવશે, જેને લઈ તેના વહાલાજનો સાથે ફરી એક વાર તેનું જોખમ વધશે. શું વસ્ય તેની સામે લડી શકશે કે વરદાન તેને આ વખતે પણ ફરી એક વાર ટેકો આપશે?

તમે આકર્ષક બોડી ઓફ વર્ક સાથેના પીઢ અભિનેતા હોય ત્યારે સ્પષ્ટ છે કે દરેક ભૂમિકા કાળજીપૂર્વક પસંદ કરવામાં આવે. દેવેન ભોજાણી પણ તેમાં અપવાદ નથી. તે પાત્રોની પસંદગી કરતી વખતે વિચારપૂર્વકનો અને ભારપૂર્વકનો અભિગમ અપનાવે છે. તે ડિઝની હોટસ્ટારની તાઝા ખબર-૨માં મહેબૂબ ભાઈની ભૂમિકા ભજવવાના નિર્ણયમાં ઈનસાઈટ્સ આપીને ભૂમિકા પાછળની વિચાર પ્રક્રિયા વિશે જણાવે છે.




તે કહે છે, "હું કોમેડી હોય કે ભાવનાત્મક હોય, હૃદયને સ્પર્શ કરતાં પાત્રો પસંદ કરવા શ્રેષ્ઠ પ્રયાસ કરું છું. હું હંમેશાં કલાકાર તરીકે મારી વૃદ્ધિ થાય, મને વધુ શીખવા મળે અને મારી ક્રિયાત્મક ભૂખને સંતોષે તેવાં પ્રકારનાં પાત્રો ભજવવા પ્રયાસ કરું છું. દુષ્યંત બે દાયકા પૂર્વે ભજવી હોવા છતાં ખાસ કરીને મીમ્સની દુનિયામાં આજે પણ લોકપ્રિય છે, જ્યારે મહેબૂબ ભાઈ લોકોના મન સાથે કનેક્ટેડ છે. દર્શકો પાત્ર સાથે પોતાને જોડે છે અને સહાનુભૂતિ રાખે છે. મને મારી કારકિર્દીમાં સાવ અલગ પાત્રો ભજવવાની તક મળી તે બદલ પોતાને ભાગ્યશાળી માનું છું, જેમ કે, જો જિતા વહી સિકંદરનો ઘનશુ હજુ પણ યાદ છે, ઓફિસ ઓફિસનો પટેલ, ગટ્ટુ, કરીમા અને દુષ્યંત આજે પણ યાદ કરાય છે. મહેબૂબ ભાઈ ભજવવાની બહુ મજા આવી. આવી વિવિધતાને કારણે મને અભિનયની જૂની ઘરેડ તોડવામાં મદદ થઈ છે અને આ પાત્રો દર્શકોએ બહુ માણ્યા છે, જે દરેક માટે ફાયદાકારક બનાવે છે!"

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે. આનંદ-પ્રમોદ તથા મનોરંજન માટે સારો દિવસ, પણ જો તમે કામ કરી રહ્યો હો તો તમારે બિઝનેસને લગતા સોદાઓમાં સાવચેતી રાખજો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. કામના સ્થાળે આજનો દિવસ અદભુત રીતે વિતશે એવું જણાય છે. તમારૂં ચુંબકીય-બર્હિમુખી વ્યક્તિત્વ દિલો પર રાજ કરશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. તમને પ્રેમ કરતા તથા તમારી દરકાર કરતા લોકોની સંગતમાં થોડોક ગુણવત્તાયુક્ત સમય વિતાવજો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે દરેકેદરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને થકવી નાખશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. રૉમેન્ટિક પ્રભાવ આજે ખૂબ જ પ્રબળ હોવાની શક્યતા છે. સખત મહેનત તથા યોગ્ય પ્રયાસો સારા પરિણામો તથા ઈનામ આપશે. આ રાશિ ના બાળકો આજે રમત માં દિવસ વિતાવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્દીગ્ન કરી મુકશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ? મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે અને તમારા પ્રિયપાત્ર બીજી તરફ હશે, બધું જ એકમેકમાં સમાયેલું જણાશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. પ્રેમ જીવન આશા લાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો. જે લોકો બેરોજગાર છે.

### શું ઘૂસણખોરી અને બ્લાસ્ટ પાછળ ઈઝરાયેલનો હાથ?

## લેબનોનમાં હિઝબુલ્લાહના સભ્યોના પેઝરમાં એકસાથે થયા સિરિયલ બ્લાસ્ટ

। (એજન્સી) લેબનોન, તા.૧૮ ।

લેબનોનમાં પેજર હુમલામાં ૯ લોકોના મોત થયા છે. ૨૮૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. હિઝબુલ્લાહને આની પાછળ ઈઝરાયેલનો હાથ હોવાની શંકા છે. જો આવું છે તો તેના માટે ચિંતાનો વિષય છે કે ઈઝરાયેલ તેની દરેક ગતિવિધિ પર નજર રાખી રહ્યું છે. લેબનોનમાં હિઝબુલ્લા સાથે સંકળાયેલા સભ્યોના પેજરમાં સિરિયલ બ્લાસ્ટ થતાં ભારે અફરાતફરી મચી ગઈ. મીડિયા રિપોટ્ર્સ અનુસાર, બ્લાસ્ટમાં ૧ બાળક સહિત ૯ લોકોના મોત થયા છે. જ્યારે કે ૨ હજાર ૮૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જૈ પૈકી ૨૦૦ની હાલત ગંભીર છે. અહેવાલો મુજબ પેજર હેક કરીને બ્લાસ્ટ કરવામાં આવ્યા છે અને આ હેકિંગ પાછળ ઈઝરાયલનો હાથ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. હિઝબુલ્લા સાથે જોડાયેલા એક હજારથી વધુ સભ્યોને નિશાન બનાવવામાં આવ્યા છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સીરિયામાં હાજર હિઝબુલ્લાના ચીફને પણ નિશાન બનાવવામાં આવ્યો છે. બીજી તરફ ઈરાનના રાજદૂત મોજીતબા અમાની પેજર વિસ્ફોટમાં ઘાયલ થયા છે, પરંતુ તેમની ઈજાઓ ગંભીર નથી. હિઝબુલ્લાહને આની પાછળ ઈઝરાયેલનો હાથ હોવાની શંકા છે. જો આવું છે તો તેના માટે ચિંતાનો વિષય છે કે ઈઝરાયેલ તેની દરેક ગતિવિધિ પર નજર રાખી રહ્યું છે. જો હિઝબુલ્લાહના ખિસ્સામાં રાખવામાં આવેલા પેજર સુધી ઈઝરાયેલની પહોંચ હોય તો તે ટેક્નોલોજીમાં સીધી ઘૂસણખોરી છે. જો આમ થયુ હશે તો ગયા વર્ષે ઓક્ટોબરમાં ઈઝરાયેલ પર હમાસના હુમલાનો આ એક મોટો બદલો છે, કારણ કે હિઝબુલ્લાહ ઈઝરાયેલ પર હુમલો કરી ચૂક્યું છે. હવે તેમની જ સુરક્ષામાં મોટો ભંગ થયો છે. લેબનોનની સાથે સીરિયામાં પણ આવા જ વિસ્ફોટો થયા છે. લેબનોનના સૂચના મંત્રીએ કહ્યું છે કે તેની પાછળનું કારણ ઈઝરાયેલની આશ્ચર્યજનક 'જેમ્સ બોન્ડ સ્ટાઈલ' છે. આ હુમલામાં સેંકડો હિઝબુલ્લાહ લડવૈયાઓ, ટોચના કમાન્ડરો અને બેરૂતમાં ઈરાનના રાજદૂત ઘાયલ થયા છે.

### નવા સીએમ પાસે ૧.૪૧ કરોડની સંપત્તિ

# ન તો ઘર, ન જમીન, ન કોઈ ઘરેણાં, છતાં દિલ્હીના નવા સીએમ આતિશી છે કરોડપતિ

**દિલ્હીના મુખ્યમંત્રી બનવા જઈ રહેલી આતિશી પાસે ન તો પોતાનું ઘર છે કે ન તો તેમના નામે કોઈ જમીન નોંધાયેલી છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

દિલ્હીના નવા મુખ્યમંત્રી બનવા જઈ રહેલી આતિશી માર્લેના પાસે ન તો પોતાનું ઘર છે કે ન તો તેમના નામે કોઈ જમીન નોંધાયેલી છે. જો કે, ૨૦૨૦ની ચૂંટણીની એફિડેવિટ મુજબ, આ છતાં તેમની પાસે ૧ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે.દિલ્હીના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવી છે. મંગળવારે આતિશી માર્લેનાને ધારાસભ્ય દળના નવા નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ પહેલા આજે આમ આદમી પાર્ટીની ધારાસભ્ય દળની બેઠકમાં બે નામો પર ચર્ચા થઈ રહી હતી, જેમાં આતિશી સિવાય કૈલાશ ગેહલોતનું નામ મોખરે હતું, પરંતુ બેઠક દરમિયાન આતિષીનું નામ ફાઈનલ કરવામાં આવ્યું હતું. જો આપણે વિદેશી શિક્ષિત નવી દિલ્હીના સીએમ આતિશીની નેટવર્થ વિશે વાત કરીએ તો તે ૧ કરોડ રૂપિયાથી વધુ છે. અમને જણાવો કે તેમની પાસે શું છે? આતિશી માર્લેનાએ દિલ્હીના કાલકાજી દક્ષિણથી ચૂંટણી જીતી હતી. તેમની સંપત્તિ વિશે વાત કરીએ તો, સ્અદ્રીદ્ઘ પર શેર કરાયેલ ચૂંટણી એફિડેવિટ અનુસાર, તેમની પાસે ૧.૪૧ કરોડ રૂપિયાની સંપત્તિ છે, જ્યારે દિલ્હીના કરોડપતિ મંત્રી હોવા છતાં, તેમની પાસે કોઈ જવાબદારી નથી. ૨૦૨૦ની દિલ્હી વિધાનસભા ચૂંટણી દરમિયાન તેમણે ચૂંટણી પંચ સમક્ષ સંપત્તિની વિગતો રજૂ કરી હતી. તેણે જણાવ્યું હતું કે તેની પાસે લગભગ ૩૦,૦૦૦ રૂપિયા રોકડ છે, જ્યારે બેંક ડિપોઝિટ અને એફડી કુલ ૧.૨૨ કરોડ રૂપિયા છે. દિલ્હીના નવા મુખ્યમંત્રી બનવા જઈ રહેલી આતિશીની



મોટાભાગની સંપત્તિ તેના બેંક ખાતા અને ફિક્સ ડિપોઝિટમાં છે, જ્યારે કરોડપતિ હોવા છતાં તેણે શેરબજાર કે બોન્ડ માર્કેટથી અંતર જાળવી રાખ્યું છે. આતિશીએ શેરમાં કોઈ રોકાણ કર્યું નથી. જોકે તેણે એલઆઈસીનો પ્લાન લીધો છે. તેમના નામે ૫ લાખ રૂપિયાની હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસી છે. ૨૦૧૨માં ભ્રષ્ટાચાર વિરોધી ચળવળ દરમિયાન રાજકારણમાં પ્રવેશનાર આતિશી માર્લેના આમ આદમી પાર્ટીના સ્થાપક સભ્યોમાંથી એક છે. તે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પૂર્વ દિલ્હી બેઠક પરથી પણ ઉમેદવાર હતી, પરંતુ તે ભાજપના ગૌતમ ગંભીર દ્વારા પરાજય પામી હતી.

## વસ્તી વધારવા માટે પુતિન સરકારનું અજીબોગરીબ ફરમાન

। (એજન્સી) રશિયા, તા.૧૮ ।

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને દેશના ઘટી રહેલા જન્મ દરનો સામનો કરવાના પ્રયાસરૂપે રશિયનોને તેમના લંચ અને કોફી બ્રેક દરમિયાન કામ પર સેક્સ કરવાની સલાહ આપી છે. વ્લાદિમીર પુતિન રશિયામાં ઘટી રહેલી વસ્તીને લઈને ખૂબ જ ચિંતિત છે. હવે રશિયન રાષ્ટ્રપતિએ આ સમસ્યાનો સામનો કરવા માટે એક અજીબોગરીબ ફરમાન કર્યુ છે. મીડિયા રિપોટ્ર્સ અનુસાર, પુતિને રશિયન નાગરિકોને લંચ અને કોફી બ્રેક દરમિયાન સેક્સ કરવાની સલાહ આપી છે. પુતિનની આ સૂચના એવા સમયે આવી છે જ્યારે રશિયામાં પ્રજનન દર પ્રતિ મહિલા ૧.૫ પર આવી ગયો છે. રશિયા માટે પણ આ ચિંતાનો વિષય છે કારણ કે કોઈ દેશની વસ્તીને સ્થિર રાખવા માટે ત્યાંની મહિલાઓનો પ્રજનન દર ઓછામાં ઓછો ૨.૧ હોવો જોઈએ. રશિયાના આરોગ્ય પ્રધાન ડૉ. યેવજેની શેસ્ટોપાલોવે ભારપૂર્વક જણાવ્યું છે કે બાળકો પેદા કરવામાં કામ અડચણ ન બનવું જોઈએ. તેમણે રશિયાના લોકોને તેમના પરિવારનો વિસ્તાર કરવા માટે લંચ અને કોફી બ્રેકનો લાભ લેવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે કામમાં ખૂબ વ્યસ્ત રહેવું એ સેક્સ ન કરવા માટે યોગ્ય કારણ નથી. આ એક નકામું બહાનું છે. તમે વિરામ વચ્ચે સેક્સ કરી શકો છો. કારણ કે જીવન ખૂબ જ ઝડપ થી પસાર થાય છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે, મોસ્કોમાં ૧૮થી ૪૦ વર્ષની વયની મહિલાઓને તેમના પ્રજનન સ્વાસ્થ્ય અને સંભવિતતાનું મૂલ્યાંકન કરવા માટે રચાયેલ મફત પ્રજનનક્ષમતા સ્ક્રીનીંગમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. એટલું જ નહીં, રશિયાના ચેલ્યાબિન્સ્ક વિસ્તારમાં સત્તાવાળાઓએ જન્મ દર વધારવા માટે આર્થિક મદદ પણ શરૂ કરી દીધી છે. અહીં ૨૪ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓને તેમના પ્રથમ બાળકના જન્મ પર ૧.૦૨ લાખ રુબેલ્સ (રૂ. ૯.૪૦ લાખ) ચૂકવવાની ઓફર કરવામાં આવે છે. રશિયામાં ગર્ભપાત પર પ્રતિબંધ ચાલુ છે, ધાર્મિક નેતાઓ હિમાયત કરે છે કે સ્ત્રીની પ્રથમ જવાબદારી બાળકોનો જન્મ અને ઉછેર છે. રશિયામાં છૂટાછેડા માટેની ફીમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

### હથોડાથી મારી મારીને હત્યા કરી

## બકરી વેચવાની ના પાડતા કળિયુગના પુત્ર એ જ માતાને મોતને ઘાટ ઉતારી

**આરોપી પુત્રે મૃતદેહને કપડામાં વીંટાળીને તેના પર પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી, ગ્રામજનોના પહોંચતા આરોપી ફરાર**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

સોનભદ્રમાં એક કળિયુગના પુત્રે બકરી વેચવાની ના પાડવા પર માતાનું માથું હથોડાથી કચડીને હત્યા કરી દીધી. આરોપી પુત્રે મૃતદેહને કપડામાં વીંટાળીને તેના પર પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી. ગ્રામજનોના પહોંચતા આરોપી ફરાર થઈ ગયો. પોલીસે અર્ધ બળેલા મૃતદેહને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો છે. પોલીસે આરોપીની ધરપકડ કરવાનો દાવો કર્યો છે. જિલ્લાના બભની થાણા વિસ્તારના બચરા ગામના રહેવાસી કમલેશ દેવી ઉંમર ૫૦ વર્ષના પતિ સત્યનારાયણનું આઠ વર્ષ પહેલા મૃત્યુ થઈ ચૂક્યું છે. તે તેના પુત્ર અને પુત્રવધૂ સાથે રહેતી હતી. મૃતકાએ કેટલાક બકરા અને બકરી પાળી રાખ્યા હતા. મૃતકાનો પુત્ર કિશુન બિહારી તેને વેચવા માંગતો હતો. બકરાને વેચવા માટે તેણે એક વેપારીને પણ બોલાવી લીધો હતો, પરંતુ માતાએ વેચવાની ના પાડી દીધી. આ પર માતા પુત્ર વચ્ચે ઝઘડો થયો. આ પછી પુત્ર ક્યાંક ચાલ્યો ગયો. તે જ દિવસે રાત્રે લગભગ આઠ વાગ્યે કિશુન બિહારી ઘરે આવ્યો. તેણે ઘરમાં રાખેલો હથોડો લઈને માતાના માથા પર પ્રહાર કરી દીધો. આરોપીએ કમલેશ દેવીના માથા પર ત્યાં સુધી પ્રહાર કર્યા, જ્યાં સુધી તેનું મૃત્યુ ન થઈ ગયું.

આરોપીનું મન આટલાથી પણ ન ભરાયું તો તેણે મૃતદેહને કપડામાં વીંટાળીને પેટ્રોલ છાંટીને તેને આગ લગાવી દીધી. ઘરમાંથી આગની જ્વાળાઓ ઊઠતી જોઈને ગ્રામજનો તે તરફ દોડ્યા.

## દંપત્તિ દ્વારા વીમા એજન્ટ પાસેથી ૧૩ લાખ પડાવી છેતરપિંડી કરાઈ

। (એજન્સી) ગાંધીધામ, તા.૧૮ ।

ગાંધીધામ ખાતેની એક કંપનીમાં ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ કરવાથી સારા વળતરની લોભામણી સ્કીમના નામે ઉધનાના વીમા એજન્ટ પાસેથી રૂપિયા ૧૩ લાખ પડાવી છેતરપિંડી કરનાર દંપતીની ભેસ્તાન પોલીસે ધરપકડ કરી છે. દંપતીએ વીમા એજન્ટ પાસેથી કંપનીમાં રોકાણના નામે લીધેલા રૂપિયા દસ લાખની રકમ ઈમ્પોર્ટ- એક્સપોર્ટ કંપનીમાં નહીં પરંતુ ડ્રગ્સના ધંધામાં રોકાણ કર્યા હોવાથી પોલીસે મહિલાના પતિની ઘરપકડ કરી હતી. જે બાદ એક પોલીસ અધિકારીની ઓળખાણના કારણે રૂપિયા ૩ લાખમાં સમાધાન કરી જેલમુક્ત કરાવ્યો હોવાની વાત ઉપજાવી નાખી હતી. પરંતુ ત્યારબાદ વધુ રૂપિયાની વીમા એજન્ટ પાસે માંગણી કરતા છેતરપિંડીનો ભોગ બનેલા વીમા એજન્ટની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી. સુરતના ઉધના વિસ્તારમાં રહેતા વીમા એજન્ટ મુલ્હાસભાઈ માળી છેતરપિંડીનો ભોગ બન્યા હતા. ભેસ્તાનનાં ઠગ દંપતીએ



ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ કંપનીમાં રોકાણ અને પોલીસના નામે રૂપિયા ૧૩ લાખ જેટલી રકમ વીમા એજન્ટ પાસેથી પડાવી છેતરપિંડી આચરી હતી. સમગ્ર મામલો ભેસ્તાન પોલીસ મથકે પહોંચતા પોલીસે ઠગ દંપતિની ધરપકડ કરી હતી. ઘટનામાં દંપતીએ બે અન્ય કાલ્પનિક નામો પણ ઉપજાવી નાખ્યા હતા. જેમાં એક ગ્લોબલ ઈમ્પોર્ટ-એક્સપોર્ટ કંપનીના કર્મચારી અને અન્ય એક એશિયન શેલ કંપનીના મોબાઈલ નંબરના ધારકનો સમાવેશ થાય છે. ભેસ્તાન પોલીસના જણાવ્યા અનુસાર ,વીમા એજન્ટ મુલ્હાસ ભાઈ માળી ભેસ્તાન ખાતે રહેતા વિકી જરીવાળા અને તેની પત્ની ક્રિષ્ના જરીવાળાના ઘણા સમયથી સંપર્કમાં છે. જેથી વીમા એજન્ટ અને દંપતી એકબીજાથી પરિચિત છે. દરમ્યાન બંને પતિ પત્નીએ વીમા એજન્ટને ગાંધીધામ ખાતેની એક કંપનીમાં ઈમ્પોર્ટ અને એક્સપોર્ટનાં નામે રોકાણ કરવાથી સારું એવું વળતર મળશે તેવી લોભામણી સ્કીમ બતાવી હતી. વિશ્વાસ અને ભરોસામાં આવેલા વીમા એજન્ટે ૧૦ લાખ રૂપિયા જેટલી રકમ ટુકડે ટુકડે બેન્ક એકાઉન્ટ અને આંગડિયા પેઢી મારફતે દંપતીને આપ્યા હતા. લાખોની રકમ પડાવી લીધા બાદ આ જરીવાળાની પત્ની ક્રિશ્રા જરીવાળાએ વીમા એજન્ટના મોબાઈલ વોટ્સએપ નંબર પર એક વોઈસ મેસેજ મોકલ્યો હતો. જેમાં તેણીના પતિને સુરત એસઓજી ધરપકડ કરી લઈ ગઈ હોવાનું જણાવ્યું હતું. બાદમાં વીમા એજન્ટે રૂબરૂમાં આવી જરીવાળાની પત્ની જોડે વાતચીત કરી હતી. બે દિવસ બાદ વિકી જરીવાળા વીમા એજન્ટ મૂલ્હાસ ભાઈ ને મળ્યો હતો.જ્યાં જણાવ્યું હતું કે, તેઓ દ્વારા જે રૂપિયા દસ લાખની રકમ આપવામાં આવી હતી તે ગાંધીધામ ખાતેની કોઈ ગ્લોબલ કંપનીમાં નહીં પરંતુ ડ્રગ્સના ધંધામાં રોકાણ કરી હતી.

### એક વ્યક્તિનું મોત નિપજ્યું

## ત્રંબા ત્રિવેણી સંગમ ખાતે ગણેશ વિસર્જન દરમિયાન ૪ લોકો ડૂબ્યા

**મામલતદાર સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા, ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટ્યા હતા**

। (એજન્સી) રાજકોટ, તા.૧૮ ।

રાજકોટ ભાવનગર હાઈવે પર ત્રંબા ગામ નજીક ગણેશ વિસર્જન કરવા આવેલા ત્રિવેણી નદીમાં ૪ લોકો ડૂબ્યા હતા. જેમાં ગામ લોકો દ્વારા તેમને બચાવવામાં આવ્યા હતા. ત્રણ લોકોને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા છે.

ગામના તરવૈયા યુવાનો દ્વારા ત્રણ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. એકની હાલત ગંભીર હોવાથી તેને ૧૦૮માં સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. તેનુ સારવાર દરમિયાન મોત થયું છે. મામલતદાર સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઘટનાસ્થળે



લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. રાજકોટમાં આઠ સ્થળો પર ૫ હજારથી વધુ ગણેશ મૂર્તિનું આજે વિસર્જન કરવામાં આવ્યું છે. લોકોને તેમના હાથે વિસર્જન નહીં કરવા દેવાય, ફાયર સ્ટાફને મૂર્તિ સોંપી દેવાની રહેશે. અકસ્માત અટકાવવા રેસ્ક્યૂ બોટ અને એમ્બ્યુલન્સ રાખવામાં આવી હતી. ભાવિકોએ વાજતે ગાજતે ઘરોમાં અને શેરીએ શેરીએ ગણેશજીની સ્થાપના કર્યા બાદ હવે વિઘ્નહર્તાની ભાવભેર વિદાય આપી રહ્યા છે. રાજકોટમાં નાની-મોટી આશરે ૫ હજારથી વધુ ગણેશ મૂર્તિઓનું આજે જુદા જુદા ૮ સ્થળે વિસર્જન કરવાની વ્યવસ્થા મનપા દ્વારા કરવામાં આવી છે.

**વિશેષ**

### અમદાવાદથી ગાંધીનગર દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી એ મારૂ અહોભાગ્ય

# તાપીનું ગૌરવ: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રસ્થાન કરાવેલ મેટ્રો ટ્રેનની સારથી તાપીની દિકરી કક્ષ્તી ચૌધરી

। (માહિતી) ગાંધીનગર ।

ટ્રેન ઓપરેટર કક્ષ્તી નવિનભાઈ ચૌધરી દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હાલમાં જ ગુજરાત રાજ્યમાં વિકાસકામોનું લોકાર્પણ કર્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય હંમેશા વિકાસના પંથે અગ્રેસર રહયું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં વિકાસના અનેક પ્રોજેક્ટો આગળ વધી રહ્યા છે. ત્યારે પ્રધાનમંત્રીશ્રીએ તા.૧૬/૦૯/૨૦૨૪ ના રોજ અમદાવાનના મોટેરાથી પ્રસ્થાન કરાવેલ મેટ્રો ટ્રેનની સારથી છેવાડાના તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા (શિવશક્તિ સોસાયટી) ખાતે હાલમાં રહેતી દિકરી કક્ષ્તી નવિનભાઈ ચૌધરી માટે ઐતિહાસિક યાદગાર સંભારણું બની ગઈ. તાપીવાસીઓને જ્યારે ખબર પડી કે મેટ્રો ટ્રેન માં ફરજ બજાવતી આ દિકરી કક્ષ્તી તાપી જિલ્લાના વ્યારાની છે ત્યારે સમગ્ર તાપીમાં ગર્વભેર ખુશીઓની લહેર વ્યાપી ગઈ હતી. મહિલા સશક્તિકરણની શરૂઆત કરાવનાર લોકલાડિલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી એ જ્યારે મેટ્રો ટ્રેનને ફ્લેગ ઓફ કરાવ્યું ત્યારે એ ટ્રેનને હંકારનાર દિકરી પણ ગુજરાતના ગ્રામીણ આદિવાસી ક્ષેત્રની અને વડાપ્રધાનશ્રી પણ ગુજરાતના, એ સંયોગ આપણા તાપી અને ગુજરાત માટે ઐતિહાસિક બની ગયો હતો. તાપી જિલ્લાના લોકોને સોશિયલ મીડિયાના માધ્યમથી થોડી જાણકારી મળતા જ અભિનંદનનો વરસાદ વરસાવવા લાગ્યા ત્યારે ખરેખર કક્ષ્તી ના પરિવારની મુલાકાત





માહિતી કચેરી વ્યારા દ્વારા લેવામાં આવી હતી. મૂળ ગામ નાની ભટલાવ તા.બારડોલી,જિ.સુરતના રહેવાસી પિતા, નવિનભાઈ જનાભાઈ ચૌધરી, સરદાર સરોવર નિગમ કેવડિયા જિ.નર્મદા ખાતે GSECLમાં ડેપ્યુટી ઈજનેર તરીકે ફરજ બજાવી હાલ નિવૃત્ત થયા છે. જ્યારે સુરતના મહુવા તાલુકાના વડિયા ગામના માતા નલિનાબેન પ્રભાતસિંહ ચૌધરી, મિશ્ર શાળા,વ્યારામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. તેમના એકમાત્ર સંતાન દિકરી કક્ષ્તીએ તાપી જિલ્લાને ગૌરવ અપાવી તાપીની યશકલગીમાં મોરપિચ્છ ઉમેર્યું છે.

કક્ષ્તીના માતા-પિતા એ જણાવ્યું હતું કે કશ્તી નાનપણથી જ ખૂબ જ જુસ્સો ધરાવે છે. કોઈપણ પરિસ્થિતિનોઉત્સાહભેરસામનોકરીનેજીવનમાંઆગળ વધવાના લક્ષ્ય સાથે ઝંપલાવે છે. કક્ષ્તીએ ઉકાઈમાં સરકારી શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધુ ત્યારબાદ જીવનસાધના હાઈસ્કુલ ઉકાઈ ખાતે માધ્યમિક શિક્ષણ લઈ ઉચ્ચત્તર માધ્યમિક શબરીધામ વ્યારા ખાતે લીધુ હતું. કક્ષ્તીને ઈજનેર બનવાનું સ્વપ્ર હતું એટલે ગવર્મેન્ટ પોલીટેકનિક,રાજકોટ ખાતે ડિપ્લોમાં ઈલેકટ્રીક શાખામાં અભ્યાસ કર્યો ત્યારબાદ વધુ અભ્યાસ માટે ડિપ્લોમા ટુ ડિગ્રી એન્જીનિયરીંગ, વડોદરાની બાબરીયા કોલેજમાંથી ડિસ્ટીંકશન સાથે ડીગ્રી એન્જિનિયર ની પદવી મેળવી. ત્યારબાદ નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતી કક્ષ્તીએ મેટ્રો ટ્રેનમાં ટ્રેન ઓપરેટરની જાહેરાત આવતા તેનું ફોર્મ ભર્યુ અને જુદા જુદા ત્રણ તબક્કાઓમાં ખૂબ જ કઠીન પરીક્ષાઓ પાસ કરી અને છેલ્લા બે વર્ષથી મેટ્રો ટ્રેનમાં ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. તેમના પતિ કેયુરકુમાર ચૌધરી એરપોર્ટ ઓથોરિટી,સુરત ખાતે ફરજ બજાવે છે. કક્ષ્તીએ અમદાવાદ થી ગાંધીનગર ફેઝ-૨ મેટ્રો ટ્રેનનું સંચાલન કર્યું અને દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી,મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત સહિત મહાનુભાવોએ જ્યારે મેટ્રો ટ્રેનમાં અમદાવાદ થી ગાંધીનગર ગીફ્ટ સીટી સુધી મુસાફરી કરી ત્યારે કક્ષ્તી ખુશીઓથી ઝુમી ઉઠી હતી. અને ધન્યતાની લાગણી અનુભવી હતી. તાપી જિલ્લાના આ પ્રેરક ગૌરવને જિલ્લા વહીવટી તંત્ર, શિક્ષણ વિભાગ, શિક્ષક સંઘ,વ્યારા નગરજનો, પરિવારજનો સહિત સમગ્ર આદિવાસી સમાજે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

### યુનિવર્સિટીના કુલપતિને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાની જોગવાઈ છે

# સૌરાષ્ટ્ર યુનિ. સહિત રાજ્યની ૧૧ સરકારી યુનિવર્સિટીઓ FRCની સ્થાપના કરશે

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારમાં ખાનગી શાળાઓ સામે ફી નિયમન સમિતિ (FRC)ની રચના કરવામાં આવી હતી અને ફી નિયમન માટે કાયદો અમલમાં મૂકવામાં આવ્યો હતો. જોકે, FRCનો નિયમ મુજબ બરાબર અમલ થતો ન હોવા છતાં હવે ભૂપેન્દ્ર પટેલની વર્તમાન સરકારે ગુજરાતમાં FRC બનાવવાની જાહેરાત કરી છે. જો કે, મહત્વની વાત એ છે કે તમામ ખાનગી કોલેજો ખૂબ ઊંચી ફી વસૂલતી નથી, પરંતુ તેમ છતાં એફઆરસીના આગમનથી વિદ્યાર્થીઓને ફાયદો થશે. પરંતુ ઘણીવાર એવું ચિત્ર ઊભું થતું રહે છે કે દરેક કોર્સ માટે ખુલ્લી લૂંટ ચલાવતી ખાનગી યુનિવર્સિટીઓ પર સરકારનું કોઈ નિયંત્રણ નથી અને તેમને ખુલ્લેઆમ લૂંટ ચલાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ગુજરાત સરકારના નવા કાયદા મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત રાજ્યની ૧૧ સરકારી યુનિવર્સિટીઓ FRCની સ્થાપના કરશે. શાળાઓ જેવી જ ફી નિયમન સમિતિઓ. જેમાં BA, B.Com, B.Sc, BBA, BCA સહિતના એન્જિનિયરિંગ અને મેડિકલના નોન-ટેક્નિકલ કોર્સની ફી યુનિવર્સિટી કક્ષાએ કુલપતિની અધ્યક્ષતામાં બનેલી કમિટી દ્વારા નક્કી કરવામાં આવશે. સામાન્ય રીતે, શાળાઓ અને રાજ્ય સ્તરે ફી નિયમન માટે રચાયેલી સમિતિની અધ્યક્ષતા નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા કરવામાં આવે છે. જ્યારે યુનિવર્સિટી કક્ષાએ ચાલતા અભ્યાસક્રમો માટે નિયત કરાયેલ FRCમાં યુનિવર્સિટીના કુલપતિને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાની જોગવાઈ છે.

સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના નિવૃત્ત જજ સભ્ય હશે. આ ઉપરાંત યુનિવર્સિટીના જનરલ સેક્રેટરી સભ્ય હશે તો નાણા અને હિસાબી અધિકારી સભ્ય સચિવ રહેશે. જોકે, આ સમિતિ ખાનગી યુનિવર્સિટીઓમાં ચાલી રહેલી ખુલ્લેઆમ લૂંટને રોકી શકતી નથી. આ પહેલા પણ રાજ્ય સરકાર દ્વારા અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક સ્તરે પ્રવેશ માટે GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસ) પોર્ટલ પર વિદ્યાર્થીઓની નોંધણી ફરજિયાત કરવામાં આવી હતી. નવો એફઆરસી કાયદો હવે કાયદામાં ખાનગી કોલેજોમાં વસૂલવામાં આવતી ફીનું નિયમન કરશે, જ્યારે કે જેમણે એડમિશન મોડું શરૂ કર્યું હતું અને ખાનગી યુનિવર્સિટીઓએ તેમના એડમિશન અગાઉ ખોલ્યા હોવાથી તેમને ઘણો ફાયદો થયો હતો. પરંતુ ખાનગી યુનિવર્સિટીઓમાં વસૂલવામાં આવતી અતિશય ફી પર કોઈ રોક લાગશે નહીં.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ખાનગી કોલેજના પ્રમુખ ડો.નેહલ શુક્લાએ જણાવ્યું હતું કે, રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ માટે સ્થાનિક સ્તરે એફઆરસીનું સૂચન કરવામાં આવ્યું છે. જેમાં યુનિવર્સિટીના કુલપતિને પ્રમુખ તરીકે રાખવાની જોગવાઈ છે. જ્યારે હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ, ભૂતપૂર્વ ચાન્સેલર, રાષ્ટ્રીય અથવા જાહેર ક્ષેત્રની બેંકના નિવૃત્ત જનરલ મેનેજર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેમજ યુનિવર્સિટીના જનરલ સેક્રેટરીને સભ્યો તરીકે નિયુક્ત કરવાની જોગવાઈ છે. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓ અને કોલેજો માટે FRC સારી બાબત છે. કાઉન્સિલની જેમાં એન્જિનિયરિંગ, મેડિકલ, પેરા મેડિકલ, લો અને બી.એડ સહિતના અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. ફી રેગ્યુલેશન કમિટી રાજ્ય કક્ષાએ છે અને ફી નક્કી કરવા માટે સ્કૂલોમાં પણ ફી રેગ્યુલેશન કમિટી હોય છે. પરંતુ તેના અધ્યક્ષ નિવૃત્ત ન્યાયાધીશ છે. જ્યારે તેઓ યુનિવર્સિટીના એક્ટમાં સભ્ય છે. કુલપતિ પોતે આ કમિટીના ચેરમેન હોવાથી જો કોઈ કોલેજ વધુ ફી નક્કી કરશે તો તેને વિદ્યાર્થીઓ અને વાલીઓના રોષનો સામનો કરવો પડશે અને જો ઓછી ફી નક્કી થશે તો તેની સીધી જવાબદારી કોલેજના કુલપતિની રહેશે. આ એકાઉન્ટન્ટનો વિષય હોવાથી કુલપતિએ તેને ઉંડાણપૂર્વક સમજવો પડશે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે કેટલીક કોલેજો શરતો વગર ચાલી રહી છે અને વધુ ફી વસૂલતી હોય છે ત્યારે તેની શું અસર થાય છે, તો તેમણે કહ્યું કે, ફી નિયમન સમિતિનું કામ ફીનું નિયમન કરવાનું છે. જો કોઈપણ કોલેજ તેના ખર્ચના પ્રમાણમાં વધુ ફી વસૂલતી હોય તો તે કોલેજની આવક અને ખર્ચના હિસાબો જોઈને તેના પર નિયંત્રણ કરવામાં આવશે. યુનિવર્સિટીના કોર કોર્સ ગણાતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચાલતા નોન-કાઉન્સીલ કોર્સને આ ફી નિયમન સમિતિની અસર થશે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ૨૩૫ કોલેજોના ૨ લાખ જેટલા વિદ્યાર્થીઓને આ ફીની અસર થશે.

## અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાનો આજે છેલ્લો દિવસ, ૨૭ લાખે કર્યા દર્શન

**। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૮ ।**

બનાસકાંઠાના અંબાજીમાં ૧૨ સપ્ટેમ્બરથી શરૂ થયેલા ભાદરવી પૂનમના મહાકુંભનો આજે છેલ્લો દિવસ છે. આજે ભાદરવી પૂનમના દિવસે અંબાજી મંદિરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. સવારે ૬ કલાકે માતાજીની મંગળા આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો 'બોલ માડી અંબે જય-જય અંબે'ના નાદ સાથે માતા અંબાના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. આ સાથે માતા અંબાજીનું દર્શન કરનારા ભક્તોની સંખ્યા ૨૭ લાખને આંબી ગઈ છે. બુધવારે અંતિમ દિવસ હોવાથી કુલ આંકડો ૩૦ લાખને આંબી જાય તો આશ્ચર્ય નહીં થાય. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ ભાદરવી પૂનમે માતા અંબાજીના દર્શન કરીને પૂજા કરી હતી. અંબાજીમાં મીની મહાકુંભ જેવુ દ્રશ્ય છે. હાથમાં ધજા સાથે લાખો ભક્તોના આગમનથી અંબાજી વધુ સુંદર લાગે છે.

### એરપોર્ટ પર વિશેષ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી । અમદાવાદના રસ્તે દુબઈ ભાગી જવાની યોજનાને અંજામ આપવાની તૈયારી કરી રહ્યો હતો

# ગુજરાત પોલીસે કરી ત્રણ હજાર કરોડનો સટ્ટો રમાડતા રાજસ્થાની બુકીની ધરપકડ

**। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।**

ગુજરાત પોલીસે ત્રણ હજાર કરોડ રૂપિયાનો સટ્ટો રમાડનારા રાજસ્થાની બુકીની ધરપકડ કરી છે. રાજસ્થાનનો બુકી અને મહાદેવ એપનો ભાગીદાર બાલમુકુંદ ઈનાની અમદાવાદના રસ્તે દુબઈ ભાગી જવાની યોજનાને અંજામ આપવાની તૈયારી કરી રહ્યો હતો. તેનું કારણ એ હતું કે અમદાવાદ પોલીસ પીએમના આગમનને લઈને તૈયારીઓમાં વ્યસ્ત હતી. તેથી તેને એમ હતું કે તે પોતે સરળતાથી ભાગી જશે, પરંતુ અમદાવાદ પોલીસે તેનું આ આયોજન પાર પાડવા ન દીધું. બાલમુકુંદ ઈનાની મહાદેવ એપ ના માલિક સૌરભ ચંદ્રાકરનો ભૂતપૂર્વ ભાગીદાર હતો. તે રાજસ્થાનના ચિત્તોડગઢમાં કપાસન નગરપાલિકાના કોંગ્રેસના કાઉન્સિલર છે. મહાદેવ એપ બાદ જોગણીયા બુક નામની એપ દ્વારા દેશભરમાં સટ્ટો રમાડતો હતો. બાલમુકુંદનું અંદાજિત ટર્નઓવર ૨૦૦૦ થી ૩૦૦૦ કરોડ રૂપિયા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ સપ્ટેમ્બરે અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા અને ગુજરાતમાં તેમના નિર્ધારિત કાર્યક્રમમાં હાજરી આપવાના હતા. સમગ્ર કાર્યક્રમ માટે એરપોર્ટ પર વિશેષ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. આ બધું ચાલી રહ્યું હતું ત્યારે અમદાવાદ શહેરના ઝોન ૪ના લેડી ડીસીપી કાનન દેસાઈને ફોન આવ્યો અને તેમને કહેવામાં આવ્યું કે એક સમયે મહાદેવ એપના ભાગીદાર એવા બાલમુકુંદ ઈનાની હવે અમદાવાદ એરપોર્ટ પરથી ભાગીને દુબઈ જઈ રહ્યા છે. તે રાજસ્થાનમાં અનેક ગુનાઓમાં વોન્ટેડ છે અને કોંગ્રેસ સાથે સંબંધ ધરાવે છે. તે ચિત્તોડગઢમાં કોંગ્રેસ કનેક્શન ધરાવતો વ્યક્તિ છે અને તે કોઈપણ રીતે અહીંથી ભાગી જવાનો છે. આ ઉપરાંત બાલમુકુંદ કાળા રંગની વર્ના કારમાં આવવાનો હોવાની માહિતી પણ મળી હતી, જેની તપાસ કર્યા બાદ પોલીસે તેને પકડવા માટે તેની શોધખોળ શરૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે મને બાલમુકુંદ વિશે માહિતી મળી છે અને અમે તેને શોધી રહ્યા છીએ. બીજી તરફ એરપોર્ટ ખીચોખીચ ભરાઈ ગયું હતું અને વડાપ્રધાન આવવાના હતા. આ માટેની તૈયારીઓ પણ થઈ ગઈ હતી અને અમે પણ ત્યાં વ્યસ્ત હતા. બીજી તરફ, બાલમુકુંદ ત્યાં પહોંચવાનો હતો કે તરત જ એલસીબીની ટીમે તેને ટ્રેસ કરવાનું શરૂ કર્યું અને તેનું લોકેશન ગાંધીનગર તરફ આવી રહ્યું હતું. તે ગાંધીનગરમાં ક્યાંક રહેતો હતો અને અમદાવાદથી દુબઈ જતો હોવાની જાણ થતાં અમે તેને શોધવાના ખૂબ પ્રયત્નો કર્યા હતા. ત્યારબાદ તેનો ફોન સ્વીચ ઓફ આવ્યો હતો. જોકે, અમારી ટીમે અમારા પ્રયાસો ચાલુ રાખ્યા હતા. અમને ખબર પડી કે આ વર્ના કાર બ્લેક કલરમાં આવશે. પરંતુ એવું કોઈ વાહન આવ્યું ન હતું. વધુમાં જણાવાયું હતું કે જો કે અમે અમારી માહિતીના આધારે અહીં નજર રાખી રહ્યા હતા અને તે સમયે અમને ખબર પડી કે તે ત્યાં આવવા નીકળ્યો હતો પરંતુ આ વખતે તે કાળી કારમાં નહીં પરંતુ સફેદ રંગની ફોર્ચ્યુનર કારમાં અમદાવાદ એરપોર્ટ પહોંચ્યો હતો. જ્યારે અમે તેની અટકાયત કરી પૂછપરછ કરી ત્યારે તે કહેતો રહ્યો કે 'હું એવું કંઈ કરતો નથી.

હું જામીન પર છું' પરંતુ જ્યારે અમે રાજસ્થાન પોલીસનો આ વાતની પુષ્ટિ કરવા માટે સંપર્ક કર્યો ત્યારે અમને ખબર પડી કે તે બે ગુનામાં વોન્ટેડ છે. જેથી અમે તરત જ તેની અટકાયત કરી એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ભેગો કર્યો હતો. મોડી રાત્રે બાલમુકુંદને કસ્ટડીમાં લીધા બાદ તે પોતે પણ વિવિધ વાતો કરતો હતો, આ દરમિયાન રાજસ્થાન પોલીસ ત્યાં આવી હતી અને બાલમુકુંદને કસ્ટડીમાં લઈને પોતાની સાથે લઈ ગઈ હતી.

## ગુજરાતના પરિવારને જીવલેણ ધોધ નજીક બર્થ-ડે ઉજવવી ભારે પડી

**। (એજન્સી) ગીરસોમનાથ, તા.૧૮ ।**

જમઝીર ધોધ નજીક કોતરો પર સેલ્ફી લેવા પર કાયમી પ્રતિબંધ હોવાનું જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું હોવા છતાં સેલ્ફી લેતા તેમજ ઝમઝીર ધોધ બાજુમાં જન્મ દિવસની ઉજવણી કરનાર રાજકોટના સહેલાણી સહિત હોમસ્ટે માલિક વિરુદ્ધ પોલીસ ફરીયાદ થઈ છે. જમજીર ધોધની બાજુમાં કુવાડવા રાજકોટના રહેવાસી પીપડીયા સરોજબેન સંજયભાઈ અને પીપળીયા સંજયભાઈ પોલાભાઈ દ્વારા જમજીર ખાતે ધોધની આશરે ૧૦થી ૨૦ મીટર દૂર પોતાના જન્મદિવસની ઉજવણી કરી હતી. જમજીર ધોધના પાછળના ભાગમાં ફાલ્ગુનસિંહ ઝાલાના નામે આવેલ જમજીર રીટ્રીટ નામના હોમ સ્ટે દ્વારા જન્મદિવસની ઉજવણી અંગેના ફોટોગ્રાફ સોશિયલ મીડિયા ફેસબુક પર અપલોડ કરવામાં આવ્યા હતા. જેમાં જંજીર ધોધની કોતરો પર કેક અને ટેબલ રાખીને ઉજવણી કરતા હોવાનું દેખાય છે.

### ગમખ્વાર અકસ્માતમાં માતા-પુત્રનું થયું મૃત્યુ

## ઇડર ખેડબ્રહ્મા હાઇવે રોડ પર ગોઝારો અકસ્માત સર્જાયો

**। (પ્રતિનિધી) સાબકાંઠા, તા.૧૮ ।**

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે. ઈડર-ખેડબ્રહ્મા હાઈવે પર મહારાણા પ્રતાપ સર્કલ નજીક બેફામ ટ્રકના ચાલકે બાઈક પર જતા પરિવારને અડફેટે લીધો હતો. જેમાં ટ્રકની ટક્કરે માતા-પુત્રનું કરૂણ મૃત્યુ થયું છે. જ્યારે પતિ ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયો હતો. ઈડર પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. સાબરકાંઠાના ઈડર ખેડબ્રહ્મા હાઈવે પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માતની ઘટના બની છે. સાબરકાંઠાના મહારાણા પ્રતાપ સર્કલ નજીક ટ્રક ચાલકે બાઈકને અડફેટે લીધું હતું. જે બાદ બાઈક સવાર માતા-પુત્રનું મૃત્યુ નિપજ્યું છે. જ્યારે બાઈક ચાલકને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ટ્રક ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે. આ અકસ્માત સર્જી ટ્રક ચાલક ફરાર થઈ ગયો છે. ઈડર પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે. ઘટના સ્થળે લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા જેને પગલે સ્ટેટ હાઈવે પર ટ્રાફિક જામ થયો હતો. મહારાણા પ્રતાપ સર્કલ નજીક સર્જાયેલા ગંભીર અકસ્માતમાં પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરતાં ઘાયલ વ્યક્તિને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડયો. જ્યારે અકસ્માતની ઘટનામાં મૃત્યુ પામનાર ૨ મૃતકોના મૃતદેહને પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી. ઘટનાસ્થળ પર હાજર કેટલાક લોકોનું કહેવું છે કે ટ્રક ચાલકે સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતા આ અકસ્માત બનવા પામ્યો હતો. હાઈવે પર બાઈક પર પતિ પત્ની અને એક બાળક સવાર હતા. હાઈવે પર પસાર થતા બાઈક ચાલક સાથે ટ્રક ચાલકની ટક્કર થતા ગંભીર અકસ્માત સર્જાયો.

### યાત્રીઓને અત્યંત પસંદ આવી રહી છે QR કોડ ચુકવણી સિસ્ટમ

# અમદાવાદ મંડળના તમામ સ્ટેશનો પર ક્યૂઆર કોડથી ચુકવણીની સુવિધા

**। અમદાવાદ, તા.૧૮ ।**



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતાં સતત નવી શરૂઆત કરવામાં આવી રહી છે. મંડળ સતત ડિજિટલાઈઝેશન તરફ આગળ વધી રહ્યું છે તથા પોતાના યાત્રીઓને સુગમ અને અધિક કુશળ સેવા સુનિશ્ચિત કરાવવા માટે પ્રયાસરત છે. આ કડીમાં મંડળ દ્વારા કેશલેસ ચુકવણીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી મહત્વના પગલાં લેતાં અમદાવાદ મંડળના તમામ રિઝર્વ્ડ અને અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટરો પર ક્યૂઆર કોડ મારફતે ચુકવણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી, જેનાથી મંડળ પર ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ક્યૂઆર કોડ મારફતે રિઝર્વ્ડ ટિકિટ ભાડા ચુકવણીમાં ત્રણ ગણો અને અનરિઝર્વ્ડ ટિકિટ ભાડા ચુકવણીમાં દોઢ ગણો વધારો થયો છે.

આ નવી શરૂઆત હેઠળ પહેલાં અમદાવાદ મંડળના અમદાવાદ, મણીનગર, અસારવા, સાબરમતી તથા સરદારગ્રામ સ્ટેશનોના તમામ રિઝર્વ્ડ અને અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટરો પર ક્યૂઆર કોડ મારફતે રેલવે ટિકિટની ચુકવણી સ્વીકાર કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી. જેને આગળ વધીને મંડળના તમામ રિઝર્વ્ડ અને અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટરો પર આ સુવિધા શરૂ કરવામાં આવી જેનાથી યાત્રીઓને છુટ્ટા પૈસા ન હોવા પર ટિકિટ ભાડાની ચુકવણી કરવામાં થતી ઝંઝટથી છુટકારો મળ્યો છે. રેલવે યાત્રીઓને હવે ટિકિટ ભાડા ચુકવણી કરવા માટે યૂટીએસ મોબાઈલ એપ, એટીવીએમ, પીઓએસ અને યૂપીઆઈ જેવા ડિજિટલ ચુકવણીના વિવિધ વિકલ્પ અગાઉથી જ ઉપલબ્ધ છે. આ પ્રકારની ડિજિટલ ચુકવણી સિસ્ટમને વધુ ઉપયોગી અને સુગમ બનાવવાના ઉદ્દેશથી અમદાવાદ મંડળે આનો વિસ્તાર કર્યો છે. આ નવી ડિજિટલ ચુકવણી સિસ્ટમ ઊઈ કોડ મારફતે ટિકિટ ભાડા ચુકવણી કરવા માટે યાત્રીઓને હવે વધુ સુગમતા પ્રદાન કરશે. આના માધ્યમથી કોઈપણ યાત્રી વગર કોઈ ઝંઝટથી અને સુગમરૂપે પોતાના ટિકિટ ભાડાની ચુકવણી પોતે કરી શકે છે. આ પ્રયત્ન રેલવે યાત્રીઓને વધુ સુવિધાજનક અને સુગમ યાત્રાનો અનુભવ કરાવવા માટે એક પ્રોત્સાહન છે અને આની મારફતે ડિજિટલ ચુકવણી માટે સરળ અને સુરક્ષિત વિકલ્પ પ્રદાન કરાવવામાં આવી રહ્યા છે.

## ગુજરાતની ભોળી જનતા પર વધુ એક મોંઘવારીનો માર

**। (એજન્સી) રાજકોટ, તા.૧૮ ।**

જનતા પર વધુ એક મોંઘવારીનો માર ઝીકાયો છે. રાજ્યમાં ફરી ખાદ્યતેલના ભાવમાં વધારો થયો છે. હાલ ચોમાસા બાદ શાકભાજીના ભાવો આસમાને છે અને જીવન જરૂરી તમામ ચીજવસ્તુઓના ભાવ વધ્યા છે ત્યારે સીંગતેલને છોડીને અન્ય ખાદ્યતેલના ભાવમાં વધારો કરાયો છે. અન્ય તેલમાં કરાયેલા ભાવ વધારાની વાત કરીએ તો કપાસિયા તેલના ભાવમાં આજે રૂપિયા ૬૦નો વધારો કરાયો છે. જ્યારે પામોલીન તેલમાં રૂપિયા ૨૦નો વધારો કરાયો છે. ગુજરાતમાં ભારે વરસાદને કારણે તેલિબિયા પાકોમાં મોટા પ્રમાણમાં નુકસાન થયુ છે. જેને લઈને અલગ અલગ તેલના ભાવમાં ઉછાળો આવ્યો છે. કપાસિયા તેલનો ડબ્બો ૬૦ના વધારા સાથે ૨૦૨૦થી ૨૦૭૦ રૂપિયાની સપાટીએ પહોંચ્યો છે. પામતેલ તેલનો ડબ્બો ૧૮૬૦થી ૧૮૬૫ રૂપિયા થયો છે. વરસાદથી તેલબિયા પાકો અને નુકસાનીના અંદાજ લઈને ભાવમાં સતત વધારો થયો છે. કેન્દ્ર સરકારે આયાત ડ્યુટી વધાર્યા બાદ કપાસિયા અને પામતેલમાં ૨૨૫થી ૨૫૦નો તોતિંગ ભાવ વધારો થયો છે.

## વડોદરામાં નર્મદા નિગમે કેનાલો ઉપર ૧૩ કિલોમિટર લંબાઇમાં સોલાર પેનલથી ૨૯.૫૧ મિલિયન યુનિટ સ્વચ્છ વીજળી ઉત્પન્ન કરી

**। ગાંધીનગર, તા.૧૮ ।**



કેનાલો ઉપર સોલાર પેનલ બેસાડી સૌર ઊર્જા ઉત્પન્ન કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા આહ્વાનને સરદાર સરોવર નર્મદા નિગમે બખૂબી ઝીલી લીધું છે. વડોદરા જિલ્લામાંથી પસાર થતી નર્મદાની શાખા નહેરો ઉપર ૧૩ કિલોમિટર લાંબી સોલાર પેનેલો બેસાડી કરોડો રૂપિયાની વીજળી ઉત્પન્ન કરી છે. સમા, નિમેટા અને રવાલમાંથી પસાર થતી કેનાલ ઉપર લગાવાયેલી સોલાર પેનલ થકી અત્યાર સુધીમાં ૨૯.૫૧ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.

સરદાર સરોવર નિગમ દ્વારા વર્ષ ૨૦૧૫માં સમા કેનાલ ખાતે ૩.૬ લંબાઈમાં ૩૩૮૧૬ સોલાર પેનલ મૂકવામાં આવી છે. કેનાલથી ૨૨ મિટર ઉંચે ૧૬૦૦ ટનના મોડ્યુલિંગ સ્ટ્રક્ચર સાથે ૧૪ ઈન્વર્ટર તથા બે ટ્રાન્ફોર્મર પણ મૂકવામાં આવ્યા છે. ૧૦ મેગા વોટના આ પ્રોજેક્ટ દુમાડથી વડોદરા શહેરમાં પ્રવેશતા નાગરિકો માટે આકર્ષણ પણ ઉભું કરે છે. આ પરિયોજના થકી અત્યાર સુધીમાં એટલે કે એક દાયકામાં ૪.૨૩ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન થયું છે.

નિમેટા પાસે કેનાલ ઉપર સૌથી વધુ લંબાઈ ૪ કિલોમિટર લંબાઈનો સોલાર પ્લાન્ટ ઉભો કરવામાં આવ્યો છે. ૧૦ મેગા વોટના આ પ્લાન્ટમાં ૧૬૨૩ ટન લોખંડના સ્ટ્રક્ચર ઉપર ૩૩૦૮૦ સોલાર પેનલ બેસાડવામાં આવી છે. મજાની વાત તો એ છે કે, સરદાર સરોવર નિગમ દ્વારા કેનાલ પાસે પડતર રહેતી જમીનમાં પણ પણ પાંચ મેગા વોટની ક્ષમતા ધરાવતા સોલાર પ્લાન્ટ નાખવામાં આવ્યો છે. આ માટે ૧૫૮૭૪ સોલાર મૂકવામાં આવી છે. જે સ્થિતિસ્થાપક છે. એટલે કે, સૂર્યપ્રકાશ પ્રમાણે તેને ફેરવી શકાય છે.

### દવાના જથ્થા સાથે મેડિકલ સામગ્રી જપ્ત

# જૂનાગઢમાં ૧૨ ચોપડી ભણેલો ઝોલાછાપ ડોક્ટર ઝડપાયો

**। (એજન્સી) જૂનાગઢ, તા.૧૮ ।**

કોઈપણ વ્યક્તિ પોતાના આરોગ્ય પ્રત્યે ખૂબ જ જાગૃત રહે છે. સ્વસ્થ રહેવા માટે સમયાંતરે તબીબોની સલાહ અને સૂચન મેળવતા છે. લોકોની આ પ્રકારની આરોગ્ય પ્રત્યેની કાળજીને કેટલાક ઉઘાડપગા નકલી તબીબો પોતાનો ધંધો કરવાનો એક માધ્યમ બનાવી રહ્યા છે. પોલીસ અને વહીવટી તંત્ર આવા નકલી અને ઉઘાડપગા તબીબોને પકડી પાડીને તેમના કારસ્તાનો ખુલ્લા કરી રહી છે. જૂનાગઢ નજીક આવેલા પલાસવા ગામમાં જૂનાગઢના માશુમસા પીરની દરગાહ નજીક ઘાંચી વાળામાં રહેતા ઈન્દ્રીશ ઘાંચીને લોકોના આરોગ્ય સાથે ચેડા કરવાના આરોપ હેઠળ પકડી પાડવામાં આવ્યો છે. પલાસવા ગામમાં આવેલા મેલડી માતાના મંદિર નજીક ભાડાની દુકાન કરીને આરોપી પોતાની જાતને તબીબ તરીકે ઓળખ આપીને ગામડામાં રહેતા લોકોને તબીબી સેવા આપી તેમના આરોગ્ય સાથે ચેડા કરતો હતો. આ મામલે આરોપીને જૂનાગઢ પોલીસે પકડી પાડી કાર્યવાહી કરી છે. પોતાની જાતને તબીબ તરીકે ઓળખાવી ઈન્દ્રીશ ઘાંચી ભાડાના દવાખાનામાં એલોપેથી તબીબ તરીકે પ્રેક્ટિસ કરી રહ્યો હતો. તપાસ દરમિયાન એન્ટિબાયોટિક અને સ્ટેરોઈડ જેવી ખૂબ જ ગંભીર ગણી શકાય તે પ્રકારની દવાનો જથ્થો જૂનાગઢ પોલીસે ઝડપી પાડ્યો છે. સામાન્ય રીતે એન્ટિબાયોટિક, સ્ટીરોઈડ અને એલોપેથિક દવા ખૂબ જ અનુભવી તબીબો દ્વારા ચોક્કસ રોગના પ્રકારના રોગમાં કેટલી જરૂરિયાત છે તે મુજબ દર્દીની તમામ ચકાસણી કર્યા બાદ આપવામાં આવતી હોય છે.

## વસોમાં મસ્જિદ પાસે ગુલાલ ઉડાડવા, ભગવો ઝંડો ફરકાવવા બાબતે સર્જાઈ જૂથ અથડામણ

**। ખેડા, તા.૧૮ ।**

વસોમાં ગણેશ વિસર્જન દરમિયાન બે કોમના જૂથ સામસામે આવી જતાં તંગદીલી સર્જાઈ, પોલીસે સ્થિતિ નિયંત્રણમાં લીધી, નામ જોગ ૧૩ લોગો સામે FIR નોધી. ગુજરાત રાજ્યમાં તહેવારો દરમિયાન વારંવાર અસામાજિક તત્વો દ્વારા રાજ્યની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગણેશોત્સવ દરમિયાન જ છઠ્ઠીવાર આવી ઘટના સામે આવી છે. જ્યારે ખેડા જિલ્લાના કઠલાલ, મહુધા બાદ હવે વસોમાં પણ બે કોમના જૂથ ઘર્ષણનો બનાવ સામે આવ્યો છે.

મંગળવારે સાંજે ૪ વાગ્યાની આસપાસ ગણેશ વિસર્જન દરમિયાન બે જૂથ વચ્ચેના ઘર્ષણની ઘટના સામે આવી છે. વસોમાં ગણેશ વિસર્જનની યાત્રા સમયે ગામની મુખ્ય મસ્જીદ પાસે ગુલાલ ઉડાડવા અને મસ્જીદ પાસે ઝંડો ફરકાવવા બાબતે બે કોમના જુથ વચ્ચે ઘર્ષણ સર્જાતા તંગદીલીનો માહોલ બન્યો હતો.

બંને કોમના ટોળા એકત્ર થઈ જતાં સ્થળ ઉપર હાજર પોલીસ જવાનોએ સ્થિતિ સંભાળી લીધી હતી. આ ઘટનામાં કોઈને પણ ઈજા પહોંચી નથી આ ઘટનાને પગલે SP, DySP સહિત SOG, LCB, વસો પોલીસ, નડિયાદ પોલીસ અને માતર પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ ઘટનાને પગલે એસપી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્યારે હિન્દુ પક્ષ દ્વારા નામ જોગ ૧૨ સામે ગુન્હો દાખલ કરાવ્યો અને ટોળામાં સામેલ આશરે ૧૦ સામે નોંધાવી એફઆઈઆર જેમાં ૧૨ લોકોની પોલિસ દ્વારા ધડપકડ કરવામાં આવી છે.

આ મામલે એસપી રાજેશ ગઢીયાએ જણાવ્યું કે, વસોમાં પોલીસ બંદોબસ્ત સાથે ગણેશ વિસર્જન યાત્રા ચાલી રહી હતી. જે સાંજના સમયે જામા મસ્જિદે પહોંચતા કેટલાક લોકોએ ડીજે વગાડવા બાબતે તકરાર કરી હતી. જેને લઈ આમને સામને બોલાચાલી થઈ હતી. ઘટના સ્થળે પોલીસ હોવાથી બીજું કોઈ ઘર્ષણ થયું નથી. આ પહેલાં સુરત, વડોદરા, ભરૂચ, કચ્છ અને ખેડામાં પણ આ પ્રકારની ઘટના જોવા મળી હતી. જ્યાં અમુક અસામાજિક તત્વો દ્વારા કોમવાદના નામે ગુજરાતની શાંતિ ડહોળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨